

# જીવન જીવી જાણનારાં અપંગો

રૂપાંતરકાર • શ્રીમતી જયવંતીબહેન જે. ચૌહાણ

BBGJ2

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

# જીવન જીવી જાણનારાં અપંગો

લેખક :

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

રૂપાંતરકાર :
શ્રીમતી જયવંતીબહેન જે. ચૌહાન

મૂલ્ય : રૂ. ૨૦-૦૦

ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી
સાહિત્ય સેવાસદન, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : ૬૪૪૫૨૮૧

◆ પ્રકાશક :
ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી
સાહિત્ય સેવાસદન, એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.

◆ "જીવન જીવી જાણનારાં અપંગો"
પ્રથમ આવૃત્તિ :
એપ્રિલ, ૧૯૭૮
નકલ : ૨૦૦૦

◆ પુનઃમુદ્રણ :
ઓગસ્ટ - ૧૯૯૭
નકલ : ૧૧૦૦

◆ મુદ્રક :
જેન્સન કોમ્પ્યુટર્સ
એ-૪, બેથલેહેમ ફલેટ,
પટેલવાડી, મ્યુ. સ્નાનાગાર સામે,
ખોખરા, મણિનગર (પૂર્વ), અમદાવાદ-૮.
ફોન : ૨૧૬૨૪૪૧

# અનુક્રમણિકા


| | | પૃષ્ઠ |
|---|---|---|
| એન્ની જોન્સન ફ્લીંટ | ..... | ૧ |
| મેરી રીડ | ..... | ૯ |
| જ્યોર્જ માથેસન | ..... | ૧૯ |
| માર્થા સ્નેલ નીકલસન | ..... | ૨૭ |
| વિલિયમ વિલ્બરફોર્સ | ..... | ૩૭ |
| જોન મિલ્ટન | ..... | ૪૬ |
| મેરી જોન્સ | ..... | ૫૪ |
| પૉલ હચીન્સ | ..... | ૬૪ |
| ક્રિસ્ટમસ ઈવાન્સ | ..... | ૭૪ |
| રૂબેન રોબિનસન | ..... | ૮૩ |
| એન એડમ્સ | ..... | ૯૨ |
| લુઈસ વૉટ્સ | ..... | ૯૬ |

# પ્રસ્તાવના

'ખ્રિસ્તીબંધુ'માં અગાઉ પ્રસિદ્ધ થયેલાં આ અજાયબ જીવનો ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી દ્વારા પુસ્તકાકારે પ્રસિદ્ધ થતાં ખૂબ જ આનંદ અનુભવું છું.

જીવનમાં અનેક પ્રકારની અપંગતા હોવા છતાં નિરાશાની કલણમાં ખૂંચી નહિ જતાં, ઈશ્વરપિતાને અર્પિત એવાં આ જીવનોમાં–

- ચાળીસ ચાળીસ વર્ષો સુધી પક્ષઘાતની પીડામાં પટકાયેલી એન્ની જોન્સન ફ્લીટે પોતાનાં કાવ્ય-પુષ્પોમાં ઈશ્વરપિતાના પ્રેમની સુવાસ મહેકતી કરી.
- પતના ભયંકર રોગનો ભોગ થઈ પડેલી મેરી રીડે પતથી પીડિત ભારતવાસીઓની મુક્ત મને સેવા કરી પ્રભુ ઈસુની સેવાની સુગંધ પસરાવી દીધી.
- અંધાપાની અપંગતા પર ઈશ્વરની કૃપાએ વિજય મેળવી પ્રજ્ઞાચક્ષુ જ્યોર્જ માથેસને કાવ્યો અને અર્પિત ધર્મસેવા દ્વારા દેખતાંઓને આત્મિક પંથે દોર્યા.
- શરીર પર અનેક ઓપરેશનો ખમીને અનેક વર્ષો પથારીવશ રહીને કાવ્ય દ્વારા માર્થા સ્નેલ નિકલસને દુ:ખદર્દીઓને દિલાસાનો સંદેશ પહોંચાડ્યો.
- ૫૯-૫૯ વર્ષો સુધી ગુલામીની પ્રથા સામે ઝૂઝનાર ખૂંધવાળો રાજનીતિજ્ઞ વિલ્બરફોર્સ ગુલામીની પ્રથાની નાબૂદી કરાવ્યાનું પ્રમાણપત્ર મેળવી એ જ દિવસે આનંદના અતિરેકમાં મૃત્યુ પામ્યો.

તદુપરાંત, અંધ કવિ જોન મિલ્ટન, મેરી જોન્સ, પોલ હચીન્સ, ક્રિસ્ટમસ ઈવાન્સ, રૂબેન રોબિનસન, એન એડમ્સ, લુઈસ વૉટ્સ, વગેરેનાં જીવનો દ્વારા અંધકારભર્યા પથ પર ચાલનાર પથિકો માટે પ્રકાશ પાથરવા, નિરાશ થઈ ગયેલાં જીવનોમાં નવીન આશા પ્રગટાવવા, અને અનેક જીવનોને પ્રોત્સાહિત કરી નવીન દર્શન પમાડવાની અભ્યર્થના સાથે સમાજની સેવામાં સમર્પું છું.

— જયવંતીબહેન જે. ચૌહાન

# પ્રસ્તાવના

"જીવન જીવી જાણનારાં" આ પુસ્તકના પ્રકાશન માટે શ્રી હઝકીએલ મંગળભાઈ ક્રિશ્ચિયન તથા તેમનાં પત્ની શ્રીમતી રીબેકાબહેન તરફથી રૂ. ૬૦૦૦/-નું ઉદાર દાન મળ્યું છે તેથી આ સમયે શ્રી હઝકીએલભાઈ તથા તેમનાં પત્નીનો હું હૃદયપૂર્વક આભાર માનું છું અને તેમનાં મરહૂમ પિતા શ્રી મંગળભાઈ ભદ્રાભાઈની સ્નેહસ્મૃતિમાં આ પુસ્તક છપાવવામાં આવ્યું છે.

ઈશ્વરપિતાએ આપણને આપણાં જીવનમાં શરીરમાં પૂરાં અંગો આપ્યાં છે અને આ માટે ઈશ્વરપિતાનો આભાર માનીએ છીએ.

પણ જેઓ શરીરમાં અપંગ હતા છતાં પણ તે નિર્બળતામાં તેમણે પ્રભુનો મહિમા કર્યો અને જીવનમાં હિંમત હાર્યા વગર જીવન જીવી ગયાં તેમની પ્રેરણાથી આ પુસ્તક જેઓ અપંગ છે તેમને નવી હિંમત તથા પ્રેરણા પૂરી પાડશે.

એજ આશા તથા પ્રાર્થના સાથે.

ઈમાનુએલ સી. ક્રિસ્ટી
સેક્રેટરી
ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી

તા. ૨૮-૮-૯૭

# એન્ની જોન્સન ફ્લીંટ

**[ પથારીવશ કવયિત્રી ]**



**શ**રીરની અપાર એવી સતત યાતનાઓમાંથી આશા તથા દિલાસાની સૂરાવલી વહાવનાર એન્ની જોન્સન ફ્લીંટનો જન્મ નાતાલની આગલી રાત્રે ઈ. સ. ૧૮૬૬માં, વાઈનલેન્ડ, ન્યૂજર્સી (અમેરિકા)માં થયો હતો. પિતાનું નામ એલ્ડન જોન્સન. અંગ્રેજ પિતા અને સ્કોટિશ માતાનું એન્ની પ્રથમ ફરજન.

તેના જન્મ પછી ત્રણ જ વર્ષમાં આ કુટુંબ પર શોકનાં વાદળ

ઘેરાયાં. એન્નીની બીજી બહેનના જન્મ પછી તેમની ૨૩ વર્ષની માતા મરણને શરણ થઈ.

ચાકર રાખી શકે નહિ તેવા ગરીબ પિતાને એન્ની તથા નાની બાળકીની દેખભાળ રાખવાની શી વ્યવસ્થા કરવી, તેની ભારે મૂંઝવણ થઈ. આખરે નાછૂટકે કુટુંબ વિખેરી નાખવાની ઘડી આવી. આંતર-યુદ્ધમાં ખપી ગયેલા પોતાના એક સહયોદ્ધાની વિધવાને ત્યાં એલ્ડને રડતા હૃદયે બંને દીકરીઓને સોંપી. આ વિધવાને તંગાશમાંથી પોતાનાં બે છોકરાંનું પોષણ કરવાના જ્યાં સાંસા હતા, ત્યાં એલ્ડન ખાધાખર્ચી તરીકે જે મામૂલી રકમ આપે તેમાં આ બે બાળકીઓનું પોષણ ક્યાંથી થાય ! આમ આ ઘરમાં એ બે બાળકીઓ બિનજરૂરી અને આવકારહીન હતી.

એક શિક્ષિકા આ બે બાળકીઓની વહારે ધાઈ. માતૃવિહોણી આ બે નાજુક બાળકીઓ પ્રત્યે એ શિક્ષિકાને ભારે મમતા હતી, અને તક મળે ત્યારે તે આ બે બાળકીઓ સંબંધી ફ્લીંટ કુટુંબને કહ્યા કરતી. આમ ફ્લીંટ કુટુંબ પણ આ બાળકીઓમાં રસ ધરાવતું બન્યું. પોતાનાં કોઈ બાળક ન હોવાથી તેમણે આ બે બાળકીઓને દત્તક લીધી.

અસાધ્ય રોગથી પીડાતો પિતા તેમનું પોષણ કરવા અશકિતમાન હોઈને તેણે 'હા' પાડી. હવે આનંદભર્યા ખ્રિસ્તી કુટુંબમાં પાંચ વર્ષની એન્ની અને બે વર્ષની તેની નાની બહેન પ્રવેશ્યાં. તેમને નવું નામ, નવું ઘર, નવાં માતાપિતા, અને તેમનામાં રસ લેતી શિક્ષિકારૂપે નવા 'સુસી માસી' મળ્યાં.

શહેર બહાર આવેલા, ફ્લીંટ કુટુંબના સરસ ઘરમાં અને આસપાસ વગડામાં આ બંને બહેનો ખેલતીકૂદતી ત્રણ વર્ષ રહી. પ્રથમથી જ એન્નીને કુદરત પ્રત્યે ભારે પ્રેમ હતો, અને મોટપણનાં

તેનાં કાવ્યોમાં એથી જ સૃષ્ટિનો મહિમા પ્રતિબિંબિત થતો જોવા મળે છે.

એની આઠ વર્ષની થતાં ફ્લીંટ કુટુંબે વાઈનલૅન્ડમાં જઈ વસવાટ કર્યો. તે જ અરસામાં ત્યાં ધર્મજાગૃતિની સભાઓ ચાલતી હતી. એ દરમિયાન એક સભામાં એનીના જીવનનું બદલાણ થયું. અહીં એની શાળામાં જતી થઈ, અને હવે પછીનાં છ વર્ષ દરમિયાન તેને કાવ્ય રચવાના પોતાના કુદરતી દાનનું ભાન થયું. પાછળથી કુટુંબ ન્યૂજર્સીના કેન્ડેનમાં જઈ રહ્યું, ત્યારે એનીએ શાળામાં જવું ચાલુ રાખ્યું, અને સાદાં કાવ્યો પણ રચવા માંડયાં. મહાન લેખકો અને કવિઓની કૃતિઓથી ભરપૂર એવા મિ. ફ્લીંટના પુસ્તકાલયનો કુદરતી દાનવાળી આ એનીને લાભ મળ્યો. પોતાની શૈલી સુધારવા, અને પોતાના સજાગ મનને ભરી દેતા વિચારોને કાવ્યોમાં કંડારી લેવા આ પુસ્તકાલયમાં તે કલાકો ગાળતી.

એનીનું આ સમયનું કલમચિત્ર એક મિત્રે આમ રજૂ કર્યું છે : "શ્યામલ કીકીઓ, કાળી કાળી લટો, ઊઘડતો વાન એવી આ નમણી કન્યા હતી. તે માયાળુ, ઉલ્લાસિત અને શાળામાં છોકરા તેમ જ છોકરીઓમાં માનીતી હતી." એનીનો બાળવિકાસ કુદરતી હતો. પણ ઈશ્વરે તેને માટે જે મહાન સેવા નીમેલી હતી, તે માટે તે તેના આત્માને પાછળથી દુઃખો દ્વારા તૈયાર કરવા ઈચ્છતો હતો.

માધ્યમિક શાળાનું શિક્ષણ પૂરું કરીને શિક્ષણકાર્યમાં જોડાવા માટે નોર્મલ ટ્રેનિંગ કૉલેજમાં તે એક વર્ષ માટે દાખલ થઈ, પણ ઈશ્વરે તેને માટે એ સેવા નહોતી યોજી. અને એ તાલીમ લઈને નીકળી કે તરત તેને પક્ષઘાતનો ફટકો પડયો. આવી તબિયતને કારણે કુટુંબની નજદીક તે રહેવા ઈચ્છતી હતી. આથી પોતે જે

શાળામાં ભણી તેના પ્રાથમિક વિભાગમાં ત્રણ વર્ષની બાંધણીથી શિક્ષિકાની નોકરી તેણે લીધી.

નોકરીના બીજા વર્ષ દરમિયાન જ તેના શરીરમાં કોઈ એવા રોગનાં ચિહ્નો દેખાવાં શરૂ થયાં જે તેને જીવનભર અસહાય બનાવી દેનાર હતાં. યાતનાઓની પરંપરાને પરાજિત બનાવી આ બહાદુર બાળાએ શિક્ષિકા તરીકેની ત્રીજા વર્ષની બાંધણી પણ પૂરી કરી. પરંતુ એન્ની સમજી ગઈ કે જો પોતે રોગમુક્ત ન બને, તો તે હવે પછી શિક્ષિકા તરીકે કામગીરી કરી શકશે નહિ.

તેના જીવનમાં બીજો એક ભારે ફટકો પડયો. થોડા મહિનાને આંતરે પાલક ફ્લીંટ માતાપિતા બંને ગુજરી ગયાં, અને આ બંને બહેનો ફરીથી અનાથ અને એકલી બની ગઈ. પાસે નાણું તો તદ્દન નજીવું હતું. ચોખ્ખી જરૂરિયાતોને માંડ પહોંચી શકે તેમ હતું. અને તેયે થોડી મુદતમાં જ ખતમ થયું. ફરી એકવાર પેલાં શિક્ષિકા, સુસી માસી, આ બંનેની વહારે ધાયાં. તેમની સૂચના પ્રમાણે ફ્લીંટ માતાપિતા તરફથી મળેલું ઘર તેમણે ભાડે આપ્યું; અને આ ચોક્કસ આવકની સહાયથી એન્ની ક્લીફટન સ્પ્રિંગ સેનેટોરિયમમાં જઈ શકી, અને દિનપ્રતિદિન અસહ્ય બનતી જતી વેદનામાંથી કાંઈક રાહત મેળવી શકી.

સંધિવા (arthritis) દરદના નિષ્ણાત દાકતરે એન્નીને તપાસી તો ખરી, પણ જણાવ્યું કે તે કાયમ માટે પથારીવશ રહેશે. તેની પાસે પૈસો તો હતો નહિ; તેની નાની બહેન પણ નાજુક હતી, અને પોતાનો જ નિભાવ માંડ કરી શકતી; તેથી મોટી બહેનને તે મદદરૂપ થાય એ અસંભવિત હતું. હવે રોગે પણ પોતાની નાગચૂડ વધારી, અને એન્નીના સુંદર હાથો અને આખું શરીર પક્ષઘાતી બની ગયું. પણ એન્ની અણનમ હતી. તે માનતી હતી કે ઈશ્વર અચોક્કસ ભાવિ માર્ગને સરળ બનાવશે.

બેવડા વળી ગયેલા તેના હાથમાં પેન પકડીને નવેસરથી લખતાં શીખવાનો પ્રયાસ તેણે શરૂ કર્યો. ધીમે ધીમે મક્કમપણે તેણે તે કળા પ્રાપ્ત કરી લીધી..

આ દિવસો દરમિયાન ઈશ્વરે તેને આશા અને હિંમતનો ખાસ સંદેશો આપ્યો. એ સંદેશો તો 'લાલ સમુદ્ર' - નામનું એક કાવ્ય છે. એ કાવ્ય હજારો જીવનોને જીવનની દુઃખી પળોમાં દિલાસારૂપ બન્યું હતું. આ રહ્યો તેનો તરજુમો :

*"શું તમે તમારા જીવનમાં કદી રાતા સમુદ્ર*
*પાસે આવ્યા છો ? -*
*કે જ્યાં તમે જે કાંઈ કરી શકો તે સર્વ કર્યા છતાં,*
*આગળ જવાનો કે પાછા ફરવાનો કોઈ માર્ગ જ ન હોય;*
*બીજો કોઈ જ માર્ગ ન હોય, સિવાય કે પાર જ જવાનું !*
*ત્યારે થોભી જાઓ, અને ઈશ્વર પર અચલ*
*અને શાંત શ્રદ્ધા રાખો,*
*ત્યાં સુધી કે ચિંતાની રાત્રિ પૂરી થઈ જાય.*
*તે જ પવન મોકલશે, તે જ પૂરના પાણીનો ઢગલો બનાવશે,*
*અને તે જ તમારા આત્માને કહેશે, 'આગળ જા.'*

એન્ની તેના કટોકટીભર્યા સમયોમાં જે અડગ શ્રદ્ધા અને વિશ્વાસ ધરાવતી હતી, તે ઉપરોક્ત કાવ્યમાં પ્રતિબિંબિત થયેલું જોવા મળે છે. હવેથી તેનાં કાવ્યો તેની આવક તથા પોષણનું મૂળ બનવાનાં હતાં. બે પ્રકાશકોએ તેની કાવ્ય-કંડિકાઓની માગણી કરી હતી. તેની સાદી સરળ કાવ્ય-કંડિકાઓ અનેકના હકમાં આશીર્વાદ સમાન બની હતી. તેમ છતાં માત્ર થોડાં જ વાંચનારા જાણતાં હતાં કે આ ગીતોની હિંમતવાન લેખિકા કાયમના દર્દમાં સપડાયેલી હતી. હવે તો તેનાં કાવ્યની માગણી કરતા સંખ્યાબંધ કાગળો તેના પર આવવા લાગ્યા.

એન્ની હવે તેના આત્મિક અનુભવો કાવ્યમાં ઉતારવા લાગી અને ધાર્મિક સામયિકોમાં તે પ્રસિદ્ધ કરવા લાગી. 'ધી સન્ડે સ્કૂલ ટાઈમ્સ,' 'ધી ક્રિશ્ચિયન એન્ડેવર વર્લ્ડ,' અને 'ધી ઇવેન્જલિકલ ક્રિશ્ચિયન' એ સામયિકોએ તેનાં કાવ્યો પ્રસિદ્ધ કરવામાં પહેલ કરી હતી.

એન્ની જોન્સન ફ્લીંટના કાવ્યોની પછી તો હારમાળા શરૂ થઈ, અને તેનાં પુર્નમુદ્રણ માટે ઘણી વિનંતીઓ આવી. તેથી તેની કૃતિઓની પ્રથમ આવૃત્તિ 'બાય ધી વે ટ્રાવેલોગ્સ ઓવ્ ચીઅર' એ નામે પ્રસિદ્ધ થઈ. આગામી વર્ષોમાં તે પછી ઘણી આવૃત્તિઓનું પ્રકાશન કરવામાં આવ્યું હતું.

ઈ.સ. ૧૯૨૬માં 'ધી સન્ડે સ્કૂલ ટાઈમ્સ'માં તેનું ટૂંકું જીવનચરિત્ર છપાવવામાં આવ્યું, ત્યારે તેનાં કાવ્યોના ચાહકોમાંના મોટા ભાગનાંઓએ જાણ્યું કે, એન્ની નિઃસહાય રીતે અપંગ હતી. ઉત્તેજન પમાડતા ૩,૦૦૦ કરતાંયે વધારે પત્રો તેને મળ્યાં. આ પત્રો દ્વારા એન્નીએ વર્ષો સુધી ટકી રહે તેવી મૈત્રી પ્રાપ્ત કરી.

આ કવયિત્રી પ્રતિવર્ષ એક અથવા બે માસ કરતાં વધારે સમય સેનેટોરિયમમાં રહી શકે તેમ ન હતું. ઘણું કરીને તે નાતાલે ત્યાં જતી. મહેમાનો આ પ્રસંગે તેને માટે ક્રિસ્ટમસ કાર્ડસ ખરીદી લાવતા અને આ રીતે તે અન્યની મુલાકાત લઈ શકતી.

બાકીનો સમય તે ઘેર ગાળતી. ત્યાં તેને પૂરતી સારવાર તો મળી શકતી નહિ. આવા પ્રસંગોએ પરિચારિકાનો પ્રબંધ કરવાનું કાર્ય તેને માટે અનિવાર્ય બની રહેતું, અને દાકતરી સારવારનો ખર્ચ વધ્યે જ જતો હતો.

બહુ સ્વમાની અને સદાય સ્વાશ્રયી એવી એન્ની મિત્રો તરફની મદદ સ્વીકારતી નહિ. એક પ્રસંગે એવું બન્યું કે, એક શાણા ખ્રિસ્તી

મિત્રે તેને એક ભેટ આપી. એન્નીએ ખુલાસો કર્યો કે, તે ભેટનાં નાણાં બીજા કોઈ જરૂરી કામે વપરાયાં હોત, તો તે ઈચ્છવા યોગ્ય હતું.

મિત્રે તેનું આવું વલણ જોઈને કહ્યું કે, તમે જાણો છો કે પ્રભુ ઈસુએ કહ્યું છે કે, ''લેવા કરતાં આપવામાં વધારે ધન્યતા છે.'' પણ જ્યાં સુધી લેનારાં ના હોય, ત્યાં સુધી આપ્યાનો આશીર્વાદ ક્યાંથી મળે !'' એન્ની આ પાઠ કદી ભૂલી નહિ.

ઘણા મિત્રોની મદદ મળ્યા છતાં એન્નીની તંગાશ ખૂબખૂબ વધી જતી. છતાં ઈશ્વર પરનો તેનો વિશ્વાસ અડગ હતો. ઘણાંને ખૂબ આશિષરૂપ નીવડેલું એવું એન્નીના અતિ મધુરાં ગીતોમાંનું એક, અન્ય કોઈની જરૂરિયાતને પ્રસંગે રચાયું હતું. તે આ મુજબ છે :

*'ઈશ્વરે એવું તો વચન આપ્યું નથી*
*કે આકાશ હંમેશાં આસમાની જ રહેશે,*
*આપણા જીવનમાર્ગો નિરંતર*
*ફૂલોથી આચ્છાદિત રહેશે.*

*ઈશ્વરે આવું વચનેય નથી આપ્યું :*
*વરસાદ ને વાદળાં રહિત સૂર્ય,*
*દુઃખની છાંટ વિનાનો આનંદ,*
*અને વેદના વિનાની શાંતિ.*

*પણ ઈશ્વરે તો આવું વચન આપ્યું છે :*
*કે પ્રત્યેક દિનને માટે પૂરતું પરિબળ,*
*પરિશ્રમ બાદ વિશ્રાંતિ,*
*માર્ગને માટે પ્રકાશ,*
*વિકટ સંજોગો માટે કૃપા,*
*આકાશી સહાય,*

*અખૂટ સહાનુભૂતિ,*
*અને અમર પ્રેમ.''*

'ધી ઇવેન્જલિકલ ક્રિશ્ચિયન' નામના માસિકમાં એન્નીની જીવનકથા તથા તેના શરીરમાં અસાધ્ય રોગના વધતા જતા ફેલાવા વિષે છપાવવામાં આવ્યું. તે પ્રસંગે તેના નિર્વાહ માટે એક હજાર ડૉલર કરતાં પણ વધારે નાણાં તેને આપવામાં આવ્યા.

એન્નીની પ્રથમ પ્રાર્થના એ હતી કે, ઈશ્વર તેનું દુઃખદર્દ દૂર કરે. પણ તે ધીરે ધીરે સમજતી થઈ કે, ઈશ્વરે પોતાના મહિમાર્થે જ આ દુઃખ તેને આપ્યું હતું. ચાળીસ-ચાળીસ વર્ષોની લાંબી તથા વિકટ માંદગીમાં 'તારે વાસ્તે મારી કૃપા બસ છે, કેમ કે મારું પરાક્રમ નિર્બળતામાં સંપૂર્ણ કરાય છે' એ વચન તેનો હંમેશનો સહારો રહ્યું હતું !

ઈ. સ. ૧૯૩૨ના સપ્ટેમ્બરની ૮મી તારીખે એન્ની જોન્સન ફ્લીંટ તેના પ્રભુ પાસે સદા રહેવા માટે ચાલી ગઈ. સ્વર્ગીય તેડાં માટે તે આતુરતાથી તૈયાર હતી. તેનાં કાવ્યોએ અગણિત ખ્રિસ્તીઓને ખ્રિસ્તમાં તેમના હક્કોનું ભાન કરાવ્યું છે. પોતે તો અપાર વેદનાઓ વેઠીને હજારો આત્માઓને દિલાસો પમાડયો છે, ને પ્રેરણા પાઈ છે. આજે પણ તે વિનમ્ર ખ્રિસ્તી કવયિત્રીની કવિતા સ્મરણીય બની રહી છે.

†

# મેરી રીડ

## [ પતવાળી મિશનરી બાનુ ]



**મેરી** રીડની વાત ભયરહિતની ગજબ હિંમત તેમ જ ઐશ્વરી ડહાપણમાં પ્રેરણા પમાડનાર વિશ્વાસભરી છે. યુવાન વયે શાપરૂપ પત હોવું અને છતાંયે એવા દુઃખમાં પણ ઈશ્વરનો આભાર માનવાની મોટી તકો પ્રાપ્ત થવી એ ખરેખર આત્મિક વિજય જ કહી શકાય.

મેરી રીડનો જન્મ ઈ. સ. ૧૮૫૪ના ડિસેમ્બરની ૪થી તારીખે

લોવેલ, ઓહાઈઓ (અમેરિકા)માં થયો હતો. આઠ ભાઈબહેનોમાં તે સૌથી મોટી હતી. મેરીના પિતા ગાયનકળા માટે જાણીતા હતા.

મેરી વારંવાર તેના ''ચોવીસ ફૂટના ભાઈઓ'' વિષે વાત કરતી હતી. તેના ચારે ભાઈઓ છ ફૂટ કરતાં પણ ઊંચા હતા. તેમની ભેગી ઊંચાઈ ચોવીસ ફૂટ થાય !

ખ્રિસ્તી સંગતનો આનંદ અનુભવવાથી તેમ જ ઈશ્વરનો ડર રાખનાર માતાપિતાને કારણે સોળ વર્ષની વયે મેરીએ પોતાના હૃદયની સોંપણી પ્રભુ ઈસુને કરી, તેમ જ તેની સેવા કરવા માટે દ્રઢ નિશ્ચય કર્યો.

ઓહાઈઓમાં દર્શ વર્ષ સફળ શિક્ષક તરીકેની કારકિર્દી ભોગવ્યા પછી તેને તેની સિદ્ધિઓ માટે અસંતોષ થયો. પ્રભુ ઈસુની આજ્ઞા ''તમે જાઓ....''ને અનુસરવા માટે તે તૈયાર હતી, અને તે કાંઈપણ પાછું રાખવા માગતી ન હતી. પોતાના પ્યારા પ્રભુની સર્વોત્તમ સેવા તે કેવી રીતે અને ક્યાં કરી શકે એ જ તેની ઝંખના હતી.

જાણે કે તેની પ્રાર્થનાના પ્રત્યુત્તરરૂપે હોય તેમ તેણે ભારતના સ્ત્રીવર્ગની કેળવણી માટેની જરૂરિયાત વિષે સાંભળ્યું. તરત જ તેણે એ સેવા માટે મનોમન નક્કી કર્યું. ખરેખર, આ એક આહ્‌વાન હતું. હર્ષભેર આ આહ્‌વાનને અપનાવી લેતા સમયે તેને વિચારેય ક્યાંથી આવ્યો હોય કે બદલામાં તેને તેના જીવનનો ભોગ ધરવો પડશે !

તેણે મેથોડિસ્ટ ફોરેઈન મિશનરી સોસાયટી (પરદેશોમાં મિશનરીઓ મોકલી આપતું મંડળ)ને અરજી કરી, અને પોતાને ભારતમાં શિક્ષિકા તરીકે મોકલવા માટે વિનંતી કરી. તેની અરજીનો સ્વીકાર તરત જ કરવામાં આવ્યો અને તે જ વર્ષની આખરમાં તો

ભારતના ઐતિહાસિક શહેર કાનપુરમાં મિશનરી તરીકે તે કામ કરવા લાગી.

અહીં કસોટીઓની પરંપરા ચાલુ જ હતી. ભાષાકીય મુશ્કેલીનો સામનો કરવાનો હતો, લોકોના વિવિધ રીતરિવાજો સમજવા તથા શીખવાના હતા; વળી ભારતની આબોહવાને અનુકૂળ બનવાનું હતું. બધું જ તેના વતન ઓહાઈઓ કરતાં જુદું હતું. ઈશ્વર મેરી રીડને ધૈર્યનો પાઠ શીખવવા ઇચ્છતા હતા.

સેવાકાર્યના પ્રથમ વર્ષને અંતે આજારી અને અશક્ત બનેલી મેરીને તંદુરસ્તીને ખાતર હિમાલયના ઉત્તુંગ શિખરો પર જવાની ફરજ પડી. અહીં ઊંચા હિમાલયની હારમાળામાં આવેલા એક નાના ગામડામાં વસતા પછાતમાં પછાત વર્ગના વતનીઓના સંપર્કમાં તે આવી. આ ગામડાની દરેક વ્યક્તિ પતરોગનાં પંજામાં સપડાયેલી હતી. લાગણીવશ મેરી આ ભયંકર રોગગ્રસ્ત માનવીઓને જોઈને દ્રવી ઊઠતી. કમકમાટી ઉપજાવે તેવા આ રોગીઓને જોઈને તેનું હૃદય આર્દ્ર બની ગયું.

તે પણ એક દિવસે આ જ રોગનો ભોગ થઈ પડશે, અને ઈશ્વર તેને હિમાલયના ઊંચાણમાં આવેલા આ જ ગામડાના આ કમભાગી રોગીઓને પ્રેમનો સંદેશ આપવા અહીં દોરી લાવશે તેનો ખ્યાલ સુદ્ધાંયે તેને ક્યાંથી હોય !

મેરી તો ધારતી હતી કે તે તંદુરસ્ત થઈ ગઈ છે. અને તેથી તો તે કાનપુર પાછી ફરી અને બીજાં પાંચ વર્ષ સુધી તેના સ્વામીને માટે તેણે ફળદાયી મહેનત કરી. પણ તેની તંદુરસ્તી એટલી બધી લથડી ગઈ કે, તેને વતન પાછા ફરવાની ફરજ પડી. તે અમેરિકા પાછી ફરી. તેની હાલત કેટલી ખરાબ હતી તેનું પૂરું ભાન ડૉક્ટરોને પણ હજી થયું ન હતું.

સીનસીનાટી (અમેરિકા)ની એક હૉસ્પિટલના ડૉક્ટરો પણ ગૂંચવણમાં પડી ગયા. એક પણ ઉપાય કામિયાબ નીવડતો ન હતો. પોતાના રોગ સંબંધી સૌથી પહેલું ભાન મેરીને થયું. મેરીના કાન પાસે ગાલ પર એક વિચિત્ર ડાઘ અને તેના જમણા હાથની આંગળીના ટેરવામાં થતી ઝણઝણાટીની લાગણી - એ જ માત્ર તેના રોગની નિશાનીઓ હતી.

'શું મને પત લાગુ પડયું હશે ?' એ વિચારે તેને સ્તબ્ધ બનાવી દીધી. ભારતના પેલા ચાંદેગ ગામના હતભાગીઓના ભયગ્રસ્ત ચહેરાઓને તે વીસરી શકી ન હતી. તેણે બનતી ઉતાવળે પત સંબંધીના વૈદકીય પુસ્તકો મેળવ્યાં અને તપાસી નાખ્યાં. પોતાને પત થયું છે તેની ખાતરી થતા તે ધ્રૂજી ઊઠી. તેણે કરેલા નિદાનને ન્યૂયોર્ક શહેરના એક નિષ્ણાત ડૉક્ટરે પણ અનુમતિ આપી.

આ પ્રસંગ વિષે મેરી લખે છે, "જો ડૉક્ટરે મને એમ કહ્યું હોત કે, મારે તે રાતે મરી જવાનું છે, તો મેં કહ્યું હોત કે, 'પ્રભુ તમારી ઇચ્છા પૂર્ણ થાઓ.' પણ મને પત થયું છે, એ સ્વીકારવા હું કેમેય તૈયાર ન હતી. હું નીકળીને બહાર શેરીમાં લોકોનાં ટોળાંઓ વચ્ચેથી માર્ગ કાપવા લાગી. હું ક્યાં જતી હતી અને શું કરતી હતી તેનું મને જરાયે ભાન ન હતું."

પણ આખરે ઈશ્વરના ડહાપણમાં ખૂંપાયેલો વિશ્વાસ વિજયી નીવડયો. મેરીએ ઈશ્વરને પ્રશ્ન પૂછયો નહિ કે, "તમારી આજ્ઞાને આધીન થયાનો તમે મને છેવટે આ બદલો આપ્યો ?" પણ ઈશ્વરે તેને કોઈ ખાસ સેવા કરવા માટે જુદી કરી છે, એવું તેણે ખાતરીપૂર્વક માની લીધું. ફરી એક વાર ચાંદેગના રક્તપિત્તિયા આશ્રમ પ્રત્યે તેનું મન ઢળ્યું.

ભારત દેશ તેને બોલાવતો હતો. હવે તો તે જાતે જ પતથી

પીડિત હતી. તેથી શારીરિક અને આત્મિક દોરવણીની જરૂરિયાતવાળાં મધ્યે, તે અસરકારક સેવાઓ આપી શકે તેમ હતું.

તે તેને ઘેર પાછી ફરી, અને પોતાનાં કુટંબીઓ પાસે વિનંતી કરી. તેણે તેની માને કહ્યું, ''મા, આવતા ગુરુવારે હું ભારત જવા ઇચ્છું છું. જાણે હું આજે સાંજે જ પાછી ફરવાની હોઉં એમ સમજીને, વિદાયનું ચુંબન કર્યા વિના જ તમે મને જવા દેશો ?'' માગણી જરા વિચિત્ર હતી, છતાં કુટુંબના સભ્યોએ તે મંજૂર રાખી. તેની માતાએ તેની એક સખીને કહ્યું, ''ગાડી સ્ટેશનની બહાર નીકળતી વેળાએ અમારી આંખો આંસુથી ઊભરાતી હતી, જ્યારે મેરી તો સ્મિતભર્યા વદને વિદાય લઈ રહી હતી. તેણે શા માટે વિદાયનું ચુંબન કર્યું નહિ, તેનું રહસ્ય અમને તે સમયે સમજાયું ન હતું.

મેરીએ તેને થયેલા પત વિષે તેની એક બહેનને કહ્યું હતું. પણ તે સંબંધી કોઈનેય કહેવાની તેણે તેને મના કરી હતી. તેના પ્રેમાળ કુટુંબે તેને થયેલા પત વિષે જાણ્યું હોત, તો તેઓ તેને અમેરિકામાં જ રાખત. પણ તેણે ઈશ્વરી તેડાનો અવાજ સાંભળ્યો હતો. રક્તપિત્તિયાં મધ્યે ચાંદેગમાં જ તેનું સ્થાન હતું. હિમાલયનાં ઉત્તુંગ શિખરો પર તેણે કામ કરવાનું હતું.

મેરીને પત થયું છે એવા ન્યૂયોર્કના ડૉક્ટરે આપેલા નિર્ણયને લંડનના બે નિષ્ણાતાએ પણ અનુમોદન આપ્યું. આ બે નિષ્ણાતોમાંના એકે તો મેરીને ભવિષ્યમાં જે વેઠવાનું હતું તે વિચારતાં, પોતાની આંખ પર બંને હાથ મૂકીને શરમ મૂકી રોવા માંડયું. પણ મેરી હિંમતવાન હતી. તેણે તો નિર્ણય કરી લીધો હતો.

તેને થયેલા રોગ વિષે અજાણ એવા એક સાથી મુસાફર સાથે

કેન્ટરબરીમાં તે ફરતી હતી. ત્યાં સંત માર્ટિનના એક પુરાણા મંદિરની આસપાસ ફરતાં તેમના ભોમિયાએ દીવાલમાંની એક ખુલ્લી જગા તરફ આંગળી ચીંધતા કહ્યું, ''આ રક્તપિત્તિયાંએ જોવાનું બારું છે.''

મેરીની તે સાથીદારે આ પ્રસંગ વિષે કહ્યું છે કે, ''ત્યાર પછી જે વિગત મેં જાણી તે જો જરા વહેલી જાણી હોત, તો મારી પાસે ઊભેલી તે બાનુ માટે મારું હ્રદય જરૂર રડી ઊઠ્યું હોત. જરાપણ મોં મચકોડયા વિના આંખોમાં કોઈ દૈવી પ્રકાશ સાથે શાંત મુખમુદ્રાથી મેરી મારી પાસે ઊભી હતી.''

મુંબઈ પહોંચી ત્યાં સુધી મેરીએ તેને થયેલા રોગ વિષે તેના કુટુંબને જાણ કરી ન હતી. તેણે લખેલો પત્ર હિંમત અને ઈશ્વર પરના વિશ્વાસથી ભરપૂર હતો. કાગળમાં તેણે લખ્યું હતું, ''પ્રાર્થનાપૂર્ણ નિર્ણય લીધા પછી મને એ ડહાપણભર્યું લાગે છે કે, હું આ બાબત તમને જણાવું. અથવા તો મારી બહેનપણી રીનાને મેં ખાનગીમાં એ બધું જણાવેલું અને કોઈને ન જણાવવા ફરમાવેલું તે આ માહિતી તમારી આગળ ખુલ્લી કરે. તારણ માટે ભૂખ્યાં તરસ્યાં આ માનવીઓને દિલાસો અને આનંદ પૂરો પાડવા ઈશ્વરે મને તેડું આપ્યું છે. જેમણે મને તેડું આપ્યું છે, ને આ સેવા માટે તૈયાર કરી છે, તેમણે જ મને વચન આપ્યું છે કે, તે પોતે જ મારા માટે એક નાનું મંદિરિયું બની જશે, અને ત્યાં હું નિત્ય રહીશ, અને તેમનામાં રહેતાં મારી સર્વ જરૂરિયાતો પૂરી પાડવામાં આવશે.

''અહીં આવ્યા પછી મને પારાવાર દર્દ થયું, પણ ઈશ્વરની દયા મારા માટે પૂરતી છે એ મેં અનુભવ્યું. મારી નીચે અનંત ભૂજો મને ઊંચકી લેવા અને ધરી રાખવા માટે છે. પ્રભુ ઈસુના પ્રેમમાં મને અખૂટ દિલાસો મળ્યો છે.

"દરેક પંથ કંટકથી છવાયેલો છે,
અને ધીરજભરી સંભાળ માગી લે છે.
દરેક બોજમાં વધસ્તંભ છે,
અને આગ્રહભરી પ્રાર્થનાની કેટલી બધી જરૂર છે !
પરંતુ જે હૃદય પ્રભુ પર અઢેલે છે,
તે સર્વત્ર સુખી જ છે.

"પ્રભુનો પ્રેમ અને સામર્થ્ય કામ કરી રહ્યાં છે એની મને ખાતરી છે. તેમના એ પ્રેમને પ્રગટ કરવાને શબ્દો માત્ર ઠાલા જ રહે છે. તેમણે મને સામર્થ્ય આપ્યું, અને તેથી જ - માત્ર નિસાસાથી નહિ, પણ ગાયન દ્વારા હું કહી શકું કે, 'તમારી ઈચ્છા પૂર્ણ થાઓ.''

ભયંકર રોગના અવર્ણનીય દર્દથી પીડાતી મેરી માટે ચાંદેગની આ મુસાફરી ઘણી લાંબી અને યાતનાભરી હતી. મેરી આખરે મેથોડિસ્ટ મિશનના પિથોડાગઢ મુકામે આવી પહોંચી. ત્યાંથી તેને પર્વત પર આવેલા ચાંદેગમાં જવાનું હતું. આ ચાંદેગમાં રક્તપિત્તિયાંના આશ્રમના સુપરિન્ટેન્ડેન્ટ તરીકે હવે પછી તેણે બાવન વર્ષ ગાળવાનાં હતા. તેનું ઘર "પ્રકાશિત શિખાની મઢૂલી"ને નામે ઓળખાતું હતું.

ચાંદેગનાં હતાશ બનેલા સહવાસીઓએ આ મિશનરીના અસીમ પ્રેમ અને ઉષ્માને વધાવી લીધાં. ધીમે ધીમે કામ પ્રગતિશીલ બન્યું. રક્તપિત્તિયાં સ્ત્રીઓનાં નિવાસસ્થાન મેરીના રહેઠાણની નજદીક હતાં, અને પુરુષોનાં નિવાસસ્થાન જરા દૂરના પહાડ પર પનાહગઢમાં હતા. પનાહગઢ એટલે 'આશ્રયસ્થાન'. ચાંદેગને એક સુખી ઘરમાં ફેરવી નાખવાના કામમાં મેરીએ ખૂબ જ ઉત્સાહથી ઝુકાવ્યું. ઘણી યાતનાઓ હોવા છતાં તેનું જીવન કામથી ભરચક અને ઉલ્લાસમય હતું. ટેકરીની ટોચે આવેલા સુંદર 'બેથેલ'

મંદિરની ભક્તિસભામાં મેરી આત્મિક જાગૃતિ લાવતી. રક્તપિત્તિયાંએ આસપાસ કાળજીથી બનાવેલા બાગનાં ફૂલોથી તે જગા ખૂબ આકર્ષક બની રહી હતી.

મોટે પરોઢિયે ચાર વાગ્યાથી મેરીનું કામકાજ શરૂ થઈ જતું, અને મોડી સાંજ સુધી ચાલતું. લોકો પણ કેટલાં આભારવશ બની ગયા હતા ! મેરીનાં પ્રેમ અને મમતાને તેઓએ કેવા ઉત્સાહથી ઝીલી લીધાં હતાં ! આ જ સેવાને માટે ઈશ્વરે મેરીને અલગ કરી હતી.

ભેટ મળેલું એક નાનું 'ઓર્ગન' વાદ્ય મેરી વખત મળ્યે બજાવતી હતી. ક્વચિત્ તે તેનાં પ્રિય પુસ્તકો વાંચવાને પણ વખત કાઢતી. ખૂબ પ્યારા એવાં સુવાર્તિક ભજનો હંમેશાં ગાવાને પણ વખત મળી રહેતો. આમ જોતજોતામાં નવ વર્ષ વીતી ગયાં. મેરીને લાગ્યું કે, તેના જીવનમાં કંઈક બની રહ્યું છે ! પૃથ્વીના એક છેડાથી બીજા છેડા સુધી તેના માટે આગ્રહભરી પ્રાર્થનાઓ ચઢાવવામાં આવતી હતી. તેને થયેલા રોગનાં ચિહ્નો હવે નષ્ટ થયાં હતાં. ડૉક્ટરે નિદાન કર્યું કે રોગ હવે મોકૂફ થઈ ગયો છે.

મેરી આ વિષે લખતાં કહે છે, ''મને ખાતરી છે, મહાન વૈદના હાથમાં મારો કેસ છે. હું માનું છું કે, મને સાજી કરવામાં આવશે.'' ત્રણ વર્ષ વીત્યા બાદ મેરીએ લખ્યું, ''હવે રોગનાં ચાઠાં લગભગ દેખાતાં પણ નથી. હવે હું સાજી થઈ ગયેલી સ્ત્રી છું.'' તે ખરેખર સાજાપણું પામી હતી.

હવે તેની સામે એક વિકટ પ્રશ્ન ખડો થયો. શું તેણે ચાંદેગના કામને છોડી દઈને અમેરિકા પાછા ફરવું ! આકાશી પિતાની ઈચ્છા જાણવા માટે મેરી ઘૂંટણે પડી. ચાંદેગના રક્તપિત્તિયાંની સેવામાં પોતાનું સંપૂર્ણ જીવન ગાળી નાખવાના દ્રઢ નિશ્ચય સાથે તે ઊઠી.

ઈ. સ. ૧૮૯૮માં તેની મિશનરી સોસાયટી તરફથી લખનૌ કૉન્ફરન્સમાં ભાગ લેવાનું તેને આમંત્રણ મળેલું. આમંત્રણ તેણે સ્વીકાર્યું. મોટી માનવમેદની સમક્ષ બોલવા તે ઊભી થઈ ત્યારે તે કાંઈ જ બોલી શકી નહીં. માનવમેદની તેને સાંભળવા અધીરી અધીરી બની ગઈ હતી. મેરી ફક્ત બોલી શકી, ''ચાલો, આપણે ગાઈએ.'' તરત જ તેના પ્રિય ગીતનો હિન્દુસ્તાની અનુવાદ પામેલું ગીત ''અરે હજારો જીભોથી સ્તુતિ ખ્રિસ્તની ગાઉં'' સભાજનોએ ગાયું.

બીજાં પાંચ વર્ષ સુધી રક્તપિત્તિયાંની સેવા બજાવ્યા બાદ મેરી ૧૮ માસના ફર્લો પર ગઈ. આ ફર્લોનો કેટલોક ભાગ તેણે પેલેસ્ટાઇનમાં ગાળ્યો. વચગાળાના આ રજાના સમયને અંતે મેરીએ આ પ્રમાણે લખ્યું છે : હવેનું મારું શેષ જીવન હું ભારતમાં ગાળવા ઇચ્છું છું.''

ઈ. સ. ૧૯૦૬માં અમેરિકામાં વસતા તેના કુટુંબની એક છેલ્લી મુલાકાત લઈ તે ચાંદેગ પાછી ફરી ત્યારપછી જીવનમાં કદીયે તેણે ચાંદેગ છોડયું નહિ. ફક્ત પોતાના દાંતની સારવાર માટે ઈ.સ. ૧૯૨૪માં ચાંદેગથી ૫૦ માઈલ દૂર આવેલા અલમોરાની મુલાકાત કરી હતી. તે સિવાય તેણે ચાંદેગ છોડયું ન હતું. ચાંદેગ જ તેનું ઘર અને તેનું હૈયું બની ગયું હતું.

બહાર ગયા પછી જ્યારે જ્યારે તે ચાંદેગ પાછી ફરતી ત્યારે ત્યારે દર્દીઓનાં ટોળાં તેની આસપાસ કેવાં ફરી વળતાં ! આ વિષે લખતાં તે કહે છે, ''અધૂરી મૂકેલી ફરજ બજાવવી આજે ફરી શરૂ કરવી, એ મારે માટે ખૂબ આનંદભર્યું છે. મારા ગરીબ દર્દીઓ અને અન્ય દયાળુ મિત્રોની તેમ જ પાડોશીઓની પ્રેમભરી શુભેચ્છાઓ અને સલામીઓ ઘણી પ્રેરણાદાયી નીવડી છે.''

આ રીતે આ કામ પ્રતિવર્ષ ચાલુ જ રહ્યું. ધરતીકંપો, દુકાળ, કૉલેરા, પત, આમાંનું કોઈપણ વિશ્વાસુ મેરીને પરાજિત કરી શક્યું નહિ. તેની આ અજોડ અને અમૂલ્ય સેવાની કદરદાની કરતાં તેને કૈસરે હિંદનો મેડલ (ચાંદ) એનાયત કરવામાં આવ્યો.

ઈ. સ.૧૯૩૨માં પુનઃ તે પતનો ભોગ થઈ પડી. પણ તેણે ફરીથી તંદુરસ્તી પ્રાપ્ત કરી અને કામ ચાલુ રાખ્યું. ઈ.સ. ૧૯૩૮માં ૮૪ વર્ષની ઉંમરે તો પતથી તદ્દન મુક્ત બની તે વિશ્વાસુપણે સેવા બજાવી રહી હતી. રક્તપિત્તિયાંની આ સેવા-સંસ્થાની વસાહતનો વહીવટ ઉપાડી લે, તેવી બીજી વ્યક્તિની નિમણૂક કરવા તેણે સંમતિ આપી.

ઈ. સ.૧૯૪૩ના એપ્રિલની આઠમી તારીખે આ વિશ્વાસુ મિશનરી બાનુ, તેને ખાસ સેવા માટે અલાહિદી કરનારના હાથનું ઈનામ પ્રાપ્ત કરવા સ્વર્ગીય ઘેર સિધાવી.

†

# જ્યોર્જ માથેસન

## [ અંધ ગીતકર્તા અને ધર્મોપદેશક ]



જ્યોર્જ માથેસન સ્કોટલૅન્ડના એક ધનિક વેપારીનો પુત્ર હતો. તેનો જન્મ ઈ. સ. ૧૮૪૨ના માર્ચની ૨૭મી તારીખે ગ્લાસગોમાં થયો હતો. બાળક જ્યોર્જ ૧૮ માસનો થયો ત્યારે તેની માતાને ખબર પડી કે તેનો નાનો પુત્ર બરાબર જોઈ શકતો ન હતો. આંખના નિષ્ણાતોએ નિદાન કર્યું કે, બાળકની આંખોના ડોળા પાછળ સોજો આવી ગયો છે, તેથી તે કદીયે સારી રીતે જોઈ શકશે કે કેમ, તે વિષે તેઓએ શંકા વ્યક્ત કરી.

ડૉક્ટરોએ અભિપ્રાય આપ્યો કે, “બાળકની આંખ સારી

થવાની શક્યતા નથી; ધીમે ધીમે તે અંધ બની જશે.'' આ વાત સાંભળી માતાનું હૃદય ભાંગીને ભૂકો થઈ ગયું.

જ્યોર્જ મોટો થતો ગયો, તેમ તેની આંખનું તેજ ઘટતું ગયું. તેમ છતાં તેણે શાળામાં જવું શરૂ કર્યું, અને વધારે નંબરના ચશ્માની મદદ વડે તે મોટા અક્ષરે છાપેલાં પુસ્તકો વાંચતાં શીખ્યો.

દરેક ઉનાળામાં જ્યોર્જનું કુટુંબ ક્લાઈડ નદીની ખાડી પર જતું. આવજા કરતી આગબોટોને જ્યોર્જ કલાકો સુધી અવલોક્યા કરતો. આગબોટની ચીમનીઓ ગણીને તેમ જ તેમનાં નામો વાંચીને તે પોતાની દ્રષ્ટિની ચકાસણી કરતો. વર્ષો વીતતા ગયાં તેમ જ્યોર્જને લાગ્યું કે તેની દ્રષ્ટિ ક્ષીણ થતી જતી હતી.

સમય જતાં તે તેના પાઠો પણ વાંચી શકતો ન હતો. તેથી તેના મિત્રો તેમ જ કુટંબીઓ તેના માટે પાઠો વાંચતા. જે વંચાય તેના પર ધ્યાન કેન્દ્રિત કરવાથી તેની યાદદાસ્ત નોંધપાત્ર બની ગઈ, અને તેના વર્ગમાં તેણે ઊંચો નંબર પ્રાપ્ત કર્યો. જીવનની હજુ તો માત્ર શરૂઆત જ હતી, ત્યાં તો તે ફ્રેન્ચ, જર્મન, લેટિન તેમ જ ગ્રીક ભાષા પણ બોલતો થયો.

ગ્લાસગોની એ શાળામાં પ્રથમ વર્ષે જ ઇતિહાસ તથા ધર્મજ્ઞાનના શ્રેષ્ઠ અભ્યાસ માટે તેણે ઈનામ પ્રાપ્ત કર્યું. બીજા વર્ષની આખરે તેણે લેટિન, ઈતિહાસ, ભૂગોળ અને અંગ્રેજી નિબંધમાં પણ ઈનામો પ્રાપ્ત કર્યાં. આ અભ્યાસી યુવાને ત્રીજા અને ચોથા વર્ષને અંતે બીજાંઓને તેમની સમક્ષ કરેલા વાચનને આધારે, લગભગ બધાં જ ઈનામો જીતી લીધાં અને નોંધપાત્ર યશસ્વી કારકિર્દી પ્રાપ્ત કરી.

પંદર વર્ષની વયે તો જ્યોર્જ ચકોર અને તેજસ્વી વિદ્યાર્થી હતો. શું એક લાચાર અંધ માનવી તરીકે જ તે જીવશે ! એવું

કદીયે સંભવી ન શકે. ગ્લાસગો યુનિવર્સિટીમાં ઉચ્ચ અભ્યાસ કરવા જવા માટે જ્યારે તેણે પોતાની ઈચ્છા વ્યક્ત કરી, ત્યારે તેનાં કુટુંબીજનો તેમ જ મિત્રો તેની હિંમત તથા ખંત પર વારી ગયાં.

અભ્યાસકાળ, દરમિયાન તેને વાંચવાની મદદ કરનાર તેની બે બહેનોએ તેના ઉચ્ચ અભ્યાસ માટે બધું કરી છૂટવાનો નિશ્ચય કર્યો. જ્યોર્જને મદદરૂપ થવાને શક્ય મદદ કરવા બંને બહેનો તૈયાર હતી. એ હેતુથી પરદેશી ભાષાઓ તેમ જ અન્ય કઠિન વિષયોમાં નિષ્ણાત બનવા માટે બહેનોએ પોતે જ રાજીખુશીથી અરજી કરી. તેમનો ભાઈ ધીમે ધીમે સંપૂર્ણ અંધ બની જશે તે નિર્વિવાદ હતું.

અઢાર વર્ષના એ આશાસ્પદ યુવાનને નિષ્ણાતોએ સંપૂર્ણ રીતે અંધ જાહેર કર્યો, અને સાજાપણાની અશક્યતા જણાવી, ત્યારે તેને ભારે આઘાત લાગ્યો. પણ જ્યોર્જ માનતો હતો કે, દુનિયામાં તેના જેવા અંધને માટે પણ સ્થાન હતું અને તેને માટે તે તૈયાર થવા ઈચ્છતો હતો. અભ્યાસમાં સતત મંડયા રહેવાથી, અને તેની બહેનો ને મિત્રોની કીમતી મદદથી યુનિવર્સિટીમાં પણ તે ઉચ્ચ કક્ષા પ્રાપ્ત કરી શક્યો.

તેની વકતૃત્વકળા હવે ખૂબ જાણીતી થઈ હતી. તીવ્ર સ્મરણશક્તિ ધરાવતો જ્યોર્જ વકતૃત્વ હરીફાઈમાં સચોટ અને ક્રમબદ્ધ દલીલો વડે તેના પ્રતિસ્પર્ધીને પરાજિત બનાવી દેતો. વકતૃત્વ હરીફાઈ વખતે તેની મક્કમતા તથા અસરકારક છટાની પ્રતિભાથી તે પ્રેક્ષકવર્ગનાં દિલ હરી લેતો. પ્રેક્ષકો તાળીઓના ગડગડાટથી તેને વધાવી લેતા. યુનિવર્સિટીના પદવીદાન સમારંભ સમયે તેને બી.એ.ની ઉપાધિ 'ઓનરેબલ ડિસ્ટીંકશન ઈન ફિલોસોફી' સાથે આપવામાં આવી.

ઈ. સ. ૧૮૬૨માં જ્યોર્જ તેની જીવન કારકિર્દીની પસંદગી પ્રમાણે ઈશ્વરવિદ્યાશાળામાં દાખલ થયો. આ તો આશ્ચર્યજનક પસંદગી કહેવાય. આ પહેલાં તેના કોઈ મિત્રે અંધ ધર્મોપદેશક હોઈ શકે એવું સાંભળ્યું ન હતું. સભાજનો તેને આવકારશે કે કેમ, તે વિષે તે જાણતો ન હતો. તેને શંકા હતી પણ ઈશ્વરપિતા પર તેણે દ્રઢ ભરોસો રાખ્યો.

૧૮૬૬માં જ્યોર્જ માથેસનને ચર્ચ ઓફ સ્કોટલેન્ડની ધર્મસેવાને માટે દીક્ષા આપવામાં આવી. તે પછીના જાન્યુઆરી માસમાં ઈશ્વરે તેના હિંમતભેર કરેલા પરિશ્રમને સફળ કર્યો. એડીનબર્ગના સંત બર્નાડ ચર્ચના પ્રખ્યાત ડૉ. મેક્ડફે આ અંધ ધર્મોપદેશકને તેમના સાથી ધર્મસેવક બનવા આમંત્રણ આપ્યું.

આ એક અગત્યની વાત હતી. કારણ કે ડૉ. મેકડ્ફ સારાયે સ્કોટલેન્ડના એક માનનીય માણસ હતા. વધારામાં જ્યોર્જને પ્રત્યેક અઠવાડિયામાં એક દિવસ સંદેશો આપવાનો હતો. એક વર્ષના વસવાટ દરમિયાન આ મોટી મંડળીનું તે પ્રિય પાત્ર બની ગયો.

રજા ગાળવાનું રમણીય-મનોહર સ્થળ ઈન્નેલન, દુનિયાભરના પ્રવાસીઓમાં જાણીતું હતું. તે સ્થળની મંડળી પાળક વિનાની હતી. કાળજીપૂર્વકની ચકાસણીને અંતે અનેક ઉમેદવારોમાંથી મંડળીએ અંધ માથેસનને પાળક માટે પસંદગી આપી. આનંદિત હ્રદયે જ્યોર્જે તે શહેરમાં ધર્મસેવા શરૂ કરી. અઢાર વર્ષની તેની ધર્મસેવા દરમિયાન ઘણા દેશોમાં તેની કીર્તિ ફેલાઈ ગઈ.

માત્ર થોડાં જ વર્ષોમાં મંડળી તેમના ધર્મસેવકને એટલી ચાહતી થઈ ગઈ કે, ઈન્નેલન સિવાય કોઈ ક્યાંયે રજા ગાળવા જતું નહિ. બોધાસન પરથી અપાતાં સંદેશા, ભજનસેવાનો કાર્યક્રમ તથા શાસ્ત્રવાચનના લાંબા ફકરાઓ જ્યોર્જ કંઠસ્થ કરી નાખતો. તેની

સમક્ષ બાઈબલ ઉઘાડું મૂકવામાં આવતું, તેથી જાણે તે વાંચતો જ હોય તેમ લાગતું. સંદેશો આપતી વખતે તે સભાજનો તરફ સીધેસીધું જોતો. તેથી તેઓ એક અંધ ઉપદેશકને સાંભળી રહ્યાં છે, તેની ખબર પણ ઘણાને પડતી નહિ.

પ્રત્યેક અઠવાડિયાનો સંદેશો કંઠસ્થ કરવો, એ કાંઈ નાનીસૂની વાત ન હતી. પણ જ્યોર્જે તેમાં નોંધપાત્ર કાબેલિયત કેળવી હતી. પણ એવો સમય આવી પહોંચ્યો જ્યારે તે તેની તીક્ષ્ણ યાદદાસ્ત ગુમાવી બેઠો. એક સમયે અસરકારક સંદેશો આપતી વખતે તેને જે કહેવું હતું તે અધવચ્ચે તે ભૂલી ગયો. મક્કમપણે થોભી જઈ, સભાજનોને એક ગીત ગાવાનું કહી તે બેસી ગયો. સભાજનો ગીત ગાતાં હતાં, તે સમયે સંદેશા માટે તેણે નવો જ વિષય પસંદ કરી લીધો.

તેણ ઊભા થઈને શું બન્યું હતું, તે વિષે સભાજનોને વાકેફ કરી, નવું આધારવચન જણાવી, અભ્યંતરમાંથી હૃદયસ્પર્શી સંદેશો આપ્યો.

ઈ. સ. ૧૮૮૨ના જૂનની ૬ઠ્ઠીએ ઈન્નેલનના તેના અભ્યાસખંડમાં તે એકલો બેઠો હતો ત્યારે એક ગીત રચવાની તેને પ્રેરણા થઈ. આ વિષે તે લખે છે, ‘‘મારી બહેનના લગ્નનો તે દિવસ હતો. મને કાંઈક થઈ ગયું હતું. માત્ર હું એકલો જ તે વિષે જાણતો હતો. માનસિક ઊંડી વેદના આખરે તે કાવ્યમાં ઊતરી. મારા જીવનમાં જો કોઈ સૌથી વધારે ઝડપી કાર્ય મેં કર્યું હોય, તો તે આ ગીત હતું. મેં પોતે જ નહિ, પણ અંતરના અવાજે જાણે તે કાવ્ય મારી પાસે લખાવ્યું હોય તેમ હતું. ફરીથી તે ગીતમાં સુધારાવધારા કરવાની કદીયે જરૂર પડી ન હતી. તેની મને સંપૂર્ણ ખાતરી છે.’’

જ્યોર્જ માથેસન એક યુવતીના પ્રેમમાં પડયો. તે યુવતીએ તેની સાથે સગાઈ પણ કરી. પરંતુ અંધાપાના કારણે સગાઈ તોડી નાખી બીજા યુવાન સાથે પરણી ગઈ. આ કરુણ બનાવે કરીને તેણે રચેલું ગીત દુનિયાભરમાં હજીયે ગૂંજી રહ્યું છે. - ''ઓ પ્રેમ, તું ત્યાગશે નહિ મુજને' - એ મધુર ગીત ઘણાંયે ભગ્ન હૃદયોને દિલાસો દેનારું નીવડયું છે.

*ઓ પ્રેમ, તું ત્યાગશે નહિ મુજને,*
*મુજ શ્રમિત આત્મા અઢેલે તુજને.*

ઈ. સ. ૧૮૫૫માં આ ગીત સ્કોટિશ ગીતસંગ્રહમાં સ્થાન પામ્યું. એરાનના ડૉ. પીસને આ ગીતનો રાગ રચવા માટે વિનંતી કરવામાં આવી. ડૉ. પીસ આ પ્રમાણે લખે છે, ''ગીતનું ધ્યાનપૂર્વક વાચન કર્યા બાદ હું રાગરચના તરત જ કરી શક્યો. હું કહી શકું છું કે, મેં આખા ગીતના રાગની રચના લખવી પૂરી કરી, તે સમયે પહેલી પંક્તિની શાહી પણ હજુ સુકાઈ ન હતી.

ઈ. સ. ૧૮૮૬માં માથેસનને એડીનબરોની સંત બર્નાડ મંડળી તરફથી આમંત્રણ મળ્યું. ૧૫૦૦ સભાસદોની બનેલી એ મંડળી તો તેની જાણીતી હતી. પ્રગતિ પામતી એ મંડળીના પ્રિય પાળક તરીકે તેણે ૧૩ વર્ષ ગાળ્યાં. મુશ્કેલીઓની પરંપરા હોવા છતાં માથેસને ધર્મસેવક તરીકેની સેવા બજાવવાનો નિશ્ચય કરી સભાસદોની મુલાકાત લેવા માંડી.

એક અંધ માનવી માટે તે ખરેખર કપરું કાર્ય હતું, છતાં તેની વિશ્વાસુ બહેન ગમે ત્યાં તેને મદદ કરવા તૈયાર હતી તે તે જાણતો હતો. એડીનબરોની ધર્મસેવાના તેના પ્રથમ છ માસ દરમિયાન તેણે પોતાની બહેનના સહકારથી ૬૦૦ કુટુંબોની મુલાકાત લીધી.

રવિવારની ભક્તિસભા બાદ મંદિરના દરવાજે ઊભો રહી,

સભાસદોનાં નામ લઈ તે હસ્તધૂનન કરતો. હસ્તધૂનન કરતાં દરેક વ્યક્તિની ઓળખ તેને થઈ જતી. પ્રત્યેકને નામ દઈને બોલાવતો અને વ્યક્તિગત શુભેચ્છા પાઠવતો.

લાંબા સમયે મળતાં મુલાકાતીઓ તેને કહેતા, ''ડૉકટર,તમે મને ઓળખી શકશો નહિ.'' થોડીવાર થોભી જઈને તે કહેતો, ''હા, હું ઓળખું છું. તમે...... સ્થળના જોન્સ છો.''

તેની ધર્મસેવા દરમિયાન મંડળી ઉત્તરોત્તર પ્રગતિ પામતી ગઈ. જો કે મંડળીના સભાસદોને તે કદીયે જોઈ શક્યો નહિ, છતાં તેમના અંગત પ્રશ્નો તેમ જ કોયડાઓ સંબંધી તેમની સાથે તો અંગત વાત કરી શકતો. તેની ધર્મસેવાના સમય દરમિયાન મંડળીના સભાસદોનો આંકડો વધીને ૧૮૦૦ સુધી પહોંચી ગયો.

ડૉ. માથેસનનાં પુસ્તકો, તેના અવિરત પરિશ્રમ અને ખંતનું શુભ પરિણામ છે. તે પોતાનું કાર્ય ક્રમબદ્ધ પૂરું કરનાર ઉદ્યમશીલ આદમી હતો. સવારે નાસ્તો કર્યા બાદ, ઢગલાબંધ પત્રોનો જવાબ તે આપી દેતો. દરેક પત્રનો જવાબ બનતાં સુધી વળતી ટપાલે જ વાળતો. ત્યારબાદ દૈનિક અખબાર તેની સમક્ષ વાંચવામાં આવતું. ત્યાર પછી તે ફ્રેન્ચ અને જર્મન ભાષાનો અભ્યાસ કરતો. વિજ્ઞાન, તત્ત્વજ્ઞાન, ઈતિહાસ ને ઈશ્વરવિદ્યાનો અભ્યાસ પણ તે કરતો.

તેના અંગત સેક્રેટરીની પાસે તે લેખન કાર્ય કરાવતો. 'માય એસ્પિરેશન્સ' (મારી આકાંક્ષાઓ), દૈનિક મનન માટેની એક પુસ્તિકા, 'મોમેન્ટ્સ ઓન ધી માઉન્ટ' (પર્વત પરની પળો), 'વોઈસીસ ઓવ ધી સ્પિરિટ' (આત્માની વાણી), 'સર્ચીંગ ઈન ધી સાઈલેન્સ' (શાંતતામાં શોધ), 'ટાઈમ્સ ઓવ્ રીફ્રેશિંગ' (તાજગીના સમયો), 'લીવ્સ ફોર ધી ક્વાયેટ અવર' (શાંત સમય માટેના પાનાં) અને 'રેસ્ટસ બાય ધી રીવર્સ' (નદી કિનારે

વિસામા), એ સર્વ તેની કૃતિઓ લોકોમાં ખૂબ અસરકારક બની ગઈ હતી. સેક્રેટરીની મદદ વડે તેણે ઉપર્યુક્ત પુસ્તકો લખ્યાં.

તેનાં પુસ્તકો દ્વારા આશીર્વાદિત બનેલાં દુનિયાભરનાં વાચકો તરફથી સંખ્યાબંધ પત્રો તેના પર આવતા હતા. ઈ. સ. ૧૯૦૬ના ઑગસ્ટની ૨૮મીએ નોર્થબર્વિકમાં આ વિશ્વાસુ, અંધ ધર્મોપદેશકનો જીવનદીપ બુઝાયો.

આ બહાદુર અંધ ધર્મોપદેશકની આશાનું કિરણ તેણે રચેલા સુવિખ્યાત ગીતના ત્રીજા શ્લોકમાં ચમકતું દેખાય છે :

*ઓ આનંદ, તું દુઃખ દ્વારા મને શોધે છે,*
*મારું હૃદય-દ્વાર હું તારા પ્રત્યે બંધ કરી શકતો નથી.*
*વર્ષા-ધારાની આરપાર પેલું સપ્તરંગી મેઘધનું હું નીરખું છું.*
*તારા સત્ય વચનની તે મને પ્રતીતિ કરાવે છે.*
*કે, પ્રભાત જરૂર આંસુ વિનાની ઊગશે.*

†

# માર્થા સ્નેલ નીકલસન

## [ ઈશ્વરની પથારીવશ ગાયિકા ]



પથારીવશ જિંદગીમાંયે ઈશ્વરસ્તુતિનાં મધુરાં અને ઉત્સાહથી ભર્યાંભર્યાં ગીતો ગાઈ જનારી માર્થા સ્નેલ નીકલસનનો જન્મ નેબ્રાસ્કા (અમેરિકા)ના ફુલર્ટન ગામમાં થયો હતો. સેમ્યુઅલ અને મેરી સ્નેલની ત્રણ પુત્રીઓમાંની તે બીજી પુત્રી હતી. તેની માતાએ દીકરીઓને મોટેથી વાંચવાના કલાકોમાં શ્રેષ્ઠ સાહિત્ય વાંચવાનું ઉત્તેજન આપ્યું હતું.

માર્થાના દાદા મેથોડિસ્ટ મંડળીના નિવૃત્ત પાળક તથા અનુભવી સૈનિક હતા. તેમણે બાળકો સમક્ષ મોટેથી વાંચેલા ફકરાઓમાંના કેટલાક માર્થાને આબેહૂબ યાદ હતા.

દરરોજની કૌટુંબિક પ્રાર્થનાસભા તેમ જ પ્રભુમંદિરમાં નિયમિત હાજરી આપવી એ તેમના ગૃહજીવનનાં અગત્યનાં અંગો હતા. સંધ્યાટાણે પ્રાર્થનામાં તેના પિતા હંમેશા માગતા કે, તેમનું કુટુંબ સ્વર્ગમાં એક અખંડિત કુટુંબ તરીકે ફરી મળે.

છ વર્ષની ઉંમરે માર્થાએ શાળામાં જવું શરૂ કર્યું, ત્યારે તે રાજીના રેડ બની ગઈ; કારણ, હવે તે વાંચી શકવાની. ઘણી નાની ઉંમરની હોવા છતાં તેની જિજ્ઞાસા જબરી હતી. જેના જેના સંપર્કમાં તે આવતી, તે બધાં વિષે જાણી લેવા તે તત્પર રહેતી. તેનો આ આનંદ માત્ર ટૂંક મુદતનો જ હતો. માંદગીને લીધે શાળાનું પહેલું સત્ર તે પૂરું કરી શકી નહિ. આ વિષે માર્થા લખે છે, ''મારી શક્તિ માટે હું સજાગ હતી. વળી મને યાદ છે કે, એક બાળક તરીકે પૂરતી ઊંઘ લેવાનું પણ મારા માટે મુશ્કેલ હતું.''

આ બધું હોવા છતાં માર્થા આખરે શક્ય હોય ત્યારે શાળામાં જતી. તે માધ્યમિક શાળામાં પણ દાખલ થઈ. આ સંબંધી તે લખે છે, ''શરીરમાં લોહીની નબળાઈ-ફિકાશનો વ્યાધિ લાગુ પડયો હોવા છતાં શાળાની વિવિધ પ્રવૃત્તિઓમાં હું ભાગ લેતી હતી. એક વર્ગમાંથી બીજા વર્ગમાં જતી વેળાએ દાદર ચઢતાં હું એટલી બધી હાંફી જતી કે શ્વાસ લેવા મારે થોભવું પડતું.''

માધ્યમિક શાળાની પંદર વર્ષની વિદ્યાર્થિની તરીકે તેનું વર્ણન કરતાં તેનો ભાવી પતિ તેને આ પ્રમાણે વર્ણવે છે : ''આછા આસમાની રંગની આંખોવાળી, ભૂખરા વાંકડિયા વાળવાળી એ બાલિકા હંમેશાં હસમુખી, ત્વરિત ગતિવાળી અને શીખવા માટે

આતુર જણાતી. નબળી તંદુરસ્તી હોવા છતાં શાળાની દરેક પ્રવૃત્તિમાં તે આગળ પડતો ભાગ લેતી.''

માર્થા હંમેશા વાચનની પ્યાસી હતી. તેણે ઘણાં કાવ્યો કંઠસ્થ કર્યાં હતા. માધ્યમિક શાળાનો અભ્યાસ પૂરો કર્યા પછી તેણે મેથોડિસ્ટ કૉલેજમાં, તેની અતિ નાજુક તંદુરસ્તીના પ્રમાણમાં ઘણો કઠિન એવો, અભ્યાસ એક વર્ષ સુધી કર્યો. વર્ષની આખરે શહેરના પુસ્તકાલયમાં અગત્યનો હોદ્દો સ્વીકાર્યો. થોડા માસ પછી શહેરના ગરીબ વિભાગની જવાબદારી તેને શિરે આવી. તેની ફરજો ઉપરાંત ત્યાંની વસ્તીમાં પણ તેણે કામ કર્યું.

માર્થા જ હવે એકલી ઘેર રહી. તેની એક બહેનનાં લગ્ન થઈ ગયાં, અને બીજી બહેન તેમની માતાના મૃત્યુ બાદ સગેવહાલે લાંબી મુલાકાતે ચાલી નીકળી. પુસ્તકાલયના તેના કામની સાથે સાથે માર્થાએ તેના પિતાનું ઘર સંભાળ્યું, અને શક્ય તેટલો ફાજલ સમય પોતાના અભ્યાસમાં ગાળ્યો. બે વર્ષમાં તો તેની તંદુરસ્તી સાવ લથડી પડી, અને ડોકટરે નિદાન કર્યું તો જણાયું કે, તેને ક્ષય રોગ લાગુ પડયો હતો. તેની શક્તિ ઉપરાંત તેણે કામ કર્યું હતું. હવે તો ઘણાં વર્ષો સુધી તેને જિંદગી સાથે જંગ ખેલવાનો હતો. તેણે સાત અઠવાડિયાં હૉસ્પિટલમાં જીવનમરણ વચ્ચે ઝોલાં ખાતાં પસાર કર્યાં.

લાંબા સમયે ધીમે ધીમે તેની તબિયત સુધારા પર આવતી ગઈ. બીજાંયે સાત વર્ષોમાંનો મોટો ભાગ માર્થાએ તંદુરસ્તી પાછી મેળવવાની મથામણમાં પથારીમાં ગાળ્યાં. આ દરમિયાન તેનું સગપણ તેની બાલ્યાવસ્થાના પ્રેમી હાવર્ડ નીકલસન સાથે થયું. તેની કપરી કસોટીનાં આ વર્ષો દરમિયાન તે ડેનવરના એગ્નેસ મેમોરિયલ સેનિટોરિયમમાં હતી ત્યારે હાવર્ડ તેને પ્રોત્સાહન પમાડવા માટે દરરોજ પત્રો લખતો.

કપરી કસોટીઓ અને ધીરજના લાંબા ગાળા પછી, આ બંને પ્રેમીઓ ઈ. સ. ૧૯૧૯ના જાન્યુઆરીની ૩૧મીએ લગ્નગ્રંથિથી જોડાયાં. માર્થાએ લખ્યું, ''અમે અમારા નાના ઘરમાં જેટલાં સુખી છીએ, તેના કરતાં કોઈ વધારે સુખી હોય, તેની મને શંકા છે.'' પણ આ સુખ ક્ષણિક બનવાનું હતું.

એક વર્ષના સુખી ગાળાને અંતે માર્થા ફરી ક્ષયના હુમલામાં પટકાઈ પડી. ટાકોમા પાછા ફર્યા પછી બીજા છ માસ તે પથારીવશ રહી. ડૉક્ટરોએ આપેલી સલાહ અનુસાર ઈ. સ. ૧૯૨૧માં હાવર્ડ અને માર્થા કલીઅર-વૉટર સ્થળે હવાફેર માટે ગયાં અને ત્યાં એક વર્ષ સુધી રહ્યાં. માર્થા મરણતોલ માંદી થઈ તેથી તે લૉન્ગબીચ નામના સ્થળે બીજાં છ વર્ષ રહી. ત્યાં તેના ચાર મોટા અને સોળ નાના ઓપરેશન કરવામાં આવ્યાં.

નીકલસનના માટે આ કપરી કસોટીનો કાળ હતો. પણ બંનેએ ઘણા લાંબા સમય પર તારનારને પોતાની સોંપણી કરી હતી. માર્થા દિલાસા અને દોરવણી માટે બાઈબલ વાંચતી. બાઈબલ અંગેના વિવિધ વિવરણ ગ્રંથો તેણે ખરીદ્યાં, અને ઈશ્વરનાં વચનોનો તલસ્પર્શી અભ્યાસ કરવા માંડયો. પથારીવશ હતી તે વર્ષો દરમિયાન તેણે ઈશ્વર સબંધીનું જ્ઞાન મેળવ્યું. જે અજાયબ જેવી સેવા તે કરવાની હતી, તેને માટે આ જ સમય દરમિયાન ઈશ્વર તેને તૈયાર કરતો હતો.

રેડિયો પરનાં ભાષણો સાંભળવામાં તે પોતાનો વધારે સમય ગાળતી. કારણ, ઘણાં વર્ષો સુધી પ્રભુમંદિરમાં જવાનુ તેના માટે અશક્ય બન્યું હતું.

માધ્યમિક શાળામાં ગાળેલા પાછલા દિવસોમાં તેણે લખેલી રોજનીશી પરથી તેનો રમૂજી સ્વભાવ જણાઈ આવે છે. ''મને

આ ડાયરી ગયા જુલાઈની ચોથી તારીખે સ્ત્રીઓની આઈસક્રીમ પાર્ટી વખતે આપવામાં આવી. જુદી જુદી ફરમાઈશ (ઓર્ડરો) નોંધવા માટે એ હતી. પણ મને તો થોડાક જ ઓર્ડરો મળ્યા, કારણ કે અકસ્માત એક સજ્જનના માથા પર જ મારાથી આઈસ્ક્રીમ ઢોળાઈ ગયું. મારા સુંદર એપ્રન વડે મેં તે લૂછી તો નાખ્યું, પણ મને એટલી બધી શરમ લાગી કે, પછી હું રડી પડી અને ઘેર જતી રહી. તે માણસ ટાલવાળો હોવાથી હું સહેલાઈથી તેનું માથું લૂછી શકી હતી.''

તેની રોજનીશીમાંની દરક વિગત રમૂજી ન હતી. ''મેં આ લખ્યું તેને લગભગ બે અઠવાડિયાં વીતી ગયાં. હું માંદી પડી હતી. મારી માતાએ મને શાળામાં જવાની ના પાડી, પણ તેમ કરવું મારા માટે અશક્ય હતું. મારી માતા એમ ધારતી કે, હું હંમેશાં અમાન્ય થઈ પડીશ, પણ મારા સંબંધમાં એવું કદી બન્યું નથી. કારણ કે હું ઘણું કરી શકું ને નવું શોધી શકું તેમ હતી.'' આમ માનવામાં માર્થાની ભૂલ થતી હતી. કારણ કે ઘણાં વર્ષો સુધી તે પથારીવશ હતી, અને બહાર આવવા-જવા માટે તેને કોઈની મદદની જરૂર હતી.

તે અને તેનો પતિ પાસે આવેલા ગામ વિલમીંગ્ટનમાં રહેવા ગયાં. ત્યાં માર્થાએ ધાર્મિક ગીતો રચવા શરૂ કર્યાં. 'ધી કીંગ્સ બીઝનેસ', 'ક્રિશ્ચિયન વિકટરી', 'ધી સન્ડે સ્કૂલ ટાઈમ્સ', 'બ્રધરન મિશનરી' અને 'હેરલ્ડ મુડી મન્થલી' નામનાં સામયિકોમાં તે પ્રસિદ્ધ થયાં. આ કાવ્યો પ્રસિદ્ધ થયાં બાદ ટૂંક મુદતમાં જ જેઓ આ ધાર્મિક ભાવથી ભરેલાં કાવ્યો દ્વારા આશીર્વાદિત થયાં હતાં તેવા વાચકવર્ગ તરફથી આભારના પત્રો તેના પર આવ્યાં.

જેઓ એક યા બીજા કારણે અપંગ હતાં, તેઓએ જ્યારે જાણ્યું કે. એ કવયિત્રી પણ પથારીવશ હતી, ત્યારે તેઓને ઘણી હિમ્મત મળી. તેના કાવ્યસંગ્રહમાંના એક કાવ્યમાં માર્થાએ જણાવ્યું છે : ''બધાં જ પથારીવશ અને અપંગોના અમુક પ્રશ્નો તો સામાન્ય હોય છે - તેઓ પરિણીત કે અપરિણીત હોય તોપણ. જડત્વ અને નિરાશાની સામે ઝઝૂમવા માટે, પ્રથમનો ઉત્સાહ ટકાવી રાખવા માટે, જ્યારે આંખો ને કાન લાંબા સમય સુધી કામ કરી શકતાં ન હોય, જ્યારે મિત્રોનાં આમંત્રણ સ્વીકારી શકાતાં ન હોય, તેમ જ તેમની આગતાસ્વાગતા પણ થઈ શકતી ન હોય, જ્યારે હાથ કામ કરી શકતા ન હોય, અને શ્રમનો આનંદ માણી શકાતો ન હોય, જ્યારે એકાંત કેમ ગાળવી તેની મૂંઝવણ થતી હોય, જીવનમાં સમતુલા જાળવવાની હોય કે જેથી નાની નાની બાબતો મોટું સ્વરૂપ પકડી ન લે, - એવા અનેક સરખી જાતના પ્રશ્નો હોય છે.

''માંદગી તે જ માત્ર કઠિન બાબત નથી; ભાંગીને ભૂકો થઈ ગયેલી આશાઓ, વાસ્તવિક જીવનથી વંચિત હોવાની લાગણી થયા કરવી, વિચિત્ર અને બીજાંથી ઉપેક્ષિત બનવાનો ભય, બીજાંને બોજારૂપ બનવાની બીક, બિનઉપયોગી બનવાની ભયંકર લાગણી, આપણને બીજાં ચાહે એવું આપણે બધાં ઇચ્છીએ છીએ, છતાં બીજા આપણને ચાહી શકે એવાં બનવું તે કેટલું બધું મુશ્કેલ છે ! અલબત્ત માંદગીના કારણથી જ આપણે પ્રેમનું પાત્ર બની રહીએ, એવું આપણે ઇચ્છી શકીએ નહિ.''

પ્રત્યેક અપંગને જે ભોગવવું પડે, તે માર્થા પણ સ્વાનુભવથી જ શીખી. તેની આંતરિક મથામણ તથા અદ્દભુત અનુભવો તેનાં અનેક પ્રિય કાવ્યોમાંના એકમાં પ્રતિબિંબિત થયેલાં જણાય છે :

મારો ઓરડો એ કાંઈ બંદીખાનું નથી,
મારા દુઃખો મારો દરોગો અને હું બંદી હોઉં
એમ નથી.
આ તો છે મારી શાળાનો ઓરડો, જ્યાં
હું ઈશ્વરનું સામર્થ્ય અને સૌંદર્ય શીખી શકું છું.
આ છે મારા ઈશ્વર સાથેનું પ્રેમ-મિલન મંદિર,
ઘણીયે વાર તેની રાહ જોતાં મારાં થાકેલા ચક્ષુએ
ઝાંખ વળે છે.
પણ હું હંમેશાં મારું શ્રમિત મુખ આકાશ ગમ
ઉઠાવી શકું છું.
જેથી હું રાહ જોતાં થોભી શકું, અને આખરે
તેની મધુર વાણી સાંભળું કે,
"રે મારા બાળક, હું સદા તારી સાથે છું,
આનંદ કર !"

તેના કાવ્યોની માગ એટલી બધી વધી ગઈ કે, તે કાવ્યસંગ્રહ પ્રસિદ્ધ કરવા પ્રેરાઈ. 'વિંગ્સ એન્ડ સ્કાય' (ગગન અને પાંખો) નામનો તેમનો કાવ્યસંગ્રહ ઈ. સ. ૧૯૩૮માં પ્રસિદ્ધ થયો. અને હવે તો તેની ત્રીજી આવૃત્તિ પણ પ્રસિદ્ધ થઈ છે. 'થ્રેશોલ્ડ ઓફ હેવન' (આકાશનો ઉંબરો), 'હેવન્સ ગાર્ડન', (આકાશનું ઉદ્યાન) અને 'આઈવરી પેલેસીસ' (હાથીદાંતના મહેલો) કાવ્યસંગ્રહો પણ તે પછી પ્રસિદ્ધિ પામ્યા.

માર્થાનો પતિ 'શેલ ઓઈલ કંપની'માં કામ કરતો હતો. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન માર્થા અને તે બંનેએ સાથે મળીને ટ્રાક્ટો લખવા તથા વહેંચવાનું કાર્ય શરૂ કર્યું. દોઢ લાખ કરતાં પણ વધારે માણસોને તેનાથી આશીર્વાદ પ્રાપ્ત થયો હતો.

માર્થાના એક મિત્રે પોતાનો જીવનસાથી ગુમાવ્યો તે સમયે

માર્થાએ લખેલું નીચેનું કાવ્ય ઘણાંના હક્કમાં ખૂબ આશીર્વાદિત બન્યું છે.

> હું આજે તમને મારે માટે દુઃખી થવા દઈશ નહિ,
> મારા ખાલી થયેલા આસન પાસે પણ રડવા નહિ દઉં.
>
> અહીં સ્વર્ગમાં મને જે હરઘડી મહાસુખ મળે છે.
> એ તમે જાણી શકો તો હું પૃથ્વી પર
> પાછી આવું એવું તમે ઈચ્છો જ નહિ, ઈચ્છી શકો જ નહિ.
>
> અને તેથી જ, મારાં પ્રિયજનો, મારા માટે રુદન કરો મા.
>
> આજે કુટુંબમાં ભેળાં મળી રુદન કરો મા,
> પણ, આનંદ કરો, કારણ - આપણે તેનામાં (ખ્રિસ્તમાં) એક છીએ.
>
> અને તેથી જ હું તમારાથી દૂર નથી.

આ કાવ્ય, તેના દેશનાં માનવીઓ, જેઓએ પોતાના પુત્રો તથા પતિઓ યુદ્ધમાં ગુમાવ્યા હતા, તેમને માટે ખૂબ દિલાસાદાયક નીવડયું હતું. તે આ પ્રમાણે લખે છે, ''આજની આ નાની કસોટી કંઈ વિસાતમાં નથી. અસહ્ય યાતનાભર્યું દુઃખ હંમેશને માટે નષ્ટ થશે. મનને ગૂંચવી નાખનારો આ કોયડો તેના મુખના પ્રકાશમાં ઊકલી જશે. શોક અને વિદાય-દુઃખના આ આંસુઓ ઈશ્વરપિતા પોતે જ લૂછી નાખશે. આ અસંતોષ અને આ ગમગીની, આ નબળાઈ અને આ પરાજય...... અહા, અહા, આપણે સર્વે ઈશ્વરપિતાના જેવાં થઈશું.''

પતિ મૃત્યુ પામવાથી માર્થા ખૂબ શોકિત થઈ. પણ પ્રભુ પરનો

તેનો વિશ્વાસ મજબૂત બન્યો અને વૃદ્ધિ પામતો ગયો. જો કે તેનું શરીર ટી.બી.ના વ્યાધિથી કૃશ થઈ ગયું હતું, છતાં પણ તેના મુખ પર તો સ્વર્ગીય આશાના પ્રકાશનો ઝબકાર હતો કે, કોઈક દિવસ તે પણ તેના તારનારનું મોઢામોઢ દર્શન પામશે.

આ સ્વર્ગીય પિતાને મોઢામોઢ મળવાની તેની ઝંખના તથા આશા તેના નીચેના કાવ્યમાં કેવી સુંદર રીતે વ્યક્ત થઈ છે. ! -

*''પરોઢિયાના પ્રકાશમાં પ્રભુ પિતા પોતે*
*મારા બાગમાં ફરતા હોય છે.*
*પણ જેવી તેમનું અભિવાદન કરવા નીકળું છું કે*
*તે હંમેશા જતા રહ્યા હોય છે.*
*તેમનાં પગલાં પડેલાં તો હું જોઉં છું,*
*પણ વાયોલેટ ફૂલોની ક્યારીઓમાં,*
*ને લીલી-ફૂલોની ખુશબોમાં,*
*તેમની હાજરીનાં એંધાણ લળકી રહેલાં ભાળું છું.*
*ઓ મારા આત્મા, અધીરો કાં બન !*
*થોડીકવાર માટે, ધીરજ ધર, અને*
*આમાંના કો'ક દિને તું તેમને જોશે,*
*અને જરૂર મોઢામોઢ તેમનું મિલન થશે.''*

માર્થા લૉન્ગબીચમાં રહેતી હતી, ત્યારે ત્યાં ડૉ. લૂઈ બાઉમન નામે પાળક હતા જે માર્થા ઉપર ખૂબ ભાવ રાખતા હતા. આ ડૉ.બાઉમને માર્થાના કાવ્યપુસ્તક 'આકાશનો ઉંબરો'ની પ્રસ્તાવના લખી છે, અને બીમારીના બિછાના પરથી માર્થા નીકલસને જે અજાયબ સેવા આપી, તેનો સારો ઉલ્લેખ કર્યો છે. તેમણે લખ્યું, ''આ સૌની વહાલી લેખિકાના 'દેહમાં કાંટો' આપવાને સ્વર્ગીય પિતાને જરૂરથી કોઈ કારણ હશે જ હશે એમ કહેતાં હુ જરાયે અચકાતો નથી. મારી ખાતરી છે કે દુઃખનો રસ્તો કાપતા યાત્રીઓને

દિલાસો તથા હૈયાવિરામ મળે માટે આનંદના સંદેશ ફેલાવતી આ નાની પુસ્તિકા એ બધાં દુઃખયાત્રીઓને 'આકાશના ઉંબરે' જરૂરથી લઈ જશે. હા, જેનો યોજનાર તથા બાંધનાર ઈશ્વર પોતે છે એવા સ્વર્ગીય શહેરમાં એ તેમને જરૂર પહોંચાડશે.

માર્થા સ્નેલ નીકલસન હવે જાતે જ આકાશી ઉંબરે આવી ઊભી છે, ને જાણે કે પોતાનાં જ રચેલાં કાવ્યોમાં કહે છે :

*"હવે હું તેમના ઉંબરે આવી થોભી છું,*
*અને તમને વીનવું છું કે રુદન કરતાં મા,*
*કારણ કે હું હવે ખુદ મારા તારણહારના પોતાના*
*આવાસમાં પ્રવેશું છું.*

*આપણા આત્માના પ્રીતમે પોતાનાં વહાલાંઓ માટે*
*પોતાના જ હાથોએ જે મહામૂલી અજાયબીઓ*
*સંઘરી રાખી છે તે જોવા તથા પામવાને*
*સાનંદાશ્ચર્યથી ભરી ભરી આંખોએ હું અંદર પ્રવેશું*
*એવું જ તે ચાહે છે એમ મને લાગે છે.*
*કાનોએ કદી સાંભળ્યું નથી, આંખોએ કદી ભાળ્યું નથી,*
*અને ધૂંધળું મગજ જેની કદી કલ્પનાયે કરી શક્યું નથી,*
*એવું એવું બધું એ ખુલ્લાં દ્વારની પેલી ગમ,*
*આપણે જોઈશું ને માણીશું."*

**પ્રલંબ પીડાની પથારીએ પણ માર્થા સ્વર્ગીય ઘરનાં ખુલ્લાં દ્વાર જોઈ શકતી હતી. અને હવે તો તે 'આકાશી ઉંબરો' ઓળંગીને પરમ પિતાનું મોઢામોઢ મિલન પામવા અંદર પ્રવેશી ચૂકી છે. એ મિલનનો આનંદ કેવોક બધો હશે !**

†

# વિલિયમ વિલ્બરફોર્સ

## [ ખૂંધવાળો રાજનીતિજ્ઞ ]



ગુલામી સામે જેહાદ જગવવાને માટે ઈશ્વરે વિલિયમ વિલ્બરફોર્સને દર્શન આપ્યું. ઈંગ્લૅન્ડની પાર્લમેન્ટમાં જ તેણે એ જેહાદ જગાવી - નહિ કે કોઈ ખૂનખાર રણમેદાનમાં. ૫૯ વર્ષ સુધી ગુલામીના વેપાર સામે તે ઝઝૂમ્યો. તેની જોરદાર દલીલો સાંભળતાં માણસો મોંમાં આંગળાં નાખી જતાં, ને તેની ખોડ વિષે

ભૂલી જતાં. ગુલામો સંબંધી આમની સભા (હાઉસ ઓફ કૉમન્સ)માં તે ઘા નાખતો, ત્યારે તેનો ચહેરો ખીલી ઊઠતો. પાર્લમેન્ટ સમક્ષ ઊભા રહેવા તદ્દન અશકત બની ગયો ત્યાં સુધી તે ગુલામીની વિરુદ્ધમાં બોલ્યો. તેની મૃત્યુશય્યા પર તે સૂતો હતો, ત્યારે તેના અવિરત શ્રમના વિજય સમાચાર તેને સાંપડયા. પણ આ શુભ સમાચારથી તે એટલો આનંદી થઈ ઊઠયો કે તેનું હૃદય બંધ પડી ગયું, ને તે મૃત્યુ પામ્યો.

ઈંગ્લેન્ડના હલ શહેરના એક ધનિક વેપારીનો તે એકનો એક પુત્ર હતો. ઈ. સ. ૧૭૫૯ના ઑગસ્ટની ૨૪મીએ તે જન્મ્યો હતો. પિતાના મૃત્યુ બાદ નવ વર્ષની ઉંમરે તેના ધાર્મિક સગાંવહાલાંઓ સાથે તે રહેવા લાગ્યો. ધાર્મિક વાતાવરણ દ્વારા વિલિયમ ઘડાતો હતો, તે તેની માને પસંદ પડયું નહિ. તેથી તેણે વિલિયમને પાછો બોલાવી શ્રીમંતાઈની ઢબછબવાળા વાતાવરણ વચ્ચે મૂક્યો. તેમ છતાં ધાર્મિકતાની ઊંડી અસરો તેનામાંથી નષ્ટ થઈ શકી નહિ.

પંદર વર્ષની યુવાન વયે ગુલામોના વેપારની વિરુદ્ધમાં તેણે એક લેખ લખ્યો. એક અંગ્રેજી સામયિકમાં તે પ્રસિદ્ધિ પામ્યો. બે વર્ષ બાદ, કેમ્બ્રિજ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓનો તે નેતા બન્યો. આ યુવાન વક્તા એવો તો દિલ-સચ્ચાઈવાળો હતો કે, તેણે યુનિવર્સિટી છોડી ત્યારે પોતાની પ્રેરકબુદ્ધિ તથા માન્યતાઓની આડે આવતા મંડળીના સિદ્ધાંતોને અનુમોદન આપવા કરતાં, યુનિવર્સિટીના માનચાંદ જતાં કર્યાં.

બાવીસ વર્ષની ઉંમરે, જાહેર જીવન ગાળવાના દ્રઢ નિશ્ચય સાથે પાર્લમેન્ટના ઉમેદવાર તરીકે તે તેના પિતાના ઘર તરફથી ઊભો રહ્યો. વકતૃત્વ છટાને લીધે વયોવૃદ્ધ ઉમેદવારો સામે ચૂંટણીમાં તે વિજેતા બન્યો. આમની સભામાં વક્તા તરીકે મહત્ત્વનું સ્થાન તેણે પ્રાપ્ત કર્યું. પાર્લમેન્ટની પુનર્રચના સમયે ધનિક

સત્તાધીશો સામે યોર્કશાયર (ઈંગ્લેન્ડ)ના મોટા પરગણા તરફથી પ્રતિનિધિ તરીકે ચૂંટણીમાં તે વિજેતા બન્યો.

આમની સભાના ચાળીસ સભ્યોએ સરકારની કોઈપણ નિમણૂક પેન્શન કે ઉમરાવપણાના કોઈપણ ખિતાબ ન સ્વીકારવાની પ્રતિજ્ઞા લીધી. તેમાંથી માત્ર વિલ્બરફોર્સ તેની પ્રતિજ્ઞાને આજીવન વળગી રહ્યો. તેના જીવનના અંત સુધી, તે માત્ર સીધોસાદો વિલિયમ વિલ્બરફોર્સ જ રહ્યો હતો.

વિલિયમ પિટ્ટ તેનો નિકટનો મિત્ર હતો. રવિવારના દિવસોએ પિટ્ટ વિલ્બરફોર્સની મુલાકાત લેતો ત્યારે ભક્તિસભામાં ભાગ લેવા માટે વિલ્બરફોર્સ તેને આગ્રહ કરતો. આવી એક ભક્તિસભા પછી આ બંને વિલિયમ એક વૃક્ષની છાયા નીચે પડયા પડયા ગુલામીના દૂષણ સંબંધી વાત કરતા હતા.

''વિલ્બરફોર્સ, ઈંગ્લેડની જાગૃતિ માટે તારા જેવા જેહાદ જગાવનારની જરૂર છ. આ ગુલામોનો વેપાર ભયંકર બાબત છે. જરૂર હું માનું છું કે એ લાંબા સમયની અને કપરી લડત બનશે, પણ કોઈએ તો આગેવાની લેવી જ જોઈશે. અને **એ માણસ તે તું** જ છે.'' એમ પિટ્ટે કહ્યું.

મિત્રે કહેલાં વચનો પર ચિંતન કરતાં વિલ્બરફોર્સને ઈ. સ. ૧૭૮૫ના તેના અનુભવોનું સ્મરણ થયું. એ સાલમાં તે તેના મિત્ર અને આચાર્ય આઈઝેક મિલનર સાથે યુરોપખંડની સફરે નીકળ્યો હતો. આઈઝેક મિલનર પોતાની સાથે ફિલિપ ડૉડરિજ કૃત ('ધી રાઈઝ એન્ડ પ્રોગ્રેસ ઓફ રીલિજિયન' (ધર્મનો ઉદય અને વિકાસ) નામનું પુસ્તક લાવ્યો હતો. તેઓ બંનેએ સાથે આ પુસ્તક વાંચ્યું હતું, અને વિલિયમે પ્રભુ ઈસુને પોતાનું હૃદયદ્વાર ઠોકતો ત્યારે સાંભળ્યો હતો.

વિલ્બરફોર્સ તેની બીજી મુસાફરી વખતે સાથે ગ્રીક નવો કરાર લઈ ગયો હતો, અને ખંતથી તેનો અભ્યાસ પણ કરતો હતો. પાછા ફર્યા પછી તેણે સુવાર્તિક જ્યોર્જ વ્હીટફિલ્ડના કવિ-મિત્ર જોન ન્યૂટન આગળ પોતાનું દિલ ખોલ્યું હતું. તેણે કબૂલ્યું, ''મારો ભયંકર અપરાધ તથા મારા પૂર્વજીવનનું ઘોર અનુપકારીપણું મારા પર સખત દબાણ કરતાં હતાં. આજ લગી મેં મારો કીમતી સમય તથા તાલંતોનો માત્ર વ્યય કર્યો હતો તે માટે હું મને પોતાને દોષિત ગણવા લાગ્યો. મારા ભયંકર પાપાચારની શિક્ષાના ભયને લીધે નહિ, પણ મારી ભયંકર પાપાવસ્થાને લેધી આ ઉદ્વેગ મારામાં ઊપજ્યો હતો. આ વિચારની અસર એટલી ઘેરી થઈ કે, કેટલાય મહિના સુધી મારા દોષની ખાતરીને લીધે હું મહા ઊંડી નિરાશામાં ગરક થઈ ગયો.''

તેના આત્માને ઘેરી વળેલાં અંધકારને આત્મિક પ્રકાશ ભેદવાનો હતો. તે પછીના વર્ષે છવ્વીસ વર્ષની ઉંમરે તેણે કરેલી પ્રાર્થના : ''ઓ પ્રભુ, મુજ પાપી પર દયા કર !'' સાંભળવામાં આવી.

બે વર્ષો વીત્યા પછી પિટ્ટની સાથે વાત કરતાં વિલ્બરફોર્સે નિર્ણય કર્યો, તે જ તેની કારકિર્દીની શરૂઆત બની. તેણે કહ્યું, ''પિટ્ટ, મેં નિશ્ચય કરી લીધો છે : ગુલામોના વેપાર સામે હું લડત શરૂ કરીશ.''

અઠ્ઠાવીસ વર્ષનો આ જુવાન વકતા ગુલામી નાબૂદીનો પડકાર ફેંકવા લાગ્યો. વીસ વર્ષો વીત્યા બાદ તેનો સંદેશો ફળદાયી નીવડયો અને ગુલામોનો વેપાર બંધ થયો. પણ ગુલામીમાં ચાલુ રહેલાં ગુલામોને મુક્તિ મળતાં સુધી હજી બીજાં પચીસ વર્ષ વીત્યાં.

ભયંકર કામ તેની સામે હતું. અઢારમી સદીમાં માત્ર જમૈકાના

કિનારે જ આફ્રિકામાંથી દસ લાખ ગુલામો લાવવામાં આવ્યા હતા. ઢોર કરતાંયે તેમની ઓછી કાળજી થતી. ગુલામોના વેપારીઓ આફ્રિકાનાં જંગલોમાંથી જંગલના પ્રાણીઓની માફક તેમને પકડતા. પછી તેમને ઢોરોની જેમ વહાણમાં લાદવામાં આવતા. અને વહાણની અભરાઈઓ પર એકમેકની સાથે જકડી બાંધી દેવામાં આવતાં, ત્યાં તેઓ સીધા બેસી પણ શકતા નહિ. ત્યાંથી તેમને વેચવા-સાટવા માટે જમૈકાના ટાપુ પર લઈ જવામાં આવતા. મુસાફરી દરમિયાન ઘણા મૃત્યુ પામતા, અને તેમનું દુઃખ અકથનીય હતું.

ચાર વર્ષ સુધી વિલ્બરફોર્સે આફ્રિકી ગુલામોના વેપારનાં અનેક પાસાંઓ અંગેનો અભ્યાસ કર્યો. આખરે ઘણી પ્રાર્થના કર્યા બાદ ઈ. સ. ૧૭૮૯ના મેની બારમી તારીખે (જ્યોર્જ વૉશિંગ્ટન પ્રમુખ બન્યા તે વર્ષે) તેણે આમની સભામાં તેના પ્રશ્નની રજૂઆત કરી. અદ્‌ભુત વકતૃત્વ છટાથી સાડા ચાર કલાકના વકતૃત્વ દ્વારા તેણે ગુલામોની પ્રથા પ્રજાને લાંછનરૂપ છે તેવું જાહેર કર્યું, ને એ વેપાર બંધ કરવાની માંગણી કરી. પણ દરખાસ્ત નામંજૂર થઈ.

ઈ. સ. ૧૭૯૧માં, જોન વેસ્લી મૃત્યુ પામ્યો તે વર્ષે, વિલ્બરફોર્સે ફરી બીજો એક પ્રયત્ન કરી જોયો. વેસ્લીએ પણ આ અન્યાય સામે જેહાદ જગવવાની તેને અનેક વાર વિનવણી કરી હતી. જો કે આ વખતે પણ તેને પરાજય મળ્યો, છતાં ઘણી શક્તિશાળી એવી તરફદારી તેને મળી. ગુલામીનાબૂદીની તરફેણ કરનાર આગેવાનોનો આંકડો હવે વધવા લાગ્યો.

બીજે વર્ષે પણ વિલ્બરફોર્સે સીદીઓ (નિગ્રો)માં ચાલતો વેપાર નાબૂદ કરવા માટે આમની સભાને પડકાર કર્યો. ફરી પણ તે પરાજય પામ્યો. ઈ. સ. ૧૭૯૩માં તેને ખાતરી થઈ ચૂકી કે, તેની

લડતનો વિજય થવા માટે ઈશ્વરે તેને પસંદ કર્યો હતો. ફરી એકવાર તેણે પ્રયત્ન કરી જોયો, પણ વ્યર્થ.

વિલિયમે લાગતાવળગતા લોકોની એટલી ખફગી વહોરી કે અપશબ્દો અને સતાવણી તેને સહેવાં પડયાં. એ બધું પરાકાષ્ટાએ પહોંચતા તેના ખૂનનો પ્રયાસ પણ કરવામાં આવ્યો. પણ તે ચૂપ બેસે તેમ ન હતું. કાળી ચામડીવાળા તેના અનુયાયીઓને લીધે કોર્ટની તરફદારી પણ તે ગુમાવી બેઠો. છતાં તેણે પ્રાર્થના કરી, ''ઓ પ્રભુ, તારી ઈચ્છા પૂરી થાઓ.''

બ્રિટિશ લોકોની સહાનુભૂતિની મદદ મેળવવા તેણે હવે પ્રયત્ન આદર્યો. ''આ ધૃણાજનક વ્યાપાર સંબંધીની સર્વ હકીકત આપણે બ્રિટનના લોકોને કહીએ. મારી ખાતરી છે કે, બ્રિટિશ લોકો આવા વેપાર સામે પોકારી ઊઠશે,'' એમ તેણે જાહેર કર્યું. સમિતિઓ રચવામાં આવી, સભાઓ ભરવામાં આવી, અરજીપત્રો ઉપર સહીઓ લેવામાં આવી. ગુલામો ભરીને આવતાં વ્યાપારી વહાણોમાં તેમના પ્રત્યે કરવામાં આવતા અમાનુષી અને ક્રૂરતાભર્યા વર્તાવ દર્શાવતા ચિત્રો પ્રસિદ્ધ કરવામાં આવ્યા.

સૈકું બદલાયાને પાંચ વર્ષ પૂર્વે ફરી તેણે પાર્લમેન્ટમાં દરખાસ્ત રજૂ કરી, પણ નિરાશા, પછીના વર્ષે તેણે, આમની સભાના સભ્યો તેની દરખાસ્તને સાંભળે માટે તેમની દાદ માંગી; પહેલાં બે વાચન સુધી તો તેની દરખાસ્તને ટેકો મળ્યો, પણ ત્રીજા વાચન સમયે તેની દરખાસ્ત ઊડી ગઈ.

એવામાં વિલ્બરફોર્સ ભયંકર માંદગીમાં પટકાયો; પણ ઈશ્વરે સાજાપણા દ્વારા તેની પ્રાર્થનાનો પ્રત્યુત્તર આપી તેને આશીર્વાદ આપ્યો.

ઈ. સ. ૧૭૯૭ના મની ૧૫મીએ, તેના લગ્ન બાદ થોડા

સમય પછી, ફરી તેણે દરખાસ્ત રજૂ કરી, પણ તેને માત્ર પરાજય જ મળ્યો. પરાજયની પરવા કર્યા વિના બીજે વર્ષે પણ તેણે દરખાસ્ત મૂકી, જેમાં પિટ્ટ ફોક્સ અને ચેનિંગ તરફથી તેને ટેકો મળ્યો. માત્ર ચાર વિરુદ્ધ મતે નિર્ણય તેની વિરુદ્ધ પડયો. સૈકું પૂરું થાય તેને આગલે વર્ષે પણ તેણે એક પ્રયત્ન કરી જોયો.

ઈ. સ. ૧૮૦૪ના મે માસની ૩૦મીએ ફરીથી તેણે ગુલામોના વેપાર સામે કેસ રજૂ કર્યો. આમની સભામાં તેના વિજયની ઘોષણા થઈ રહી. ૪૯ વિરુદ્ધ ૧૨૪ મતે તેની દર્દભરી સચોટ દલીલોને વિજય મળ્યો. ઓછામાં ઓછું આમની સભામાં તો ગુલામોની મુક્તિ સંબંધીનો કેસ આખરે વિજયી બન્યો.

ત્રણ વર્ષ વીત્યા બાદ ઉમરાવગૃહમાં તેણે કેસ રજૂ કર્યો. ફેબ્રુઆરીની ચોથી તારીખે સવારના પાંચ વાગે બહુમતીથી બિલ પસાર થયું. એક માસ પછી સહી સિક્કા સાથે કાયદો પસાર થયો. આમ, બ્રિટિશ રાજયમાંથી ગુલામોના વ્યાપારનો અંત આવ્યો.

ગુલામગીરીમાં સબડતી કાળી ચામડીની પ્રજા માટે હજુ સુધી કાંઈ કરવામાં આવ્યું ન હતું. હવે પછીનાં પચીસ વર્ષ સુધી ગુલામોના સંપૂર્ણ સ્વાતંત્ર્ય માટે આ જેહાદી શૂરવીર લડયો.તેની પહેલી વારની જીત પછીનાં વીસ વર્ષ પછી ગુલામોને મુક્ત કરી સ્વતંત્ર ખેડૂતો બનાવવા તેણે પાર્લમેન્ટને ફરજ પાડી. આ સાથે તેમના લગ્નજીવનના, સંતાનપ્રાપ્તિના તથા ધાર્મિક શિક્ષણ મેળવવાના હક્કો પણ તેણે મંજૂર કરાવ્યા.

આ મહાન સુધારકની તબિયત હવે લથડવા માંડી હતી. યાતના ભોગવી રહેલા ગુલામોના પક્ષમાં આમની સભા સમક્ષ ઈ. સ. ૧૮૨૪ના મેની ૧૫મી તારીખે તે માત્ર છેલ્લી વાર બોલ્યો. તેનું સાંભળનાર સર્વને ખાતરી થઈ ચૂકી કે, માનવહક્કો માટે મધ્યસ્થી

કરવામાં વિલ્બરફોર્સ કરતાં કોઈપણ પ્રાચીન દૃષ્ટા કે કોઈપણ પુરાતન પ્રબોધક વધુ બળવતર નીવડયો ન હતો.

૪૪ વર્ષનું જાહેર જીવન જીવ્યા બાદ, પાર્લમેન્ટમાંથી નિવૃત્ત થઈ, તેણે એકાંત-ખાનગી જીવન શરૂ કર્યું. તેના જીવનકાળ દરમિયાન તેણે ઘણી અવનવી ચળવળોમાં રસ લીધો હતો, પણ તેનો મુખ્ય પ્રયત્ન તો ગુલામીના વિરોધ માટે હતો. ઈ.સ.૧૮૦૩માં ‘આમની સભા’માં વિજય પ્રાપ્ત કર્યાના આગલા વર્ષે, બ્રિટિશ એન્ડ ફોરેઈન બાઈબલ સોસાયટીનો પાયો દૃઢ કરવામાં પણ તેણે ખૂબ ઉત્સાહપૂર્વક સેવાફાળો આપ્યો હતો.

ડૉડરીજનું લખેલું પુસ્તક ‘ધી રાઈઝ એન્ડ પ્રોગ્રેસ ઓફ રીલિજિયન’ (ધર્મનો ઉદય અને વિકાસ) વાંચ્યા બાદ તેણે સમાજના ઉપલા વર્ગના લોકો માટે એક પુસ્તક ‘એ પ્રેક્ટિકલ વ્યૂ ઓફ ક્રિશ્ચિયાનિટી’ (વ્યાવહારિક ખ્રિસ્તી જીવન) લખવાનો નિર્ધાર કર્યો. આ પુસ્તક પ્રસિદ્ધ થતાં થોડા દિવસોમાં જ તેની બધીયે નકલો વેચાઈ ગઈ, અને છ માસમાં જ તેની બીજી પાંચ આવૃત્તિ પ્રસિદ્ધ થઈ. આ પુસ્તકની માંગ એટલી તો વધી ગઈ કે, ધીમે ધીમે તેની બીજી પંદર આવૃત્તિ છાપવામાં આવી.

આ વિશિષ્ટ પુસ્તકનું ભાષાંતર યુરોપના અન્ય ખ્રિસ્તી દેશોની બધી જ ભાષાઓમાં કરવામાં આવ્યું, અને ઠેઠ અમેરિકા તથા ઈન્ડિઝ સુધી તે પુસ્તક વંચાયું. આ પુસ્તક દ્વારા ઉપલા સ્તરના કેટલાયે લોકો ખ્રિસ્તી બન્યા, તેમ જ ઘણા અભ્યાસકો અને ધર્મસેવકોના જીવનોનું બદલાણ થયું. વિલ્બરફોર્સ તેની મૃત્યુશય્યા પર સૂતેલો હતો, ત્યારે પ્રખ્યાત રાજનિતિજ્ઞ બર્કે આ પુસ્તક તથા તેમાંના સંદેશાને માટે તેનો આભાર વ્યક્ત કર્યો હતો.

જો કે પાર્લમેન્ટમાંના તેના સેવાકાળ દરમિયાન આખાયે બ્રિટિશ

સામ્રાજ્યમાંથી ગુલામોને પૂરેપૂરો છુટકારો આપવામાં તેને સંપૂર્ણ વિજય મળ્યો ન હતો, પણ ઈશ્વરે લડતના આ સંદેશને ઝીલી લેનાર અન્યને પણ તૈયાર કર્યા હતા. ઈન્ડિઝ ટાપુઓમાંથી ગુલામીની પ્રથા નાબૂદ કરવાની ઝુંબેશના આગેવાન તરીકે સર થોમસ બર્કસ્ટને આમની સભામાં લડત શરૂ કરી. આઠ વર્ષ સુધી આ મુશ્કેલીભરી લડત લડયા બાદ બર્કસ્ટન વિજયની વરમાળાને વર્યો. આખરે ઈ.સ. ૧૮૩૩ના જુલાઈની ૨૬મીના એ મહિમાવંત દિવસે શુભ સમાચાર આવ્યાં. બર્કસ્ટને પાર્લમેન્ટ સમક્ષ પ્રવચન કર્યું, અને મત ગણતરી કરતાં ગુલામીની નાબૂદીના મતને તરફદારી મળી.

માંદગીમાં પટકાયેલા વિલ્બરફોર્સને તેના ઘરની બહાર ખુરશીમાં બેસાડવામાં આવ્યો હતો. તેના મિત્ર બર્કસ્ટને પાર્લમેન્ટમાં મૂકેલી ગુલામી નાબૂદીની દરખાસ્તને બહાલી મળી હતી, અને ગુલામી નાબૂદ થઈ હતી, એ સંદેશ લઈને એક સંદેશિયો તેના તરફ ધસી આવતો હતો. વિલ્બરફોર્સ પોકારી ઊઠયો, ''ઈશ્વરનો આભાર, ગુલામોના સ્વાતંત્ર્ય માટે બે કરોડ પાઉન્ડ (૨૬ કરોડ રૂપિયા)જતા કરવા ઈંગ્લેન્ડ તૈયાર છે, એ શુભ દિવસ જોવા ઈશ્વરે મને હયાત રાખ્યો તેથી આભાર માનું છું.'' તેવામાં આનંદના અતિરેકમાં લકવાની અસર થવાથી તે એકાએક બેહોશ થઈ ગયો. ગુલામીની પ્રથા સામે વર્ષો સુધી ઝઝૂમનારો આ મહાયોદ્ધો ત્રણ દિવસ પછી મૃત્યુ પામ્યો. તેના મૃતદેહને સન્માનવા તથા સ્વીકારવા માટે વેસ્ટમિન્સ્ટર એબેનાં દ્વાર ખૂલ્યા. આગેવાન રાજનીતિજ્ઞો શબવાહિનીને લઈ આગળ વધ્યા. સ્વાતંત્ર્યને અર્થે ઝઝૂમનાર, ઈશ્વરે પસંદ કરેલા, આ ખૂંધવાળા રાજનીતિજ્ઞનો અંતિમવિધિ અપૂર્વ માન તથા ભારે દબદબાસહિત કરવામાં આવ્યો. આવા મહાપુરુષ આગળ શિર ઝૂકી જાય છે.

†

# જોન મિલ્ટન

## [ અંધ કવિ ]



ઈ. સ. ૧૬૦૮ના ડિસેમ્બરની ૯મી તારીખે લંડન શહેરની બ્રેડ સ્ટ્રીટમાં યશસ્વી કારકિર્દીવાળા એક કલાર્કને ત્યાં પુત્રદાન પ્રાપ્ત થયું. પિતા ખૂબ હિંમતવાન અને સિદ્ધાંતવાદી પુરુષ હતા. તેઓ ઍંગ્લિકન ચર્ચમાં જોડાયા તેથી તેમના રોમન કેથલિક પિતાએ તેમને વારસમાંથી બાતલ કર્યા હતા. માતા પ્રેમાળ હૃદયના ને દયાળુ હતાં.

પોતાના જીવનસંસ્મરણો ટાંકતા જોન આ પ્રમાણે લખે છે :

‘‘બાલ્યાવસ્થામાં કોઈપણ બાલરમત મને આનંદક લાગતી ન હતી. મારું સમગ્ર ધ્યાન વધુ જાણવા તેમ જ શીખવા પ્રત્યે હતું. ત્યાર પછી શું સારું છે, તે અમલમાં મૂકતો. હું ધારતો કે, હું તેટલાં માટે જ જન્મ્યો છું. સત્યનો પ્રસાર કરવા અને ન્યાયી કૃત્યો કરવા માટે જ હું જન્મ્યો છું.

એક સ્કોટિશ પ્રેસ્બિટેરિયન પાળક જોનના અંગત શિક્ષક હતા. તેમણે ટ્યૂશન આપીને તેને સેંટ પૉલની શાળા માટે તૈયાર કર્યો. આ વખતે તેની ઉંમર બાર વર્ષની હતી. તેના વિદ્યાર્થીજીવન વિ તે આ પ્રમાણે નોંધે છે : ‘‘બાર વર્ષની ઉંમરથી જ મને મોડી રાત સુધી કામ કરવાની ટેવ પડી હતી. મારા પાઠો તૈયાર કરીને મધરાત પહેલાં ભાગ્યે જ હું ઊંઘી જતો. મારી આંખોના બગાડનું પ્રથમ કારણ એ જ છે.’’ અભ્યાસમાં સોએ સો ટકા મળે માટે તે ઉજાગરા કરતો. સોળ વર્ષની ઉંમરે તો મિલ્ટન ગ્રીક, ફ્રેન્ચ, ઈટાલિયન ને હિબ્રૂ ભાષાનો જાણકાર બની ગયો. કેમ્બ્રિજ ખાતે ગાળેલાં અ વર્ષો તો આ અભ્યાસી જુવાનના સાહિત્યવિષયક જ્ઞાનનો વિકાસ કરવા માટેનાં હતા. શરૂઆતના સમયમાં મોજીલા વિદ્યાર્થીઓમાં જોન બહુ જાણીતો થયો ન હતો. યુનિવર્સિટીના તેના અભ્યાસકાળના સાતમાં વર્ષની આખરે તે અધ્યાપકવર્ગ તથા સહાધ્યાયીઓનું માન સંપાદન કરી શક્યો.

ઈ. સ. ૧૬૨૭માં તેના અંગત અધ્યાપક સાથે મતભેદ પડતાં આ દ્રઢ મનોબળવાળો યુવાન યુનિવર્સિટીને તિલાંજલિ આપી પિતાને ઘેર પાછો ફર્યો, અને મતભેદનું નિરાકરણ ન થયું ત્યાં સુધી તે પિતૃગૃહે જ રહ્યો. આખરે બીજા અંગત અધ્યાપકની નિમણૂક તેને માટે કરવામાં આવી. ઈ.સ. ૧૬૨૯માં તે બી.એ.

થયો, અને પછી એમ.એ. પણ કર્યું. ઈ. સ. ૧૬૨૯માં તો તે જુદી જુદી ભાષાઓની 'ક્લાસિક્સ' મૂળ ભાષાઓમાં વાંચી શકતો.

મંડળી સાથેના વિખવાદને કારણે ધર્મસેવામાં જોડાવાનો વિચાર તેણે માંડી વાળવો પડયો. ઍંગ્લિકન ચર્ચની માન્યતાઓ ને ધર્મ સિદ્ધાંતોનો સ્વીકાર નહિ કરતાં, પ્યુરિટન પંથ તરફ તેનું વલણ ઢળતું હતું. ધનિક પિતાનો પુત્ર હોવાથી તે ઘેર પાછો ફર્યો ને સાહિત્યના ક્ષેત્રમાં જોડાઈ ગયો.

તે પછીનાં પાંચ વર્ષો દરમિયાન હોર્ટન તથા બકિંગહામમાં તેના કુટુંબીજનો સાથે રહેતાં તેણે ભારે આશાસ્પદ કાવ્યકંડિકાઓ રચી. તેની અદ્‌ભુત કૃતિઓમાંની કેટલીક આ જ સમયે રચાઈ હતી. પોતાના લખાણો વિષે તે જણાવે છે : ''આ આંતરસ્ફૂરણા મારામાં દરરોજ બઢતી જાય છે, અને અથાગ પરિશ્રમ તથા અવિરત અભ્યાસ મારા જીવનના અંશ બની ગયા છે, અને તેઓ વડે તેમ જ કુદરતની ભારે સહાય વડે હું કંઈક એવું લખી જવાનો છું કે, મારા મૃત્યુ પછી પણ ચિરંજીવ રહે.'' કોઈ એક એવું શ્રેષ્ઠ સર્જન કરવાની મહાકાંક્ષા તે સેવતો હતો, જે તેના મૃત્યુ બાદ પણ ચિરંજીવ બની રહે.

ઈ. સ. ૧૬૩૭માં તેની માતાના મૃત્યુ બાદ ઈટાલીની લાંબી મુસાફરી તેણે કરી. તે દ્વારા તે સમયની મહાન વિભૂતિઓ ગેલિલિયો, ગ્રોતિયસ તેમ જ બીજી અનેક વ્યક્તિઓ સાથે અંગત પરિચયમાં તે આવ્યો. તેની આ મુલાકાત વડે નવું દર્શન પામીને તે ઈંગ્લેન્ડ પાછો ફર્યો. પિતાની શીળી છાંય છોડીને સ્વાશ્રયી બની તે લંડન ગયો. આજીવિકા મેળવવા પ્રથમ તેણે તેની બહેનના દીકરાઓનું ટ્યૂશન શરૂ કર્યું, અને ધીમે ધીમે બીજાં ટ્યૂશનો મળવા લાગ્યાં. ઘરમાં માણસોની અવરજવર ઘણી રહેવાથી શહેર બહાર એલ્ડર્સગેટમાં તેણે એક ઘર ભાડે રાખ્યું. આ સમયે પોતાનો નિર્વાહ

કરવાનું મુશ્કેલ બનવાથી તેના પિતાએ તેના પર પૈસા મોકલવાનું ચાલુ રાખ્યું.

તે દરમિયાન ઈંગ્લેન્ડની રાજકીય પરિસ્થિતિ એટલી તંગ બની ચૂકી કે, જોન પણ હવે શાંત રહી શકે તેમ ન હતું. ત્યારથી તેના જીવનનો એક તદ્દન નવો જ તબક્કો શરૂ થયો. ટૂંક સમયમાં જ હવે એ સમયનો આગેવાન પત્રકાર તે બનવાનો હતો. બિશપપદી વ્યવસ્થા સામે પ્રબળ પ્રહાર કરતી તેની પ્રથમ પત્રિકા ઈ. સ. ૧૬૪૧માં બહાર પડી. એક વેળા શરૂ કર્યા પછી આ અણનમ લેખકને કોઈ અટકાવી શકે જ નહિ !

હવે પછીનાં તેનાં લખાણો ખૂબ ઉગ્ર બનતા ગયા. એક જૂના શાહી કુટુંબની કન્યા, મેરી પોવેલ સાથે તેનુ દામ્પત્યજીવન સુખી નહિ નીવડવાના કારણે તે નિરાશ બની ગયો ને રાજકીય ક્ષેત્રમાં ઝંપલાવ્યું. મેરી તેના પિતાને ઘેર જતી રહી. બે વર્ષ સુધી સમજાવટ કર્યા છતાં તે એકની બે ન થઈ. આ શોખીન કન્યા સદાયે અભ્યાસી એવા મિલ્ટન સાથે સુખી બની શકે એ અસંભવિત હતું. તેનાં માતા-પિતાએ તેને આશ્વાસન આપ્યું, ને જોન જીવનની કડવાશ ચાખતો એકલોઅટૂલો રહ્યો.

જોન હવે વિરોધી વાતોમાં વધુ રસ ધરાવતો થઈ જવાથી, મુશ્કેલીઓમાં સપડાતો જતો હતો. પરવાનો મેળવ્યા સિવાય પત્રિકાઓ પ્રસિદ્ધ કરવી એ ગેરકાયદે છે, એ જાણ્યા છતાં પરવાનો મેળવવાની તેને પડી ન હતી. પરવાના વિનાનાં લખાણો પ્રસિદ્ધ કર્યા બદલ તેને ઠપકો સહન કરવો પડ્યો, ત્યારે તેણે બીજી પત્રિકા પ્રસિદ્ધ કરી, જેમાં પરવાના વિનાનાં પ્રકાશનોની મુક્તિ માટેની હૃદય-સોંસરી વિનંતી હતી. આ તો તેનું સાહસિક પગલું કહેવાય. પણ તેને માટે તેની ધરપકડ કરવામાં આવી નહિ.

રાજકીય પરિસ્થિતિ એટલી કટોકટીભરી બની ગઈ હતી કે, જોનની પત્નીનું શાહીવાદી કુટુંબ પણ ખૂબ મુશ્કેલીમાં આવી પડયું. તેઓએ મેરીને સમજાવી કે, તે તેના પતિ જોનની સાથે સમાધાની કરે. આખરે મેરી નમતું જોખી તેના લેખક-પતિના ઘેર આવી વસી. જોનનો પિતા પણ હવે તેમની સાથે રહેવા લાગ્યો. તેથી જોન મિલ્ટને હવે બાર્બિકનમાં એક મોટું ઘર ભાડે રાખ્યું.

ઈ. સ. ૧૬૪૫માં તેનાં કાવ્યોનું પ્રથમ પુસ્તક બહાર પડયું. એમાં મોટા ભાગનાં અગાઉ રચેલાં કાવ્યો ઘટિત ફેરફાર સાથે છપાયાં હતાં. બે વર્ષ દરમિયાન જોને માત્ર લખવામાં જ વધારે સમય ગાળ્યો. તેના મૃતપિતા તેને આર્થિક રીતે સદ્ધર સ્થિતિમાં મૂકી ગયા હતા.

આ મહાકાંક્ષી કવિના જીવનમાં બીજો પણ અગત્યનો પ્રસંગ આવ્યો. તેણે રાજા ચાર્લ્સની સામેના મુકદ્દમા સમયે એક નીડર પત્રિકા બહાર પાડી. એમાં ક્રોમવેલિયન પ્યુરિટનોના સિદ્ધાંતોની તરફદારી કરવામાં આવી હતી. પરિણામે રાજા ચાર્લ્સના દેહાંત બાદ નવી કાઉન્સિલમાં લેટિન મંત્રી તરીકેનું સ્થાન તેને આપવામાં આવ્યું. ચેરિંગક્રોસના વસવાટને તિલાંજલિ આપી, વ્હાઈટ હોલ પેલેસમાં જોન તેથા તેનું કુટુંબ રહેવા ગયું.

પત્રિકાઓ પ્રસિદ્ધ કરનાર અધિકૃત સરકારી વ્યક્તિ તરીકે દેશમાં સૌ કોઈ તેના અભિપ્રાય જાણવા ઉત્સુક રહેતાં. આ પદે તેનું પ્રથમ કાર્ય આ હતું : માત્ર ત્રણ જ અઠવાડિયાં અગાઉ ચાર્લ્સ પહેલાનો વધ કરવામાં આવ્યો હતો. તે ચાર્લ્સની તરફદારી કરતી 'રાજાની પોથી'નો પ્રત્યુત્તર તેણે વાળવાનો હતો. ઈંગ્લેન્ડની પ્રજાનો મોટો ભાગ સ્વર્ગસ્થ ચાર્લ્સ પહેલાના પક્ષનો હતો. તેને ચાલુ સરકારની દ્રષ્ટિ-વિચાર મુજબ વિચારતો બનાવવાનો હતો.

ઈ. સ. ૧૬૫૧માં તેની પત્ની મેરી ચાર બાળકોને મૂકી ૨૬ વર્ષની ભરજુવાનીમાં સ્વર્ગે સિધાવી તે પછીના ટૂંક સમયમાં જ તેનો એકનો એક પુત્ર માતાની પાછળ સ્વર્ગે ગયો. અધૂરામાં પૂરું મિલ્ટન તદ્દન અંધ બની ગયો. તેની મહામૂલી દોલત - તેની દ્રષ્ટિ - લૂંટાઈ ગઈ. અવિરત પરિશ્રમની ભારે કિંમત તેને ચૂકવવી પડી.

જો કે કાન્સિલ પર લેટિન મંત્રી તરીકેનું તેનું પદ ચાલુ જ રહ્યું, છતાં તેનો પગાર ખૂબ ઓછો કરી નાંખવામાં આવ્યો, કારણ કે અંધ બની જવાથી તેને બીજા મદદગારોની જરૂર ઊભી થઈ.

ઈ. સ. ૧૬૫૬ના નવેમ્બરમાં તેણે કેથેરાઈન વુડકોક સાથે પુનર્લગ્ન કર્યાં. અઢાર માસ સુધી સુખી દામ્પત્યજીવન પસાર કર્યું, પણ એક બાળકીને જન્મ આપ્યા બાદ, માતા તેમ જ નવજાત શિશુ બંને ગુજરી ગયાં. પરાજયની પરંપરાથી મિલ્ટનનું બળ તૂટવા લાગ્યું. અગિયાર વર્ષ મંત્રીપદેથી કામગીરી બજાવ્યા બાદ અંધ મિલ્ટને ઓફિસનું કાર્ય છોડી દીધું. પુત્રીઓને મિત્રોને ઘેર મોકલી દઈ પોતે કારણસર ભૂગર્ભમાં ગયો. તેણે જે પક્ષની સેવા ખૂબ ખંતથી બજાવી હતી, તે પક્ષ હવે સત્તા પર ન હતો. ચાર્લ્સ બીજો હવે ગાદી પર આવ્યો હતો.

મિલ્ટન જે ચિરંજીવ સર્જન કરવાનાં સમણાં ચાલીસ ચાલીસ વર્ષથી સેવી રહ્યો હતો, તેને મૂર્તિમંત કરવાનો હવે પ્રસંગ આવ્યો. લાંબા સમય પર પેરેડાઈઝ લોસ્ટ (ખોયેલું સ્વર્ગ) લખવાનાં સ્વપ્નો તેણે સેવેલાં. હવે તે કાર્ય તેના માટે અશક્ય બન્યું હોય તેમ જણાવા લાગ્યું. કારણ કે અગાઉના અધિકારીઓને સરકારે દ્રોહીઓ તરીકે જાહેર કર્યા. વિરોધીઓથી છુપાતા આ અંધ કવિને ક્યારે પોતાની ધરપકડ થશે તેની ખબર ન હતી.

શાહીવાદી સરકારવિરોધી તેનાં લખાણોને જાહેરમાં બાળી

નાખવાનું શાહી ફરમાન કરવામાં આવ્યું, પણ જોનને અદાલતમાં બોલાવવામાં આવ્યો ન હતો. નુકસાનીની સામે વળતર મેળવવાનો પરવાનો લઈ, રેડ યુનિયન સ્કવેર પાસેના પોતાને ઘેર તે પાછો ફર્યો. સતાવણી સામે તે બચી ગયો હતો. હવે, પોતે શરૂ કરેલા મહાકાવ્યને પૂરું કરવામાં તેણે પોતાનો બધો સમય આપવા માંડયો.

મિલ્ટનની પુત્રીઓ પિતા સમક્ષ સતત કલાકો સુધી પોતે ન સમજી શકે તેવી ભાષાઓ વાંચતી. મિલ્ટને ઈ. સ. ૧૬૬૨ના ફેબ્રુઆરીની ૨૬મીએ ઇલિઝાબેથ મીશલ નામની કન્યા સાથે લગ્ન કર્યાં. તે પછી તેની પુત્રીઓએ ઘરનો ત્યાગ કર્યો. એક માત્ર ચોવીસ વર્ષની તેની યુવાન પત્ની તેથી જાથુ સાથીદાર અને મદદનીશ બની રહી. બનહીલનાં ખેતરો પાસે આવેલા આર્ટીલરી વૉકમાં આ નવયુગલ જઈ વસ્યું. જોનનું શેષ જીવન ત્યાં જ પસાર થયું. તેની સર્વશ્રેષ્ઠ કૃતિની પૂર્ણાહુતિ પણ અહીં જ થઈ.

પ્લેગની ભયંકર મરકી વખતે મિલ્ટને તેની પત્ની સાથે લંડન છોડયું. એક અંધ કવિ માટે ખૂબ કઠિન એવું કાર્ય તેની પ્રેમાળ મદદગાર પત્નીના સહારે તેણે ચાલું રાખ્યું. આમાં તેને પોતાની સ્મરણશક્તિ પર ખૂબ આધાર રાખવો પડતો, પણ તેણે કામ આગળ ધપાવ્યે જ રાખ્યું.

લંડનમાં આગની જવાળાઓ ભભૂકી ઊઠી ત્યારે તેનું પુસ્તક લગભગ તૈયાર હતું. આગની જવાળાઓ જોનના ઘરની ઘણી નજદીક આવી રહી હતી. જો તે જવાળાઓને કાબૂમાં લેવામાં આવી ન હોત, તો જોનના કીમતી હસ્તલેખ આગમાં ભરખાઈ જાત. આ સમયે જોનનું જન્મસ્થળ ભસ્મીભૂત બની ગયું.

મહાપરિશ્રમનું ફળ આખરે સિદ્ધ થયું. ઈ. સ. ૧૬૬૭ના માર્ચની ૨૭મીએ 'પેરેડાઈઝ લોસ્ટ' (ખોયેલું સ્વર્ગ) દસ સંગ્રહનું

એ દળદાર પુસ્તક પ્રસિદ્ધ થયું. મિલ્ટનને ખાતરી થઈ હતી કે, તેનું આ શ્રેષ્ઠ સર્જન તેના મૃત્યુ બાદ પણ અમર બની રહેશે. ખરેખર, વિશ્વભરના મહાસર્જનોમાંનું આ એક મહાસર્જન છે.

તેના અંધાપા વિષે તે આમ લખે છે : ''ઈશ્વરના કોપનું પાત્ર હું હોઉં એવું મને કદી જ લાગ્યું નથી, યા મેં કદી તેવું માન્યુંયે નથી. પણ મારા પ્રત્યે ઈશ્વરનો વત્સલ પ્રેમ તેમ જ કૃપા મેં અનુભવ્યાં તેમ જ પિછાન્યા છે. જીવનની મહત્તમ પળોમાં અને વિશેષે આ અંધાપામાં મારા આત્માને તેનો દિલાસો તેમ જ સામર્થ્ય પ્રાપ્ત થયાં છે. હું જેનાથી વંચિત રહ્યો છું, તેના કરતાં મને ઈશ્વરે શાનાથી ભરપૂર કર્યો છે, તેનો મે વારંવાર વિચાર કર્યો છે.

તેનું મહાકાર્ય પૂરું થયા બાદ બાકીના વર્ષોમાં મિલ્ટન તેની પત્ની સાથે પોતાના ખુશનુમા બગીચામાં ફરતાં ફરતાં કવિતાની કંડિકાઓ તેમ જ વિચારો સંભળાવતો; તેની પત્ની તે નોંધી લેતી.

દેહની મર્યાદાઓ છોડી, ઈ. સ. ૧૬૭૪ના નવેમ્બરની ૮મીના પ્રભુવારે આ અંધ મહાકવિ જોન મિલ્ટને આ પૃથ્વીનો ત્યાગ કર્યો. જે સ્વર્ગીય સ્થાનો વિષે તેણે પોતાની કલમ રસળતી કરી હતી, તેનો મહિમા માણવા તે જઈ પહોંચ્યો. 'ખોયેલું સ્વર્ગ' બહાર પાડી આખરે તે સ્વર્ગ માણવા સ્વર્ગે જ પહોંચી ગયો.

†

# મેરી જોન્સ

## [ મુશ્કેલીઓ સામે શોધક ]



એક બાઈબલની ખોટ વડે જે ખરેખર ભારે મુશ્કેલી અનુભવતી હતી, એવી એક બાળાની આ વાર્તા છે. મેરી શરીરે તો અપંગ ન હતી, પણ બાઈબલની ખોટ એ તેને મન ભારે મોટી અપંગતા હતી. મેરી જોન્સ ઈ. સ. ૧૭૮૪ના ડિસેમ્બરની સોળમીએ પશ્ચિમ વેલ્સના પર્વતની તળેટીએ લાનફીહંગલ ગામમાં

જન્મી હતી. તેનાં માતાપિતા જેકબ અને મૉલી, ગરીબ વણકર હતાં. દુનિયાનું સૌથી કીમતી પુસ્તક બાઈબલ તે જમાનામાં વેલ્સનાં થોડાંઘણાં માણસો પાસે જ હતું. ડેવિડ લિવિંગ્સ્ટન જે કુટુંબમાંથી આવ્યો હતો, તે પ્રખ્યાત સ્કોચ કુટુંબની પેઠે જોન્સ કુટુંબ ગરીબ પણ ધાર્મિક હતું.

બાલ્યાવસ્થાથી જ મેરી ઈશ્વરનાં વચનો માટે ખૂબ આતુર હતી. તેની માએ તેને ''મારા પગોને સારુ તારું વચન દીવારૂપ છે, તે મારા માર્ગને સારુ અજવાળારૂપ છે'' તે તેમ જ બીજાં થોડાં શાસ્ત્રવાક્યો શીખવ્યાં હતાં. પ્રત્યેક સાંજે તેનાં માતાપિતા ફાનસ લઈને મેરીને વેસ્લિયન મંડળીની ભક્તિસભામાં લઈ જતાં. મેરી બહુ ધ્યાનથી ધર્મસેવકને સાંભળતી. આઠ વર્ષની કુમળી વયે મેરીએ તેની માને એક પ્રશ્ન પૂછેલો તે દ્વારા રજૂ થયેલી જરૂરિયાતની મારફતે દુનિયાની એક મહાન સંસ્થાનો ઉદ્ભવ થયો.

''મા, શા માટે આપણી પાસે આપણું પોતાનું બાઈબલ નથી ?'' સાંજની એક ભક્તિસભા વખતે આ પ્રશ્ને મેરીના મનમાં ગડમથલ ઊભી કરી. માતાએ વહાલથી કહ્યું, ''બેટા, બાઈબલની નકલો બહુ જ ઓછી છે, અને તે ખરીદવા માટે આપણે ઘણાં ગરીબ છીએ. વણકરનો ધંધો એક પ્રામાણિક ધંધો છે ખરો, પણ આપણે તે દ્વારા ધનવાન બની શકતાં નથી. આપણી જરૂરિયાત જેટલાં વસ્ત્રો મેળવતાં આપણે આપણી જાતને ધન્ય માનીએ છીએ. ઈશ્વરનાં કીમતી વચનો આપણા હાથમાં આવે, તેના કરતાં તેનું શિક્ષણ અને સત્ય આપણાં હૃદયોમાં રહે, તે વધારે કીમતી છે. મારી નાની દીકરી, જેઓ ઈશ્વરનાં પ્રેમને પામ્યાં છે તેઓ, બાઈબલ તેમને શીખવી શકે તે કરતાં, સૌથી મોટું સત્ય શીખ્યા છે.

જેઓ ક્ષમા અને શાંતિ માટે તારનાર પર ભરોસો રાખે છે,

અને અનંતજીવનની આશા રાખે છે, તેઓ ઈશ્વરનાં વચન તથા ઈચ્છા માટેના ભરપૂર જ્ઞાન માટે ધીરજથી વાટ જુએ છે.''

તે રાતે તેમના નિવાસસ્થાને પાછા ફરતાં, માએ કહેલાં વચનો પર, મેરી ચિંતન કરતી રહી.

તેણે અધીરાઈથી કહ્યું, ''વહાલાં, મા, તમે વધારે રાહ જોઈ શકો, કારણ કે તમે તો લાંબા સમયથી રાહ જોવા ટેવાઈ ગયાં છો. પણ મારા માટે તે ઘણું કપરું છે. હું બાઈબલનાં વચનો સાંભળું છું, ત્યારે વધારે સાંભળવા હું આતુર બનતી જાઉં છું. જ્યારે હું વાંચતાં શીખીશ, ત્યારે તો મારી ધીરજ ખૂટી જ જવાની.''

મેરીને વાંચતાં આવડતું ન હતું, તે બાબત પ્રત્યે તે સજાગ બની. બાઈબલની ખોટ જેટલી જ આ એક બીજી ગંભીર અપંગતા હતી. વાચનશક્તિ તેને ઈશ્વરવચનોના ખજાનામાં ખોદવા શક્તિમાન કરે તેવા સમયનાં સ્વપ્ન તે સેવવા લાગી. મેરીના ઘરથી બે માઈલ દૂર રહેતાં શ્રીમતી ઈવાન્સ, વારંવાર મેરીની તથા બીજાં પાડોશીઓનાં ઘરની મુલાકાત લેતાં. આ બાનુ મેરીને બાઈબલમાંની અજાયબ વાર્તાઓ કહેતાં. આઠ વર્ષની આ બાળાને તે ઘણું ગમતું. એક દિવસ શ્રીમતી ઈવાન્સ ઈંડાં ખરીદવા મેરીના ઘેર ગયાં. તે વખતે વાતવાતમાં મેરીની માએ પાડોશણ બાઈને કહ્યું, ''મેરીને જો શાળામાં થોડુંક શિક્ષણ પણ અમે આપી શક્યાં હોત તો કેવું સારું ! તેને શીખવાની અદમ્ય ઈચ્છા છે, અને હવે તો તેણે ખરેખર શીખવું જ જોઈએ. મેરી આઠ વર્ષની તો થઈ, છતાં શીખવાની તેને હજી તક મળી નથી !''

મેરીના ચહેરા પરથી આંસુઓની ધારા વહેવા લાગી. ડૂસકાં ભરતાં તે કહેવા લાગી, ''અરે, જો હું માત્ર શીખી શકું તો !''

વાતના અનુસંધાનમાં શ્રીમતી જોન્સે, પોતાના પતિએ થોડા

સમય પહેલાં કહેલી, વાત યાદ આવતાં જણાવી, ''વેલ્સ ભાષામ બાઈબલોની અછત વિષે બધે જ વાત થાય છે. જેઓ ખરીદી શ તેમ છે, તેઓ પણ મહામુશ્કેલીએ બાઈબલ મેળવી શકે છે; ગરી લોકોને તો તે મુદ્દલ મળતાં નથી.''

જતાં જતાં શ્રીમતી ઈવાન્સે રડતી મેરી તરફ જોઈ કહ્યું, ''નાન મેરી, તું વાંચતાં શીખી જાય ત્યારે જો તારી પાસે બાઈબલ ન હોય, તો તું જરૂરથી ગમે ત્યારે અમારે ઘેર આવજે, અને અમા બાઈબલ વાંચજે તથા તેનો અભ્યાસ કરજે, જો તું એટલે દૂર આવ શકે તો.''

મેરી બોલી ઊઠી, ''એ તો ફક્ત બે જ માઈલ દૂર છે ! એ તો કાંઈ વિસાતમાં નહિ. એવી તક માટે તો હું તેથી પણ વધા ચાલી નાખું. ફક્ત જો હું કદીયે વાંચતાં શીખી શકું તો !''

તે રાતે મેરી પોતાની પથારી નજીક ઘૂંટણે પડી, તેના નાન હાથો જોડયા, અને આકાશગમ જોઈને પ્રાર્થના કરવા લાગી ''વહાલા પ્રભુ, જૂના કાળમાં તમે ભૂખ્યાં માણસોને રોટલી આપ તેમ જ ગરીબમાં ગરીબને પણ શીખવ્યું તથા આશીર્વાદ આપ્યો તો મહેરબાની કરીને મને શીખવાની તક આપો. મને અંધારામાં જ મોટી થવા દેશો નહિ.''

બે વર્ષ સુધી મેરીની પ્રાર્થનાનો જવાબ મળ્યો નહિ. તે દર વર્ષની થઈ તેવામાં તેના પિતા ખબર લાવ્યા કે, પાડોશમાં આવેલ એબરજીનોલ્વીન ગામમાં એક શાળા શરૂ થનાર છે, અને શિક્ષકન પસંદગી પણ થઈ ચૂકી છે, એવી ખબર તેમને બાલા શહેરના એ વેસ્લિયન આગેવાન પાળક સાહેબ તરફથી જાણવા મળી હતી મેરીએ તરત જ જાહેર કર્યું, ''બાપુજી, એ તો માત્ર બે માઈલ જ ચાલવાનું છે. હું ખુશીથી ત્યાં જઈશ.'' એક પળ થોભીને તે

બોલી, ''બાપુજી, હું ખરેખર ખૂબ ખુશી થઈ છું. હવે હું બાઈબલ વાંચવા માટે વાંચતાં શીખીશ.''

તેના શિક્ષક જોન એલીસ તે ગામડાની શાળામાં આવ્યા ત્યારે ત્યાં હાજર થનાર પ્રથમ વિદ્યાર્થીઓમાં મેરી પણ એક હતી. વાંચવા માટે અતિ ઉત્સુક મેરી થોડા દિવસોમાં જ આખાં વાક્યો વાંચતી થઈ ગઈ. તેના ઘરની નજીકમાં જ એક સન્ડે સ્કૂલ શરૂ કરવામાં આવી. મેરી જે વાર્તાઓ વાંચવા અતિ આતુર હતી, તે વાર્તાઓ ત્યાં તેમને કહેવામાં આવતી. મેરીએ સન્ડે સ્કૂલ શરૂ થયાની વાત શ્રીમતી ઈવાન્સને કહી.

''બહેનજી, બે વર્ષ પહેલાં તમે મને વચન આપ્યું હતું કે, હું વાંચતા શીખું ત્યારે તમારા ખેતરે આવી તમારું બાઈબલ વાંચું.''

''સારું, મારી દીકરી, તને વાંચતા આવડે છે ?''

''હા, અને હવે તો હું સન્ડે સ્કૂલમાં જાઉ છું, અને મારે હવે શાસ્ત્રપાઠો તૈયાર કરવા પડશે. દર શનિવારે મારે અર્ધો દિવસ રજા હોય છે. જો તમે મને તે સમયે તમારા ખેતરે આવવા દો, તો હું તમારો ઉપકાર કદી નહિ ભૂલું.''

પછીના શનિવારે મેરી બે માઈલ ચાલીને શ્રીમતી ઈવાન્સના ખેતરે ગઈ. શ્રીમતી ઈવાન્સે કહ્યું, ''મેરી, તું બાઈબલને સંભાળથી વાપરજે, તેનાં પાનાં હળવેથી ઉથલાવજે. મારી દીકરી, હવે હું તને બાઈબલ સોંપીને જાઉં છું.''

મેરીએ બાઈબલ ઉઘાડયું. સંત યોહાનની સુવાર્તાના પાંચમા અધ્યાયમાંની અજાયબ કલમો તેણે સૌથી પ્રથમ વાંચી. ''તમે શાસ્ત્ર તપાસી જુઓ છો, કેમ કે તેઓથી તમને અનંતજીવન છે, એમ તમે ધારો છો; અને મારે વિષે શાહેદી આપનાર તે એ જ છે.'' (ક. ૩૯)

મેરી આનંદથી પોકારી ઊઠી, ‘‘હું કરીશ ! હું કરીશ ! જેટલું શોધી શકાશે અને શીખી શકાશે તે બધું હું કરીશ. જો દસ વર્ષ સુધી બચત કરીને પણ મારે પોતાને માટે આવું જ બાઈબલ હું મેળવી શકું તો કેવું સારું !’’

તે સમયથી મેરીના જીવનનું એક જ ધ્યેય બની ગયું. બાઈબલની ખોટ પર વિજય મેળવવો, એટલે કે પોતાનું બાઈબલ મેળવવું. બાઈબલની ખરીદી માટે પૂરતી રકમ એકઠી કરવા પાડોશીઓનું ગમે તે કામ કરવા તે શોધતી. તેના પિતાએ પૈસા રાખવા માટે તેને એક ગલ્લો આપ્યો. આ ગલ્લો મેરી પહોંચી શકે તેટલી ઊંચાઈએ એક કબાટમાં મૂકવામાં આવ્યો. તે જે કાંઈ પાઈ-પૈસો કમાતી તે પેલા ગલ્લામાં નાખતી.

પ્રત્યેક અઠવાડિયે ઈવાન્સ કુટુંબને ત્યાં જઈ ઈશ્વરનાં વચનો વાંચવાનું મેરીએ ચાલુ રાખ્યું. એક દિવસે ઘેર પાછા ફરતાં તેણે કહ્યું, ‘‘બાપુજી, જેમ જેમ હું વધારે વાંચુ છું, તેમ તેમ મને વધારે જાણવાની ઉત્સુકતા થાય છે. જ્યાં સુધી મારું પોતાનું બાઈબલ મેળવીશ નહિ, ત્યાં સુધી હું જંપીને બેસવાની નથી. આજે તો હું બાઈબલનો થોડો ભાગ મારી સાથે લાવી શકું છું.’’ તેની માએ આ સંબધી પૂછપરછ કરી, ત્યારે મેરીએ કહ્યું, ‘‘વહાલી મા, એ તો મારા મગજમાં તથા હ્રદયમાં લાવી છું. માથ્થીની સુવાર્તાના સાતમાં અધ્યાયની પહેલી બાર કલમો મેં મોઢે કરી દીધી છે.’’

મેરીએ શાળામાં પોતાનો અભ્યાસ ચાલુ રાખ્યો. તેના શિક્ષકની બદલી થતા તેના અભ્યાસમાં વિક્ષેપ પડયો. પણ લૂઈસ વિલિયમ્સ નામના એક નવા શિક્ષક તે શાળામાં આવ્યા.

છ વર્ષ સુધી મેરીએ અભ્યાસ ચાલુ રાખ્યો, અને સાથે સાથે બાઈબલ ખરીદવા માટે બની શકે તેટલા પૈસા તેણે બચાવ્યા.

ઈશ્વરનાં પવિત્ર વચનોની એક નકલ ખરીદવા માટે તે હંમેશાં પ્રાર્થના કરતી, અને પૂરા વિશ્વાસથી કહેતી, ''એક દિવસ આવશે, જ્યારે મારી પાસે મારું પોતાનું બાઈબલ હશે. હા, હું બહુ લાંબા સમયથી રાહ જોઉં છું, પણ તે સમય જરૂર આવશે.'' તે રાતે પથારી પાસે ઘૂંટણે પડી તેણે પ્રાર્થના કરી, ''વહાલા પ્રભુ, તે સમય જલદી આવવા દે.

ઈ. સ. ૧૮૦૦માં સોળ વર્ષની ઉંમરે મેરી બાઇબલની શોધ કરવા લાગી. તેના ગામમાં તો બાઈબલ મળતું જ ન હતું. પાડોશના ગામમાં રહેતા શ્રી વિલિયમ હ્યુ પાસેથી ખરીદી શકાશે એમ તેને તેના પિતાએ જણાવ્યું. પણ મિ. હ્યુએ કહ્યું, ''બાલા શહેરના શ્રી ચાર્લ્સ સિવાય બીજા કોઈ પાસેથી બાઇબલ મળી શકશે નહિ.'' બાલા તો પચીસ માઈલ દૂર હતું.

બીજે જ દિવસે વહેલી પ્રભાતે બાઈબલ ખરીદવાની હોંસમાં મેરી ઉઘાડ-પગે ચાલી નીકળી. બાલા શહેર સુધી મુસાફરી બરાબર પચીસ માઈલની હતી. તેના પગો ઉઝરડાયા ને ચીરા પણ પડયા. બપોરે સૂરજ બરાબર તપતાં મેરી એક ઝાડ નીચે આરામ કરવા બેઠી. એક નાની છોકરીએ તેને થોડું ખાવાનું આપ્યું. એક માયાળુ ખેડૂતે તેને છાશ આપી. બાલા આવ્યા પછી, શ્રી વિલિયમ હ્યુએ આપેલી સૂચના અનુસાર, તેણે રેવ. ડેવિડ ઈવાન્સનું ઘર શોધી કાઢયું, અને શ્રી ચાર્લ્સ વિષે પૂછયું. રેવ. ડેવિડ ઈવાન્સ એક માનવંત મેથોડિસ્ટ ધર્મસેવક હતા. તેમણે મેરીને કહ્યું કે, શ્રી ચાર્લ્સ વહેલા સૂઈ જાય છે, અને ઊઠે છે પણ વહેલા. તેમણે મેરીને પોતાને ત્યાં રાત ગાળવા આમંત્રણ આપ્યું, અને પરોઢિયે તેને ઉઠાડવાનું વચન પણ આપ્યું.

બીજે દિવસે સવારે, બાઈબલ સંબંધીની મેરીની માગણીના જવાબમાં વિખ્યાત એવા શ્રી ચાર્લ્સે કહ્યું, ''મારી વહાલી દીકરી,

વેલ્સ ભાષામાં બાઈબલની નકલો તદ્દન ખલાસ થઈ ગઈ છે. મારી પાસે એક પણ બાકી રહી નથી જે હું તને આપી શકું.''

મેરી રડી પડી. તેનું હૃદય ભાંગી ગયું. શ્રી. ચાર્લ્સ આ સહન ન કરી શક્યા. તેથી તેણે કહ્યું, ''મને લાગે છે કે, તને બાઈબલ મળવું જ જોઈએ. જો કે એક નકલ પણ આપવી અત્યારે અશક્ય છે, છતાં તને ના પાડવી તે તેટલું જ અશક્ય છે.'' અભરાઈ પર મૂકેલાં પોતાનાં પુસ્તકોમાંથી શ્રી. ચાર્લ્સ એક વેલ્સ બાઈબલ લાવ્યા, અને મેરીને આપ્યું.

તેમણે મેરીને કહ્યું, ''કાળજીથી તેને વાંચ, ખંતથી તેનો અભ્યાસ કર, તેનાં પવિત્ર વચનો ખજાનારૂપે યાદ રાખ, અને તેના શિક્ષણને જીવનમાં ઉતાર.''

બાઈબલ માટેની મેરીની શોધ ઈશ્વરે બહુ અજાયબ રીતે વાપરી. શ્રી ચાર્લ્સ આ બનાવ ભૂલી શક્યા નહિ. બે વર્ષ બાદ ઈ. સ. ૧૮૦૨માં જ્યારે તેઓ લંડનમાં હતા ત્યારે એક સંસ્થા સ્થાપવાનો વિચાર એકાએક તેમના મગજમાં સ્ફૂરી આવ્યો. તે વિચાર ''વેલ્સ દેશમાં ઈશ્વરનાં પવિત્ર વચનોનું પ્રકાશન, વહેંચણી તેમ જ પ્રસાર'' અર્થેનો હતો.

''રીલિજિયસ ટ્રાક્ટ સોસાયટી''ના તે સભ્ય હતા. સોસાયટીના સભ્યો સાથે તેમણે તરત જ મંત્રણા કરી. શ્રી ચાર્લ્સે સમિતિ આગળ પ્રસ્તાવ મૂક્યો. રેવ. જોસેફ હ્યુજીસે કહ્યું, ''જરૂર, જો વેલ્સ માટે આવી સંસ્થા સ્થાપવામાં આવે, તો શા માટે સમસ્ત દુનિયાને માટે નહિ ?''

બે વર્ષ સુધી આ મિત્રો પ્રાર્થનામાં લાગુ રહ્યાં. ઈ. સ. ૧૮૦૪ના માર્ચમાં જ્યારે ફરી સમિતિ મળી, ત્યારે ''બ્રિટિશ એન્ડ ફોરેઈન બાઈબલ સોસાયટી''ની સ્થાપના થઈ. આ પ્રથમ સભા

વખતે જ ૭૦૦ પાઉંડ (રૂ. ૯,૧૦૦) લવાજમ પેટે મળ્યા. માત્ર વેલ્સમાં જ રૂપિયા ૩૦,૦૦૦ જેટલાં વચન મળ્યાં. ઈ. સ. ૧૮૦૬માં વેલ્સભાષી બાઈબલોનો પ્રથમ પુરવઠો બાલા શહેર મોકલવામાં આવ્યો. મેરી જોન્સ પોતાની એક ખોટ પર વિજય મેળવી શકી હતી, તેનું જ આ પરિણામ હતું.

મેરી તેણે આપેલા વચનને વિશ્વાસુ હતી. તેણે ખંતથી બાઈબલનો અભ્યાસ કર્યો, અને બીજાંઓને પણ તેનું શિક્ષણ આપ્યું. ગરીબ હોવા છતાં તેણે બાઈબલ સોસાયટીને દાન આપ્યાં. ઈ.સ. ૧૮૫૪માં બ્રાયનદ્રુગ મુકામે બાઈબલ સોસાયટી માટે લેવાયેલા દાનમાં દસ શિલિંગનો સોનાનો એક સિક્કો હતો. અર્ધા પેન્સના બે સિક્કાઓની વચ્ચે બહુ વ્યવસ્થિત રીતે તે વીંટાળવામાં આવ્યો હતો. બધું જ દાન ગણી લેવામાં આવ્યું, ત્યાં સુધી સોનાના એ સિક્કા સંબંધી કોઈનેય ખબર ન હતી. એ તો મેરીએ આપેલી ભેટ હતી.

ઈ. સ. ૧૮૬૬ના ડિસેમ્બરની ૨૮મીએ બ્યાશી વર્ષની મેરી તેની મૃત્યુશય્યા પર સૂતેલી હતી. તેણે પોતાના પાળક સાહેબ રેવ. રોબર્ટ ગ્રીફીથને બોલાવ્યા. છાસઠ વર્ષ પહેલાં ઈ. સ. ૧૮૦૦માં તેણે ખરીદેલા કિંમતી બાઈબલને વારસારૂપે પાળકને સુપરત કર્યું. સમય જતાં આ બાઈબલ ''બ્રિટિશ એન્ડ ફોરેઈન બાઈબલ સોસાયટી''ની માલિકી બની ગયું. આજે પણ સોસાયટીની મહામૂલી મિલકત તરીકે આ બાઈબલને બહુ માનપૂર્વક સંઘરવામાં આવ્યું છે.

બાઈબલના મુખપૃષ્ઠ પર મેરીના હસ્તાક્ષરમાં તેનું નામ, જન્મ તારીખ, તેનાં માતાપિતાનું નામ, તેમ જ મારા જીવનકાળના સોળમાં વર્ષે મેં આ ખરીદ્યું, એમ લખેલું છે. પાનાની નીચેના

ભાગમાં લખેલું છે : સોળ વર્ષની ઉંમરે, ૧૮૦૦ની સાલમાં ખરીદેલા આ બાઈબલની સાચી માલિકણ મેરી જોન્સ છે.

બાઈબલ માટેની મેરીની ખોળે ભરપૂર ફળ નિપજાવ્યા છે. તેણે ખંતથી, પોતાને માટે બાઈબલ મેળવવા આગ્રહ રાખ્યો. તેથી જ આજે દુનિયાની બધી બાઈબલ સોસાયટીઓ માટે ઈ.સ.૧૯૬૪ની સાલમાં સાત કરોડ બાઈબલ તથા ભાગોનું વિતરણ કરવાનું શક્ય બન્યું.

†

# પૉલ હચીન્સ

## [ ક્ષયનો દરદી ]



'એક્સ-રે' નિષ્ણાતે ડોકું ધુણાવ્યું. એક્સ-રે દ્વારા છાતીના લેવાયેલા ચિત્રનો તેણે પુનઃ અભ્યાસ કર્યો. જમણા ફેફસાના ઉપલા ભાગમાં જૂના રૂપિયાના કદનું ક્ષયનું કાણું સ્પષ્ટ રીતે દેખાતું હતું. પૉલ હચીન્સ આ ભયંકર દર્દ વડે વર્ષોથી પીડાતો હોવો જોઈએ, એવું એક્સ-રે ચિત્ર ચાડી ખાતું હતું. ધીમા અવાજે નિષ્ણાતે આ

ધર્મસેવકને કહ્યું, ''છ માસ સુધી પથારીમાં રહેવું એ જ માત્ર એક આશા છે.''

પૉલ હચીન્સ અને તેની પત્ની આ સમાચાર જાણી અવાક બની ગયાં. ઈ. સ. ૧૯૨૭માં મુડી બાઈબલ ઈન્સ્ટિટયૂટમાંથી સ્નાતક થયા પછી આઠ વર્ષથી સુવાર્તાપ્રચારના કાર્યમાં તે ગૂંથાયેલો હતો. દક્ષિણ કેલિફોર્નિયાનો તે પ્રકાશિત દિવસ પૉલને માટે એકાએક નિરાશાથી અંધકારમય બની ગયો. કારણ કે સુવાર્તાનું કાર્ય ચાલુ રાખવાને તે અશક્ત હતો.

પૉલ તથા તેની ધર્મપત્ની જેઈન લૉસ એન્જેલીસ શહેર છોડી ઉત્તર કેલિફોર્નિયાના એક મેથોડિસ્ટ ચર્ચમાં અગાઉથી નક્કી કરેલી તારીખો પ્રમાણે આત્મિક જાગૃતિની સભાઓ ચલાવવા ગયાં. સખત તાવ આવતો હોવા છતાં પ્રત્યેક રાત્રિએ પૉલ સુવાર્તિક સંદેશા આપતો હતો. ત્રણ-ત્રણ અઠવાડિયે એક્સ-રે દ્વારા તેની તબિયતની તપાસ કરવામાં આવતી. આથી પૉલને ખબર પડી કે, જમણા આખાયે ફેફસામાં રોગ પસરી ગયો છે, અને ફેફસામાં બીજાં નવાં ભગદાળાં ઝડપથી થતાં જાય છે.તેમ છતાં પુલપીટ પરથી સંદેશા આપવા તેણે ચાલુ રાખ્યા.

ઈ. સ. ૧૯૩૦ના મે માસમાં તેમને ત્યાં પૉલિન નામની પુત્રીનો જન્મ થયો. તે પછીના ડિસેમ્બરમાં ક્ષય રોગના એક નિષ્ણાતે પૉલને સ્પષ્ટ જણાવ્યું કે, ''કાં તો પથારી, યા તો કબરસ્તાન, એ બેમાંથી તમે પસંદગી કરી લો.''

આગલા મહિનામાં તો તેને ઘણો તાવ અને લોહીની ઊલટીઓ થયા છતાં તેણે કેલિફોર્નિયાના કેરેસમાં સંદેશા આપ્યા કર્યા. આ વિષે લખતાં તે કહે છે, ''આત્મિક જાગૃતિની ઝુંબેશની એ સભાઓમાં ઍંશી કરતાં પણ વધારે એવી નવો જન્મ પામેલી

વ્યક્તિઓ માટે સાચા અર્થમાં હું જાણે મારું લોહી આપતો હતો.'' આખરે સાન્તા રોઝા શહેરના એક મિત્રે લૉસ ગેટોસ શહેરનું પોતાનું ઘર આ સુવાર્તિકને વાપરવા માટે આપ્યું. તેથી પૉલ પુનઃ તંદુરસ્તી પ્રાપ્ત કરવા માટે તેની ધર્મપત્નીની શુશ્રૂષા હેઠળ તેના મિત્રના ઘરમાં જ રહેવા લાગ્યો.

કેટલાક માયાળુ મિત્રોએ નાની પૉલિનની સંભાળ રાખવાનું સ્વેચ્છાએ કબૂલ્યું. એક સ્મરણીય સવારે સાન્તા રોઝા છોડયા પહેલાં જેઈન મૃદુતાથી મધુર ગીત પિયાના પર વગાડવા લાગી.

*''શાંતિ, શાંતિ, અજાયબ શાંતિ,*
*પિતા પાસેથી ઉપરથી ઊતરતી,*
*પ્રાર્થું, પ્રેમની મહા ઊંડી છોળોથી*
*મુજ આત્માને ચિરકાલ માટે છાયી દે.''*

એ અનુભ કહેતાં પૉલ લખે છે, '' આ ગીત ગાતાં ગાતાં મારી પ્રિય પત્નીની ભીની થયેલી આંખો અને તે ઘડી હું કદીયે ભૂલી શકીશ નહિ. માત્ર થોડી પળો પહેલાં જ તેણે અમારી પ્યારી પુત્રી પૉલિનને તેનાં હવેનાં પાલક માતાપિતાને સોંપી હતી. જેઈનના હૃદયનો ધબકતો વિષાદ હું બિછાનામાં પડયો પડયો પારખી શકતો હતો. જો કે જેઈનની આંગળીઓ પિયાનાની કળો પર ધ્રૂજતી પડતી હતી, છતાં અમારાં બંનેનાં હૈયામાં વર્ષોથી રણઝણી રહેલો વિજયનાદ કોઈ રીતે આ સંગીત દ્વારા રેલાઈ રહ્યો હતો.'' આ દિવસો દરમિયાન પૉલે વાર્તાઓ તથા નવલકથાઓ ખૂબ વાંચી. એવામાં કોઈએ તેને જેક લંડનનું લખેલું પુસ્તક આપ્યું. એ લેખકે તેના લેખક તરીકેના જીવનની ગડમથલો વિષે લખ્યું હતું. અને એ દ્વારા જ આખરે તેને કીર્તિ તથા જીવનમાં સાર્થકતા સાંપડયાં હતાં.

જૅક લંડને ભાષા ભંડોળ વધારવા હરરોજ વેઠેલી મુશ્કેલીઓની પરંપરા વિષે વાંચીને પૉલને પણ તેમ કરવા પ્રેરણા મળી. સુવાર્તિક કાર્યક્ષેત્રનો બોજ તેના હૃદય પર સતત રહેતો હતો, તેમ જ એક અસરકારક સુવાર્તિક તરીકે કાર્ય કરવાની તેની મહેચ્છા તેણે પૂરી કરવી પડી. સાડાચાર માસ સુધી દરરોજ દસથી પંદર નવા શબ્દો લેખે તેણે શબ્દભંડોળ કેળવ્યું. પથારીમાં જ યશાયાનો ૫૩મો અધ્યાય તેમ જ રોમનોને પત્રના પહેલા આઠ અધ્યાય સહિત ઘણા શાસ્ત્રભાગો તેણે કંઠસ્થ કરી દીધા.

હવે પૉલે સંખ્યાબંધ નાનાં કાવ્યો રચવા માંડયા, અને કાંઈ પણ મહેનતાણાં વગર એક ખ્રિસ્તી સામયિકમાં તે પ્રસિદ્ધ પણ થયાં. ઈશ્વર પૉલ હચીન્સને અજાયબ જેવી રીતે તેની જીવનસેવા માટે દોરી રહ્યા હતા.

તેઓ લૉસ ગેટોસમાં હતાં ત્યારે શ્રીમતી હચીન્સે નજીકના પર્વતો મધ્યે આવેલા એક ખાનગી સેનેટોરિયમ વિષે સાંભળ્યું. પૉલના છેલ્લા લેવાયેલા એક્સ-રે લઈને તે ડૉકટરોનો અભિપ્રાય જાણવા માટે ગઈ. ડૉકટરોએ જણાવ્યું કે, બની શકે તેટલું જલદી ઓપરેશન કરી ટી.બી.વાળું જમણું ફેફસું બંધ કરી દેવામાં આવે તો જ પોલ બચી શકે. આ સારવાર માટે ઘણા મહિના સુધી પૉલને દવાખાનામાં રહેવું પડે તેમ હતું, તેમ જ આ ખાનગી સંસ્થાના ખર્ચને પહોંચી વળવાનું પૉલને માટે અશકય હતું.

પ્રાર્થનાના જવાબમાં, કેલિફોર્નિયામાં સેન જોન શહેરના ટી.બી. સેનેટોરિયમમાં દાખલ થવા માટે આકાશી પિતાએ દ્વાર ખોલ્યું. અહીં નવા એક્સ-રે લેવાયા અને સ્પષ્ટ રીતે માલૂમ પડયું કે, ફેફસામાં એટલો ઝડપી અને અસાધારણ આરામ થઈ રહ્યો હતો કે, ઓપરેશનની જરૂર રહી ન હતી. પથારીમાં લાંબો સમય આરામ લેવાનું પૉલને સૂચવવામાં આવ્યું. જેઈન બેબી પૉલિનને

લઈને પોતાના પિતાને ત્યાં આયોવા ગઈ. પૉલ સાડા પંદર માસ સુધી કેલિફોર્નિયાના સેનેટોરિયમમાં રહ્યો. આ સમય દરમિયાન લેખકોને માર્ગદર્શન માટેનું એક સામયિક તેને આપવામાં આવ્યું જે તેણે પહેલાથી છેલ્લા પાના સુધી ભારે જિજ્ઞાસાથી વાંચી નાખ્યું.

''ફ્રોમ ધી પુલપીટ ટુ ધી ટાઈપરાઈટર'' (પુલપીટેથી ટાઈપરાઈટરે) નામની આત્મકથામાં પૉલ લખે છે, ''દટાયેલું તાલંત ખોદી કાઢવાને ઈશ્વરે વાપરેલી કોદાળી તરીકે એ સામયિક પુરવાર થયું છે.'' પરિણામે સેનેટોરિયમના ગાળા દરમિયાન તેણે નાની વાર્તાઓ લખવાનું શરૂ કર્યું. બિનમઝહબી સામયિકોમાં તેણે મોકલેલી આ વાર્તાઓ નકારાત્મક ચિઠ્ઠી સાથે પાછી આવી.

જાણે કે ઈશ્વર ધીમેથી તેના કાનમાં બોલતો હોય, ''તું આવી બિનમઝહબી વાર્તાઓ લખે એવી મારી ઈચ્છા નથી. હું તારી તેમ જ તારી આર્થિક જરૂરિયાતોની સંભાળ બીજી જ રીતે લઈશ.'' હવે ઈશ્વરના સામર્થ્ય વડે દોરવાઈને ''ધી નો-સો ક્રિશ્ચિયન'' (ખ્રિસ્તને પિછાનનાર ખ્રિસ્તી) નામની ઈશ્વર-આરાધનાની એક નાની પુસ્તિકા તેણે લખી. પુસ્તિકા પૂર્ણ થાય તે પહેલાં એક નર્સે તેમાંનું એક પ્રકરણ લઈને આત્મિક મુશ્કેલીઓ અનુભવતા એક દર્દીને આપ્યું. આ એક જ પ્રકરણના વાચન દ્વારા એ દરદીને પોતાના કોયડાનો ઉકેલ મળી ગયો.

આખરે હસ્તલેખ પ્રસિદ્ધ કરવામાં આવ્યો. આ પુસ્તકના વાચન દ્વારા ખ્રિસ્તને આધીન બનેલાં સખ્યાબંધ વાચકો તરફથી તેના પર પત્રો આવવા લાગ્યા. પૉલે નક્કી કર્યું, ''હવેથી જો હું ફરી કદીયે સુવાર્તા પ્રગટ ન કરી શકું તો કાંઈ નહિ, પણ ઓછામાં ઓછું હું લખી તો શકીશ.'' ''ધી સન્ડે સ્કૂલ ટાઈમ્સ''નામના ખ્રિસ્તી સામયિકને તેણે એક ટૂંકી વાર્તા વેચી. એક બીજી વાર્તા ''ધી અમેરિકન બેપ્ટિસ્ટ પબ્લિકેશન સોસાયટી''એ ખરીદી લીધી.

સેનેટોરિયમમાંથી રજા મળ્યા બાદ તે આયોવા સ્ટેટના જ્યોર્જ શહેરમાં તેના કુટુંબ સાથે રહેવા લાગ્યો. હવે પછી અહીં તેની કારકિર્દી ઘણી યશસ્વી હતી.

ઈશ્વરે તેને સ્પષ્ટ જણાવ્યું હતું કે, સ્વર્ગીય પિતાનો મહિમા થાય તેવું લેખનકાર્ય હવે પછી તેણે કરવાનું હતું. તેથી તેણે એક ખ્રિસ્તી નવલકથા લખવી શરૂ કરી. સેનેટોરિયમમાંથી રજા મળી તેના બીજા વર્ષે તેણે સાઉથ ડકોટા, કોલોરાડો, ઓહાયો, વાયોમિંગ તેમ જ નેબ્રાસ્કા સ્ટેટોમાં સંખ્યાબંધ સુવાર્તિક પ્રવૃતિ ચલાવી. સેંકડો જીવનો આ સભાઓ દ્વારા પ્રભુને સોંપાયા. નવલકથાનું કાર્ય પૂરું કર્યા બાદ તેણે હસ્તલેખો ત્રણ પ્રકાશકો પર પ્રસિદ્ધિ માટે મોકલ્યા, પણ તેનો નકારાત્મક જવાબ મળ્યો. એ હસ્તલેખનું વાચન કરનાર એક વાચકે તેમાં થોડા સુધારાવધારા સૂચવી પૉલને ઉત્તેજન આપ્યું.

સૂચવેલા સુધારાવધારાનો અમલ કરી, તેણે તે હસ્તલેખ ફરીથી મીશીગન સ્ટેટના ગ્રાન્ડ રેપીડસની ''એર્ડમન્સ પબ્લિશિંગ કંપની'' પર મોકલી આપ્યો. આ સંસ્થાએ તે હસ્તલેખ તરત જ સ્વીકારી લીધો. એ છપાતી વખતે પૉલને ઉપદેશકાર્ય બંધ કરી આરામ લેવાની ફરજ પાડવામાં આવી. ઈ.સ. ૧૯૩૪ના નવેમ્બરની આખરમાં તે પથારીવશ હતો ત્યારે તેની પ્રથમ નવલકથા ''રોમાન્સ બાય ફાયર'' (અગ્નિ સમીપ રોમાંચ) પ્રસિદ્ધ થઈ. પ્રકાશનની પ્રથમ જ નકલ જોતાં તે આનંદ-ઊર્મિઓ અનુભવવા લાગ્યો. ખરે જ તે દિવસ તો આનંદ તથા આભારસ્તુતિનો હતો. જે ત્રીજા પ્રકાશકે તેના હસ્તલેખનો નકાર કર્યો હતો, તેણે એ પુસ્તકની એક હજાર નકલો જેટલું પોતે પુનર્મુદ્રણ કરે માટે માગણી કરી.

પૉલ હચીન્સ પોતાના જીવન માટે ઈશ્વરની ઇચ્છા જાણી શક્યો હતો. જો કે સારાયે જીવનભર તેણે પથારીવશ રહેવું પડે, તોયે ખ્રિસ્તી વાર્તાલેખન દ્વારા તે ખ્રિસ્તનો મહિમા કરી શકશે એમ તે

માનતો હતો. ઈ. સ. ૧૯૩૫માં ''ધીસ વે આઉટ'' (છુટકારાનો માર્ગ) નામની બીજી નવલકથા તેણે પ્રસિદ્ધ કરી. ત્યારપછી ''એ સોન્ગ ફોર એવર'' (ચિરકાલ માટે ગાણું) અને ''ધી લાસ્ટ વર્સ'' (છેલ્લી કંડિકા) નામની બીજી બે નવલકથાઓ પણ પ્રસિદ્ધ કરી.

એ પછી ટૂંક મુદતમાં ''ધી વોઈસ'' (એ વાણી) નામની તેની નવલકથા પૂરી થયા પહેલાં ત્રણ અઠવાડિયામાં બાર વખત તેને છાતીમાંથી લોહી તૂટી પડવાથી ફરી તેને પથારીવશ બનવાની ફરજ પડી. તે કહે છે, ''એક તસુ માત્ર પણ ડાબે કે જમણે ફર્યા સિવાય હું ચત્તો જ પડી રહેતો.'' હવે તો તેને દવાખાને ખસેડવો એ પણ ઘણું ભયજનક બની ગયું હતું. તેના ભયંકર તથા દુઃખભર્યા દિવસો દરમિયાન પોતાને ધરી રાખવા તેમ જ દોરવણી આપવા ઈશ્વરપિતાની તે પ્રાર્થના કરતો.

હવે તો વિવિધ ખ્રિસ્તી સામયિકોમાં તેનાં પુસ્તકો સંબંધીના ઘણા જ આવકારદાયક પરિચય આવવા લાગ્યા. તે સમયના આગેવાન અમેરિકી ખ્રિસ્તી નવલકથાકારોમાં પૉલ હચીન્સની પણ ગણના થવા માંડી હતી. ઈશ્વરે તેને દેખાડયું કે, પુલપીટ પરથી વક્તા તરીકે નહિ, પણ એક ખ્રિસ્તી સાહિત્યકાર તરીકે તેણે સેવા આપવાની હતી.

ઈ. સ. ૧૯૩૭ના ઉનાળામાં આ મિનિયાપલિસની એસબરી હૉસ્પિટલમાં ત્રણ તબક્કાનું જોખમકારક ઓપરેશન પૉલ હચીન્સ પર કરવામાં આવ્યું. એમાં તેની આખી કે અર્ધી સાત પાંસળી કાઢી નાખવામાં આવી. અને સડેલું ફેફસું પણ બંધ કરી દેવામાં આવ્યું. દવાખાને દાખલ થયા અગાઉ જ પૉલે ''ધીસ ઈઝ લાઈફ'' (આ જીવન છે) નામનું પુસ્તક લખવું શરૂ કર્યું. માંદગીના દિવસોમાં પણ તેણે પોતાનું એ લેખનકાર્ય ચાલુ જ રાખ્યું. તે બોલતો, અને

''નોર્થ વેસ્ટન બાઈબલ સ્કૂલ''નો એક સેક્રેટરી તે લખી લેતો, એમ દરરોજ ચાલતું.

પુનઃતંદુરસ્તી પ્રાપ્ત થતાં જ પથારીનો ત્યાગ કરી, તેણે પોતાનો સર્વ સમય લેખનકાર્યમાં ગાળવા માંડયો. ઈ. સ. ૧૯૪૬ સુધીમાં તો ખૂબ જ આવકારપાત્ર બનેલી એવી પંદર ખ્રિસ્તી નવલકથાઓ પ્રસિદ્ધ કરીને તેના જમાનાના એક આગળ પડતા લેખક તરીકે તેણે નામના મેળવી. લેખક તરીકે કારકિર્દીની શરૂઆતમાં કોઈ પ્રકાશકે તેને જુવાનો માટે એક નવલકથા લખવાનું સૂચન કરેલું. તેણે તે વખતે બીડું ઝડપેલું, પણ પાછળથી સુધારાવધારા સાથે તેણે ''એ વીન્ડ બ્લોન'' (પવને ઊડતું) નામની નવલકથા સામાન્ય જનતા માટે બહાર પાડી.

ઈ. સ. ૧૯૩૯ના માર્ચમાં પૉલે ફરી જુવાનોને માટે નવલકથા લખવા કલમ રસળતી કરી. જુવાનવર્ગ માટે આવી નવલકથા અનિર્વાય અગત્ય છે, તેની તેને ખાતરી થઈ ચૂકી હતી. પરિણામે ''શુગર ક્રીગ ગેન્ગ'' નામની સુવિખ્યાત નવલકથા અસ્તિત્વમાં આવી. આ વાર્તા લખતી વેળાએ, એ માળાની બીજી વાર્તાઓ પણ લખી શકાશે તે વાતથી અતિ ઉત્સાહથી આવેશી બનીને, તેણે પ્રકાશક પર બીજી વાર્તાઓની શક્યતા વિષે લખી જણાવ્યું. પ્રકાશકે તેના ઉત્સાહ પર પ્રથમ તો ઠંડુ પાણી રેડયું, પણ એ છપાયા પછી એ વાર્તાનો ઉપાડ અતિ ઘણો વધી જતાં પ્રકાશકે એવી વાર્તાઓ લખવા હા પાડી. પરિણામે એ વાર્તાની ટોળકી જેમાં ભાગ ભજવતી હોય એવી કેટલીયે વાર્તાઓ લખાઈ.

પૉલ તેની નવલકથાઓ તેમ જ વાર્તાઓ કેટલીય વાર પોતાને હાથે લખલખ કરે છે. ફરી ફરી લખવું, શબ્દોની કાપકૂપ, વારંવાર તેને જોઈ જવું, છોલછાલ કરવું, તેમ જ તે પર પ્રાર્થના કર્યા કરવી, પછી એ બોલતો અને સેક્રેટરી મશીન પર છાપતો. એમ બધા

સંગ્રહો તેણે બહાર પાડયા. હસ્તલેખ પ્રકાશક પાસે પહોંચે તે પહેલાં છાપવાની કોઈ ભૂલ રહી ગઈ હોય તે માટે હસ્તલેખની ઝીણવટથી તપાસ થતી. લેખનકાર્ય માટે શાંતિભર્યું સ્થળ શોધવું એ, નવલકથાકાર પૉલ હચીન્સનો એક મોટામાં મોટો પ્રશ્ન હતો. તેનાં કેટલાંક ઉત્તમ સર્જનો મોટે ભાગે શહેરના કચરાખાડ પાસે, હૉસ્પિટલની પથારીમાં, મકાઈનાં ખેતરોને શેઢે ઊભી રાખેલી તેની મોટરમાં, ત્યજાયેલી કોઈ પહાડી ઝૂંપડીમાં, સરોવરતીરે એકાદ મકાનમાં, એકાંત કબરસ્તાનમાં અથવા એવી જ કોઈ શાંત એકાંત જગામાં સર્જાયાં હતાં. આજે તો તેની ઓફિસ આયોવાના વોટર્લુ શહેરમાં અદ્યતન સાધનોથી સુસજ્જ એવી જોવા મળે છે.

બીજા વિશ્વયુદ્ધ દરમિયાન પૉલ હચીન્સે રેડિયો બ્રોડકાસ્ટિંગ (આકાશવાણી)ના ક્ષેત્રમાં પ્રવેશ કર્યો. આયોવાના વોટર્લુના આકાશવાણી મથકેથી તેણે લખેલી ''શુગર ક્રીગ ગેન્ગ'' વાર્તાઓનું વાચન કર્યું. આકાશવાણીના કાર્યક્રમના સંબંધમાં પાછળથી તેણે એક ''ધીસ ઈઝ લાઈફ'' (આ જીવન છે) નામનું સામયિક પણ પ્રસિદ્ધ કરવા માંડયું. પણ પાછળથી તેણે આકાશવાણી ક્ષેત્ર પડતું મૂકી વાર્તાઓ લખવામાં જ સમય આપવા માંડયો.

એક ચોક્કસ લક્ષ્ય તરફ ઈશ્વરે પૉલ હચીન્સનું જીવન દોર્યું. જો તેને ક્ષયનો વ્યાધિ લાગુ પડયો ન હોત, તો તેણે આ સેવા કદી હાથ ધરી ન હોત; તો અંગ્રેજી ભાષા બોલાતા દેશોનાં લાખો વાચકો તેની એ આશીર્વાદિત નવલકથાઓથી વંચિત જ રહેત.

નોર્વેજિયન યુવાનોને લાભ આપવા તેણે લખેલાં પુસ્તકોમાંનાં સાતનું નોર્વેજિયન ભાષામાં ભાષાંતર થયું છે. તેણે પ્રસિદ્ધ કરેલાં પુસ્તકો મંડળીઓનાં પુસ્તકાલયોમાં, મિશન ક્ષેત્રમાં તેમ જ અનેક ખ્રિસ્તી માતાપિતાઓના હાથમાં છે. વળી યુનાઈટેડ સ્ટેટ્સના

પ્રત્યેક સેનેટોરિયમમાં આ પ્રખ્યાત ખ્રિસ્તી નવલકથાઓ રાખવામાં આવી છે.

તેના પ્રત્યેક પુસ્તકમાં પ્રભુ ઈસુ ખ્રિસ્ત દ્વારા મળતા ઉદ્ધારની વાત તેણે જાહેર કરી છે. તેમ જ માનવી હૃદયોનું રૂપાંતર કરવાને સમર્થ ખ્રિસ્તનું સામર્થ્ય વિવિધ પાત્રો દ્વારા પ્રગટ કરવામાં આવ્યું છે.

બીજાં અપંગ જીવનોની જેમ પૉલ હચીન્સનું અપંગ જીવન પણ ઈશ્વરના મહિમાર્થે વપરાયું. જીવનની અપંગતા દ્વારા પણ ઈશ્વરનો મહિમા થઈ શકે છે. સ્વર્ગીય પિતાએ એક અમૂલ્ય પાઠ- એક લેખકને મન કીમતી બની શકે એવો પાઠ - પૉલને શીખવ્યો. બીજાનાં દુઃખોને કેવી રીતે સમજવાં તથા વાર્તામાં વણી લેવાં તે. જીવનનો આ મહાન પાઠ માત્ર તેના એકાંતિક જીવન તથા દુઃખ દ્વારા જ તે શીખ્યો.

†

# ક્રિસ્ટમસ ઈવાન્સ

## [ એક આંખવાળો સુવાર્તિક ]



"ઉત્તરમાંથી આવેલા આ એક આંખવાળા જુવાનને સંદેશો આપવા કેમ ન પૂછવું ? મેં સાભળ્યું છે કે, તેના સંદેશા ખૂબ હૃદયસ્પર્શી હોય છે." શ્રોતાજનોના વિશાળ સમુદાય સમીપ વર્તુળાકારે ઊભેલા ઘણા ધર્મોપદેશકોમાંનો આ સુવાર્તિક એક વકતા હતો. આ પ્રસંગે વેલ્સ દેશનાં અનેક શહેરો તથા ગામડાંમાથી લોકો સુવાર્તાનો સંદેશો સાંભળવા માટે એકત્ર મળ્યા હતા. આત્મિક જાગૃતિ માટે કેટલાયે દિવસો માટેની સભાઓ શરૂ કરવાનો સમય આવી પહોંચ્યો હતો, પરંતુ કોઈ ધર્મસેવક પહેલો વકતા બનવા ખુશી ન હતો.

આ સમયે પેલો એક આંખવાળો જુવાનિયો સુવાર્તિક લોકસમૂહના બહારના ભાગમાં આંટાફેરા મારતો હતો. ઊંચા ને મોટા હાડવાળા આ વિચિત્ર તથા ઢંગધડા વગરના જુવાને પોશાક પણ સાવ મામૂલી પહેર્યો હતો. સંદેશો આપવા ઊભા થવા માટે તેનો બાહ્ય દેખાવ જરાયે આકર્ષક ન હતો.

''ખરેખર, કોઈ આવા 'પ્રદર્શનના પ્રાણી'ને સંદેશો આપવાનું આમંત્રણ ન જ આપે,'' એક ધર્મસેવક બબડયા. પણ બીજાઓ તરત બોલી ઊઠયા, ''એ જુવાનિયાને તક તો આપો.'' અને આખરે કોઈ પણ જાતના ઓળખવિધિનો વિવેક કર્યા વિના ક્રિસ્ટમસ ઈવાન્સને સંદેશો આપવાનું ફરમાવવામાં આવ્યું.

ઝડપથી તૈયાર કરેલા કામચલાઉ મંચ પર તે ચઢયો ત્યારે એકત્ર થયેલી મોટી માનવમેદનીને તેણે જોઈ. માત્ર થોડાં જ માણસોનું ધ્યાન વક્તા તરફ કેન્દ્રિત થયેલું હતું. આ તો એક સામાજિક સ્નેહસંમેલન પણ હતું, તેમ જ આત્મિક જાગૃતિનું અધિવેશને ય હતું. મોટા ભાગના મિત્રો તથા પડોશીઓ આવા જ પ્રસંગોએ અરસપરસ મુલાકાત કરી શકતા. ઘણાબધા આમતેમ લટાર મારતા જૂના સ્નેહી સાથે વાર્તાલાપ કરતા હતા, યા ઊભા કરવામાં આવેલા સ્ટોલ પરથી અલ્પાહારની મઝા માણતા હતા. આવું વાતાવરણ કોઈપણ જુવાન ધર્મોપદેશકને હતાશ કરી નાખે.

જુવાન સુવાર્તિક સત્તાવાહી અવાજે સુવાર્તાનો સંદેશ આપવા માંડયો. ધીમે ધીમે ઘોંઘાટ બંધ પડયો, અને પ્રેક્ષકોનું ધ્યાન આ અણપ્રીછયા, વણઓળખાયેલા વક્તા તરફ ખેંચાયું. થોડીવારમાં જિજ્ઞાસુ શ્રોતાઓ ઉપહારગૃહો તજી કુતૂહલથી આ જુવાન વક્તાને સાંભળવા ખેંચાઈ આવ્યા.

શ્રોતાઓનું ધ્યાન કેન્દ્રિત થયેલું જોઈ ક્રિસ્ટમસ ઈવાન્સે ખૂબ

સામર્થ્યથી બોલવા માંડયું. તેની વાક્છટાથી આકર્ષાઈને લોકો તેના વકતવ્યમાં લીન બની ગયા. બીજા ધર્મસેવકો પણ ચકિત બન્યા.

આતુર શ્રોતાઓ તેનો હૃદય-સોંસરો ઊતરતો સંદેશો સાંભળી, ''સ્તુતિ'' પોકારી ઊઠયા. ઈશ્વરના અદ્‌ભુત પ્રેમનો આવો અસરકારક સંદેશો આ પહેલાં તેઓએ કદી યે સાંભળ્યો ન હતો. લોકલાગણી પરાકાષ્ટાએ પહોંચતા, ધર્મસવક બેસી ગયો. વર્ષોથી જાગૃતિ નહિ અનુભવેલ હૃદયો હાલી ઊઠયા; વજ્રસમા હૈયાં પણ આર્દ્ર બની રડી ઊઠયાં; ચોમેર આંખો અશ્રુધારા વહાવવા લાગી. એ મુર્ખ જેવા જણાતા માણસને ઈશ્વરે અજાયબ રીતે વાપર્યો. આ એકઅંખી સુવાર્તિક વેલ્સમાં પ્રભુ ઈસુ ખ્રિસ્તનો ખૂબ જાણીતો સંદેશિયો બનવા ઈશ્વરથી પસંદ કરાયો હતો.

ઈ. સ. ૧૭૬૬ની ક્રિસ્ટમસે - નાતાલે જન્મ્યો, તેથી તેનું નામ ક્રિસ્ટમસ ઈવાન્સ પાડવામાં આવ્યું. તેનું કુટુંબ વેલ્સના એસગેઈરવેનમાં રહેતું હતું. પિતા ગરીબ મોચી હતો. ક્રિસ્ટમસની બાલ્યાવસ્થામાં જ તેના પિતા મૃત્યુ પામ્યા. વિધવા માતા પુત્રની સારસંભાળ લેવા અસમર્થ હતી. લાન-ફીહંગલ-અર-આર્થમાં વસતા ક્રિસ્ટમસના મામાએ તેને પોતાના ખેતરમાં કામ કરવા જણાવ્યું ત્યારે માતાના હર્ષનો પાર રહ્યો નહિ. હવે તે સારી રીતે ઊછેરી શકશે એમ તેની માતાને લાગ્યું.

પણ મામાના મનમાં તો બીજો જ ઘાટ ઘડાતો હતો. તેઓ એમ માનતા કે, ઈવાન્સ ખેતરમાં કામ કર્યા કરશે તેના બદલામાં તેને ફક્ત રહેવાનું, જમવાનું તથા પહેરવાનું આપીશું; પૈસાબૈસા આપીશું નહિ. જીવનનાં આ પ્રથમ વર્ષોમાં ક્રિસ્ટમસને કપરો પાઠ શીખવાનો હતો. સ્વાર્થી અને દારૂડિયા મામાની ક્રૂરતા વિષે ક્રિસ્ટમસ કહેતો કે, ''દુષ્ટતાભર્યા સારાયે જગતમાં, જેમ્સ લૂઈ કરતાં વધારે ખંધો માણસ શોધવો એ મુશ્કેલીભર્યું કામ છે.''

૭ વર્ષ સુધી ક્રિસ્ટમસ આ દુઃખભર્યા વાતાવરણમાં રહ્યો. ખેતરનું કામ કાંઈ સહેલું ન હતું; ઘણીવાર તે મૃત્યુના મુખમાંથી બચી જવા પામ્યો હતો. એક વાર તીક્ષ્ણ હથિયાર વડે તેને સખ્ત ઘાયલ કરવામાં આવેલો, બીજી વાર તે લગભગ ડૂબી ગયો હતો. વળી એક દિવસ હાથમાં છરી સાથે ઊંચા ઝાડ પરથી પડી ગયો હતો. બીજા એક પ્રસંગે તો ઘોડો તેને લઈને નાઠો, અને એક સાંકડી ગલીમાંથી પુરપાટ ભાગ્યો હતો. ઈશ્વરમહિમાનું પાત્ર બનવાને પસંદ કરાયેલો હોવાથી બધા જોખમકારક પ્રસંગોમાંથી ઈશ્વરે તેને અજાયબ રીતે બચાવ્યો હતો.

સત્તર વર્ષની વયે તે એક પણ શબ્દ વાંચી શકતો ન હતો. વળી આ સર્વ સમય દરમિયાન ઘણાં દુષ્ટ ચારિત્ર્યની અસરો નીચે તે હતો. તેના યુવાન સાથીદારો ઘાતકી બદમાસો હતા, અને તોફાનો તથા ડખલો ઊભાં કરવાં એ તેમનું કામ હતું.

તે સમયે ડેવિડ ડેવિસની આત્મિક જાગૃતિની સભા દ્વારા લવીન હાઈડોવેઈનની પ્રેસ્બિટેરિયન મંડળીમાં જાગૃતિનો જુવાળ પ્રજ્વલિત બન્યો. ક્રિસ્ટમસ તથા બીજા અનેક જુવાનોનું હૃદયપરિવર્તન થયું. ખ્રિસ્તી સંગત માણવાની ઉત્સુકતાથી પાપમય જીવન જીવતા સાથીદારોને ક્રિસ્ટમસે તજી દીધા.

તેના નવા મિત્રો તેના જેવા જ ખેડુવર્ગના અજ્ઞાન છોકરાઓ હતાં. પરંતુ હવે અક્ષરજ્ઞાન મેળવવાને તેઓ એવા આતુર હતા કે, તેઓ પોતાના મહેનતાણાની મામૂલી મૂડીમાંથી થોડું બચાવી બાઈબલ તથા મીણબત્તીઓ ખરીદતા. મીણબત્તીના પ્રકાશમાં તેઓ બાઈબલનાં વચનોનો અભ્યાસ કરતા. થોડા વિશ્વાસુ જુવાનો ઘણા મહિનાઓ સુધી રાતે રાતે ઢોરની એક કોઢમાં એકત્ર મળતા, અને ઈશ્વરનાં વચનોનો અભ્યાસ કરતા. આખરે તેમની માતૃભાષા (વેલ્સ)માં તેઓ થોડું વાંચી શકતા થયા.

ક્રિસ્ટમસે તેના જૂના મિત્રોનો ત્યાગ કર્યો હતો, છતાં નવો જન્મ પામેલા આ જુવાનને સતાવવામાં તેઓએ કાંઈ બાકી રાખ્યું ન હતું. તેમના આ પ્રયત્નોમાં નિરાશા મળતાં, છેવટે કાજળકાળી એક રાત્રે છ જુવાનોએ હલ્લો કરીને, તેને બેભાન બનતાં સુધી લાકડીઓ તથા દંડા વડે ઢોરમાર માર્યો. જ્યારે તે ભાનમાં આવ્યો, ત્યારે તેને માલૂમ પડયું કે, તેની એક આંખમાંનું નૂર જતું રહ્યું હતું.

એક આંખની ખોટે ઘણા જુવાન છોકરાઓ ઈશ્વર સામે બંડ જગવે, પરંતુ આ અનુભવે આસપાસની દુષ્ટાઈથી દૂર રહેવાના ક્રિસ્ટમસના નિર્ધારને વધુ મક્કમ બનાવ્યો. ઉછીનાં પુસ્તકો તથા અભ્યાસના ખંતને લીધે તે થોડું અંગ્રેજી શીખી ગયો. તેના પાળક સાહેબે આ ઊગતા જુવાનનો ઉમંગ જોઈને તેને પ્રોત્સાહિત કર્યો. છ માસમાં તેણે લેટિન ભાષાના વ્યાકરણનો પણ અભ્યાસ કર્યો.

સુવાર્તા પ્રગટાવવા માટે ક્રિસ્ટમસનું હૃદય અતિ આતુર બન્યું હતું. ''મારા જેવા કાણા માણસોનું કોણ સાંભળે ?'' એવું તેના મનમાં થતું. તે હતાશ તો બની ગયો, પણ તેનું સ્વપ્ન ધીમે ધીમે સાકાર બનવાનું હતું.

''બેવરડીજના થેસોરસ થિયોલોજિકસ'' પુસ્તકમાંથી એક ભાષણનો ઉતારો કરી તેણે તે કંઠસ્થ કરી લીધું. એક ફળિયાની પ્રાર્થનાસભામાં તેણે હૃદયસ્પર્શી સંદેશો આપ્યો. શ્રોતાગણમાંથી ડેવિસ નામના કેળવણી પામેલા એવા એક માણસને ખબર પડી ગઈ કે, અપાયેલો સંદેશો એક પુસ્તકમાંથી લીધો હતો. જો આ સંદેશો ક્રિસ્ટમસે અસાધારણ સામર્થ્યથી ન આપ્યો હોત, તો તેની કારકિર્દી ખીલી-ન ખીલી-ને ટૂંપાઈ જાત.

ક્રિસ્ટમસ આબેરદુઅરની બેપ્ટિસ્ટ મંડળીનો સભાસદ બન્યો.

વિશ્વાસમાં સુદ્રઢ અને ઉત્સાહી એવા ત્યાંના ધર્મસેવક રેવ. તિમોથી થોમસની ઊંડી અસર તેના જીવન પર પડી. આ ધર્મસેવકના હસ્તે તેણે બાપ્તિસ્મા પણ લીધું. પાડોશની ગ્રામ્ય મંડળીઓમાં ક્રિસ્ટમસે સુવાર્તાનું કાર્ય શરૂ કર્યું. ધીમે ધીમે આસપાસના વિસ્તારમાં તે જાણીતો થઈ ગયો. ઈ. સ. ૧૭૯૦માં બ્રેકનોકશાયરના બેપ્ટિસ્ટ એસોસિયેશને લેયન નામના અજાણ પરામાં મિશનરી તરીકે તેને નિમણૂક આપી.

લેયનના પ્રભુમંદિરમાં શરૂઆતમાં તો થોડાં જ માણસો આવતાં હતાં, પણ આ એકઅંખી સુવાર્તિકના આવ્યા પછી ટૂંક મુદતમાં જ પ્રભુમંદિર માણસોથી ઊભરાવા માંડયું. આવી અવિરત ધગશથી તેને એટલો શ્રમ પડવા લાગ્યો કે, તેણે આરામ માટેની મુસાફરી શરૂ કરી, અને રસ્તે સુવાર્તા પ્રગટ કરી. તેના આ પ્રવાસને પરિણામે ઉત્તર વેલ્સમાં તે ખૂબ જાણીતો બની ગયો.

આ જીવનચરિત્રની શરૂઆતમાં વર્ણવેલો પ્રસંગ - ક્રિસ્ટમસને મોટા શ્રોતાગણ સમક્ષ પ્રવચન કરવાનું કહેવામાં આવેલું - તે આ અરસામાં બનેલો. ટૂંક સમયમાં જ ક્રિસ્ટમસ વેલ્સનો એક જાણીતો પુલપીટ વક્તા બનનાર હતો.

ઈ. સ. ૧૭૯૨ની નાતાલે, તેની છવ્વીસમી જન્મજંયતીને ટાણે કેથેરાઈન જોન્સ સાથે તેણે પ્રભુતામાં પગલાં માંડયાં. તેમનું નિવાસસ્થાન પાળકગૃહ તો એક ઓરડાનું જીર્ણ-જર્જરિત ઘર હતું. છ ફૂટથીયે ઊંચો આ સુવાર્તિક તેના દ્વારમાં સીધો ઊભો રહી શકતો ન હતો, તેમ છતાં ખ્રિસ્તી આનંદથી ઊભરાતા આ નાના ઘરમાં આ ભાવિક દંપતીએ વીસ વર્ષ ગાળ્યાં. આ સમયે તેમનું વાર્ષિક વેતન સત્તર પાઉન્ડ (લગભગ રૂ. ૨૨૫) હતું.

ક્રિસ્ટમસ હજીયે જ્ઞાનનો ભૂખ્યો હતો. હિબ્રૂ તથા ગ્રીક ભાષા

જેવા કઠિન વિષયો તેણે એક પછી એક શીખી લીધાં. થોડાં વર્ષોમાં જ તેણે તે બંને ભાષાઓમાં નિપુણતા મેળવી લીધી. તેનું ગરીબ દેખાતું ઘર હૃદયસ્પર્શી સંદેશાઓનું ઊગમસ્થાન બની ગયું. તે ખૂબ નામાંકિત બન્યો.

તેનું શરૂઆતનું જીવનચરિત્ર આલેખનાર આ પ્રમાણે લખે છે : ''ડૉલ્ગેલીથી મેચીનલેથ જતાં કાદેર ઇડ્રીસનું ચઢાણ ચઢતાં ક્રિસ્ટમસ ઈવાન્સે સતત ત્રણ કલાક સુધી પવિત્ર આત્માની વૃષ્ટિ માટે, ઈશ્વર સાથે પ્રાર્થનામાં બાથ ભીડી. તેની આગ્રહભરી પ્રાથર્નામાં ઍંગ્લેસીઆની બધી મંડળીઓ તથા સર્વ ધર્મસેવકોને તેણે સંભાર્યા. પરિણામે આત્મિક જાગૃતિનો જુવાળ ફાટી નીકળ્યો.''

રેવ. પેકસ્ટન હૂડ કહે છે કે, ''બે વર્ષમાં દસ સુવાર્તિક ક્ષેત્રો વધીને વીસ થયાં, અને બદલાણ પામેલાં છસો માણસો આસપાસની મંડળીઓમાં ઉમેરાયાં.'' ક્રિસ્ટમસની ભલામણથી ઘણી નવી સ્થપાયેલી સ્થાનિક મંડળીઓમાં ધર્મસેવકો નિમાયા. તેઓ ક્રિસ્ટમસને તેમનો બિનઅધિકારયુક્ત બિશપ કે મોડરેટર ગણતાં. તેમની સભાઓનું પ્રમુખપદ તે લેતો. સૌ કોઈ તેને ચાહતાં. વેલ્સના એક છેડાથી બીજા છેડા સુધી, તેના વિશ્વાસુ અશ્વ લેમન સાથે ચાળીસ-ચાળીસ વાર તેણે સુવાર્તિક સફર કરી.

તેની ધર્મસેવાના ફળરૂપે વેલ્સમાં બંધાયેલી નવી મંડળીઓ માટે, પ્રાર્થનામંદિરોના આર્થિક નિભાવ માટે સારી રકમના ધર્મદાનની અપેક્ષા તે રાખતો હતો. ''ઍંગ્લેસીઆનો એકઅંખી આદમી'' જ્યાં જ્યાં જતો ત્યાં ત્યાં નવા પ્રાર્થનામંદિરોની સ્થાપના માટે નાણાં મેળવતો. ખ્રિસ્તી બનેલાં વધુ અને વધુ માણસો ક્યારનાંયે ભરચક મંદિરોમાં ઉમેરાતાં, તેથી વધુ અને વધુ ભંજનાલયો બાંધવાની જરૂરિયાત ઊભી થતી રહેતી.

ઈ. સ. ૧૮૨૩માં તેની જીવનસંગિની તેની સાથેના એકત્રીસ વર્ષના લાંબા સાહચર્ય પછી તેનો દશ્ય સંગ છોડી ઈશ્વરપિતાની સન્નિધમાં જઈ વસી. ક્રિસ્ટમસને માટે આ એક કારી ઘા હતો. મુસાફરીમાં કેથેરાઈન તેની સાથીદાર બનતી. તેની સલાહ ક્રિસ્ટમસ માટે ખૂબ ઉત્તેજનદાયક ને પ્રેરણાત્મક નીવડતી.

એંગ્લેસીઆની મંડળીઓ ધીમે ધીમે આપખુદ બનવા લાગી. ક્રિસ્ટમસ તે સ્થળ છોડીને ટ્રોનીવેલીઅનની બેપ્ટિસ્ટ મંડળીના આમંત્રણને માન આપી કેઈરફીલીમાં જઈ વસ્યો. ''મંડળીના સભાસદો તથા ડીકનોના અભિમાનભર્યા અધિકારથી દૂર રહેવા, દુન્યવી મોટાઈ તેમ જ દોલતથી અલિપ્ત રહેવા, તેમ જ તીક્ષ્ણ જીભની કટુવાણીથી મુક્ત રહેવા માટે તેણે આગ્રહભરી પ્રાર્થના કરી.'' આ સ્થળે તેની ધર્મસેવા દરમિયાન શાંતિ તથા આબાદીથી તે ખૂબ આશીર્વાદિત બન્યો. શ્રોતાજનોના મોટા સમુદાયોની પ્રશંસા પામતાં તેણે આત્મિક સંદેશાઓ આપ્યા.

એક ધનિક વિધવા સાથે પુનર્લગ્ન કરવાની તક હોવા છતાં તેણે એંગ્લેસીઆની વૃદ્ધ સેવિકા સાથે પુનર્લગ્ન કર્યું. તેની આ ભલી પત્નીનો સહારો મળતાં, ગુમાવેલો આનંદ તે પુનઃ પ્રાપ્ત કરી શક્યો.

ઈ. સ. ૧૮૩૮ની વસંતઋતુમાં બોંતેર વર્ષની ઉંમરે આ આસ્થાવાન દંપતી સુવાર્તિક સફરે ઊપડયું. આ સમયે ક્રિસ્ટમસને ધર્મસેવામાં જોડાયાને ત્રેપન વર્ષ પૂરાં થયાં હતાં. જુલાઈની ૧૪મી તારીખે તેઓ સ્વાનસીઆ પહોંચ્યાં. આ સફરોનું કારણ કેનરવાનના પ્રાર્થનામંદિરના દેવા પેટે દાન મેળવવાનું હતું. તેના જીવનના કોઈપણ સમય કરતાં ઈવાન્સ આ દિવસોમાં ખૂબ ખૂબ લોકપ્રિય બની ગયો.

જુલાઈની પંદરમી તારીખે બે સંદેશાઓ આપ્યા પછી, તે પોતાના નિવાસસ્થાને જવા લાગ્યો. ઘરના દાદર પર ચઢતાં તેણે કહ્યું, ''તે મારો છેલ્લો સંદેશો હતો.'' આ આગાહી સાચી ઠરી. આ ઘડીથી ધીમે ધીમે તે શારીરિક બળ ગુમાવવા લાગ્યો.

એક શુક્રવારે તેના મિત્રોનું મંડળ તેની મૃત્યુશય્યા આસપાસ ઊભું હતું. ''છેલ્લી સલામ ! આગે બઢો !'' શબ્દો ઉચ્ચારતાં આ વિશ્વાસુ ધર્મસેવકનું જીવનનાવ મૃત્યુનદી ઓળંગી સ્વર્ગીય કિનારે પહોંચી ચૂક્યું. તેના મૃત્યુ સમાચાર વેલ્સમાં વાયુવેગે ફેલાતાં સમસ્ત વેલ્સવાસીઓ શોકગ્રસ્ત બની ગયા. આ એકઆંખી ધર્મસેવકે વેલ્સવાસીઓનાં હૈયાંમાં ગૌરવી સ્થાન જમાવ્યું હતું.

†

# રુબેન રોબિનસન

## [ તોતડો તથા વાઈવાળો સુવાર્તિક ]



કમ્બરલૅન્ડઝ (અમેરિકા)નો તોતડો છોકરો આખાયે દેશમાં ''નવજાગૃતિના સુવાર્તિક બડીકાકા'' તરીકે ભારે ચાહના મેળવવા નિર્માયો હતો. એનો જન્મ પહાડી મુલકમાં લાકડાના ઝૂંપડામાં ઈ. સ. ૧૮૬૦, જાન્યુઆરી ૨૭ના રોજ થયો હતો. 'બડી'ના દાદા ત્યાંના પછાત સમાજના આગેવાન હતા; પરંતુ ''બડી''ના પિતા દારૂબાજ હતા.

આવા દારૂબાજ પતિને આંતરવિગ્રહની ભરતીમાં જોડાવાનું થયું ત્યારે રૂબેનનાં ધાર્મિક વૃત્તિવાળાં માતાનો હૃદયભાર જરા હળવો બન્યો. પોતાના કુટુંબનું પોષણ કરવાની ભારે જવાબદારી રૂબેનની માને માથે હતી; પણ રૂબેન કહે છે તેમ, ''માની પીઠ ડીમચા જેવી અડીખમ હતી.'' ભારે હિંમતવાળી આ બાઈએ ખૂબ પરિશ્રમ ઉઠાવીને કુટુંબને ઉછેર્યું.

રૂબેન ફક્ત ચાર વર્ષનો હતો ત્યારે પોતાની માના ''પ્રભાવશાળી'' ધાર્મિક અનુભવોમાંના એકથી ખૂબ પ્રભાવિત બન્યો હતો. તેણ પાછળથી લખેલું કે, ''તે નતમસ્તકે ઘેર આવી હતી, પણ તેના મુખારવિંદ પર જે પ્રકાશ હતો તે હું કદી વીસરવાનો નથી.'' નાના રૂબેનને એક વાતનું ભાન હતું કે, પોતાની માના જેવો આનંદ પોતાને જોઈતો હતો; તેથી બાગમાં જઈને સફરજનના વૃક્ષ તળે તે ઘૂંટણે પડયો, અને રડીને પ્રાર્થના કરવા લાગ્યો.

તે વર્ષે રૂબેનની માને સ્વપ્ન આવ્યું કે, તેનો આ નાનો દીકરો દુઃખો અને સ્વાર્પણભર્યું જીવન જીવવાનો છે; પણ તેના દુઃખો દ્વારા કુટુંબ ખ્રિસ્તની પાસે લવાશે. વાસ્તવિકમાં આવું જ બનવાનું હતું, કેમ કે રૂબેનને વાઈ (ફેફરા)નું દરદ હતું.

જે થોડાં વર્ષો કુટુંબે સુખમાં ગાળ્યાં હતા તેનો હવે અંત આવ્યો હતો; કારણ, રૂબેનનો દારૂડિયો પિતા આંતરવિગ્રહમાંથી ઘેર પાછો ફર્યો હતો. બાપે કમ્બરલૅન્ડઝ છોડીને મિસિસિપિમાં વસવાટ કરવા નક્કી કર્યું, અને ગાડાની કંટાળાજનક લાંબી સફર પછી કુટુંબ સાથે તે અહીં આવીને ખેતીના કામમાં પરોવાઈ ગયો. પણ પાક નિષ્ફળ જતાં તેણે વ્હીસ્કી બનાવવાનું શરૂ કર્યું. પાછળથી એ બધું છોડીને ડામર બનાવવામાં તેણે મન પરોવ્યું. પણ છેવટે પોતાના અસલ વતન કમ્બરલેન્ડઝમાં તે પાછો ફર્યો.

કમ્બરલેન્ડઝમાં પણ પરિસ્થિતિ તો જરાયે સારી ન હતી. અહીં મંદિર કે શાળા હતાં જ નહિ. ભ્રષ્ટાચાર ભરપૂર હતો. રૂબેનની મા પોતાના દશ બાળકોને ઈશ્વરના ભયમાં ઉછેરી શકે એવા સ્થળે જવા માટે તલસી રહી હતી. આખરે એ તક આવી. રૂબેનના પિતા મૃત્યુ પામતા, આ બહાદુર વિધવા બધી મિલકત વેચીસાટીને પોતાના કુટુંબને ટેકસાસ સ્ટેટમાં લઈ જઈને ત્યાં વસી.

ગાયોનો ગોવાળિયો બનેલો ઢંગધડા વગરનો અને તોતડાતો રૂબેન બીજા ગોવાળિયાનું અનુકરણ કરીને, તમાકુ ચાવતો અને ગાળો બોલતો બની ગયો. પણ એક દિવસ તેના ધૂળિયા વાડામાં કોઈ અજાણ્યો આદમી આવીને રાતવાસો રહ્યો. તે ઘાંટો તાણી તાણીને ગીતો ગાતો અને પ્રાર્થના કરતો હતો. એની અસર રૂબેન પર થઈ. આ ''અપરિચિત માણસ''ની કેટલીક મુલાકાત પછી રૂબેનના હૃદયમાં પાપનો ભારે પસ્તાવો થયો. છેલ્લે જ્યારે અર્પણ-સભા રાખવામાં આવી, ત્યારે રૂબેનનો ઈરાદો તો પાછલી બેઠકે બેસીને તોફાનમસ્તી કરવાનો હતો. પરંતુ ઉપદેશકનાં વચનો એના આત્મામાં એવાં સોંસરાં ઊતરી ગયાં કે, ખ્રિસ્તનો સ્વીકાર કરવાનું આમંત્રણ અપાતાં તે કાંપતો કાંપતો આગળ ગયો.

સુવાર્તા પ્રગટાવવાનું પોતાને તેડું મળ્યું છે એવું તેને તે જ ક્ષણે ભાન થયું. પાડોશીએ તો કહી નાંખ્યું કે, ''સુવાર્તા પ્રગટ કરવા તારા જેવા અણઘડને ઈશ્વર કદીયે બોલાવતો હશે ! શી વાત કરે છે !'' કારણ, રૂબેન તો પ્રાથમિક શાળાની ત્રીજી ચોપડીથી આગળ ભણ્યો જ ન હતો, અને તદ્દન સાદાં વાક્યો પણ તે ભારે મુશ્કેલીએ રચી શકતો. અધૂરામાં પૂરું તે તોતડો હતો, અને સાદા પ્રશ્નો પૂછવાનું પણ તેને માટે અશક્ય જેવું બની જતું.

પણ રૂબેનને ખાતરી થઈ ચૂકી હતી કે, સુવાર્તા ફેલાવવા માટે ઈશ્વરે તેને તેડયો હતો. તેથી ઈ. સ. ૧૮૮૦, ઓગસ્ટ ૧૧ના

રોજ તેનું બદલાણ થયું તે દિવસથી માંડીને તેણે પાકો નિશ્ચય કરી લીધો કે, ઈશ્વર જે રીતે તેને વાપરવા ઇચ્છે તેમ જ વપરાવું. ઉપદેશકે તેને પૂછ્યું, ''તું કઈ મંડળીમાં જોડાવા ઇચ્છે છે ?'' પ્રત્યુત્તરમાં રૂબેને પૂછયું, ''તમારી પાસે કેટલી મંડળીઓ છે ? તમે જે મંડળીના સભ્ય હો, તે મંડળીમાં મને પણ દાખલ કરો.'' આમ તે સધર્ન મેથોડિસ્ટ મંડળીમાં જોડાયો.

લાંબી વિચારણા બાદ મંડળીની બેઠકે આખરે બોધ કરવાનો પરવાનો રૂબેનને આપ્યો. વસ્ત્રો બનાવવા માટે થોડું કાપડ અને એક ટટ્ટુ ખરીદીને રૂબેન 'ઉપદેશ કરવા નીકળી પડયો.' આ તોતડો અભણ તે શો ઉપદેશ કરવાનો ? પણ થોડા જ સમયમાં ઈશ્વરનું સામર્થ્ય પ્રગટવા લાગ્યું. જો કોઈનેયે તેની સેવા જોઈતી નથી, તો તે પોતે એક સભા બોલાવે એવું રૂબેને નક્કી કરી લીધું. આ અનુભવ વિષે તેણે પોતે લખ્યું છે, ''એક સવારે નવો કરાર તથા ભજનનસંગ્રહ ગજવામાં ઘાલીને હું વસાહતે જઈ પહોંચ્યો, અને ઘોડા પર બેસીને ખેતરે ખેતરે આવેલા ઘરોએ જઈને બધાંને આમંત્રણ આપ્યું કે, આજે સાંજે શાળાના મકાનમાં હું ઉપદેશ કરવાનો છું, આવજો.'' આ ઉપદેશ કરવા માગતા, ઢંગધડા વગરના છોકરાને મશ્કરીએ ઉડાવવા ઈંતેજાર પડોશીઓ તે સાંજે શાળાના મકાનમાં ખીચોખીચ ભરાયાં.

શરૂઆતમાં તો ખૂબ ખરાબ પરિણામ આવ્યું. રૂબેને પ્રાર્થના કરવા માંડી, પણ તેના તોતડિયા શબ્દો સાંભળીને લોકો પેટ પકડી પકડીને હસવા લાગ્યા. પછી તેણે શાસ્ત્રવાચન શરૂ કર્યું, પણ વાંચી શક્યો જ નહિ. આખરે તે રડી પડયો. પછી તો પ્રભુએ રૂબેનનું મોં ખોલ્યું, અને તેના એ સેવકે બોધ આપવા માડયો. ઈશ્વરે આખોયે કાર્યક્રમ પોતાના હાથમાં લીધો. રૂબેને પશ્ચાત્તાપને માટે જ્યારે આમંત્રણ આપ્યું, ત્યારે ''કેટલાય બધા લોક આગળ આવીને

ઘૂંટણિયે પડયા.'' તેની મશ્કરી કરવા આવેલા લોકો પશ્ચાતાપી મને પ્રાર્થનામાં જોડાયા.

આમ ઈશ્વર પર વિશ્વાસથી અઢેલવામાં ડર ન રાખતા આ સીધાસાદા પહાડી છોકરાના પરિશ્રમને ઈશ્વરે એવો તો વાપર્યો કે, આ શરૂ થયેલી સેવાની અસરોના કારણે આખાયે દેશને પાછળથી ઘેરી લીધો. રૂબેન અઠવાડિયાના અંત ભાગમાં ઉપદેશ કરવા નીકળતો, અને અઠવાડિયા દરમિયાન ખેતી કરતો. આ જરૂરનું હતું; કારણ, તેની બોધસેવાનાં પ્રથમ ચાર વર્ષ દરમિયાન તેને ફક્ત રૂપિયા છપ્પન (સોળ ડૉલર), એટલે કે પ્રતિવર્ષ માટે માત્ર ચૌદ રૂપિયા મળ્યા. પણ તેની બોધસેવાના ત્રીજા વર્ષ પછી લોકોને ભાન થયું કે, ઈશ્વર આ તોતડા સુવાર્તિક છોકરાને ખરેખર વાપરે છે; એટલે પછી સભાઓ ચલાવવા માટે તેને આમંત્રણો મળવા લાગ્યાં.

ઈ. સ. ૧૮૯૦માં ઈશ્વરે ''મારા હૃદયમાં આત્માનો આતશ પેટાવ્યો,'' એવું રૂબેને પોતાના નવા આત્મિક અનુભવ વિષે લખતાં કહ્યું, ''એક સવારે હું મકાઈના ખેતરમાં ગયો હતો એ મને હજીયે યાદ છે. જાણે મારા પોતામાંનું કંઈ જ રહ્યું ન હોય એવો અનુભવ મને થયો, અને સમજશક્તિની પર એવી શાંતિ મારા અંતરમાં વહેવા લાગી.''

રૂબેનને છેલ્લાં દસ વર્ષથી બોધકનો પરવાનો મળ્યો હતો, પરંતુ આ નવા આત્મિક અનુભવ પછી તો તેની સેવામાં નવતર સફળતા મળવા લાગી. તે લખે છે, ''અગાઉના દશ વર્ષમાં મેં જેટલા આત્માઓ જીત્યા હતા, તેના કરતાં વધુ આત્મા, ઈશ્વરે મને પવિત્રીકરણનો અનુભવ પમાડયા બાદ, હું પ્રભુની ખાતર એક જ વર્ષમાં જીતી શક્યો. તોપણ હું ઈશ્વરનો આભાર માનું છું કે, મારી સેવાની શરૂઆતથી જ હું આત્માઓ જીતી શક્યો છું.''

એક રાત્રે તેને દર્શન થયું. દર્શનમાં તેણે કાદવભરી એક નદી જોઈ. એ નદીમાં હજારો લોકો વિનાશે તણાઈ રહ્યાં હતાં, અને તે પોતે તેમાંથી બચાવી શકાય તેટલાંને મહાપ્રયત્ને બચાવી રહ્યો હતો. વાઈના હુમલા સાથે શારીરિક વેદનાઓથી તેનું શરીર જ્યારે જ્યારે કંતાઈ જતું, ત્યારે ત્યારે પણ આત્માઓ જીતવાની સેવામાં મંડયા રહેવાનું બળ તેને થયેલા આ દર્શનમાંથી મળતું.

કેળવણીની પોતાને ઘણી જરૂર છે એ જોઈને રૂબેન જ્યોર્જ ટાઉન ગયો, અને યુનિવર્સિટીમાં જોડાયો. આઠ માસમાં તેને ''ડિપ્લોમા'' મળ્યા પછી થોડા સમય માટે તેણે ''મુક્તિફોજ'' સાથે કામ કર્યું. પરંતુ ટૂંક મુદતમાં જ તે જ્યોર્જટાઉન પાછો ફર્યો, અને સેલી નામની પોતાની પ્રિયતમા સાથે લગ્ન કર્યાં. આ અરસામાં તે પોતાની પ્રખ્યાત પ્રાર્થના કરતો થયો. ''હે પ્રભુ, મને ડીમચા જેવી પીઠ અને મંદિરના પાયામાં પૂરેલા સલેપાટ (સ્લીપર્સ) પાટડા જેવા પાંસળા આપ. મારા પગોમાં લોખંડી જોડા અને જસતનું પાટલૂન પહેરાવ. મારા આત્માના છાપરાને છેડે ગાડું ભરીને મક્કમ નિર્ધાર બાંધ, અને મને દર્શન હોય ત્યાં સુધી શેતાન સામે ઝૂઝવાના, તથા મારા મોંમાં છેલ્લામાં છેલ્લો દાંત રહે ત્યાં સુધી તેને કરડવાના, તેમ જ પછી હું મરું ત્યાં સુધી તેને ભોંયભેગો ચોંટાડી દેવાના કરારનામા પર હું સહી કરું માટે મને સહાય કર.''

અજોડ વાક્યપ્રયોગો કરવાનું રૂબેનને દાન હતું. એનાં એવાં ઘણાં વાક્યોને તેની પત્નીએ લખાણના રૂપમાં સાચવી રાખ્યાં છે. પાછળથી આવાં વાક્યોએ ''બકીકાકા''નાં છપાયેલા લખાણોને ઉષ્મા તથા નોખું વ્યક્તિત્વ પમાડયા છે.

ઈ. સ. ૧૮૯૫માં તેમને ત્યાં બાળકી જન્મી. તેઓએ તેનું નામ સેલી પાડયું. ઈ. સ. ૧૮૯૮માં રૂબી નામની બીજી બાળકી જન્મી. ઘણાં વર્ષોથી વાઈના દરદની પીડા ધીરજપૂર્વક સહન કરતા

આ પ્રભુભક્તે પોતાના સાજાપણા માટે પ્રાર્થના કરી હતી. આખરે પ્રભુએ તેની પ્રાર્થના સાંભળી. આખરે રૂબેન રોબિનસનને રોગમુક્તિ મળી. જો કે ઈ. સ. ૧૯૦૧માં અતિ કામના બોજથી નબળા બનેલા રૂબેન પર દરદે પાછો હુમલો કર્યો.

ઈ. સ. ૧૮૯૦ સુધીમાં તો રૂબેન કુલે ૧૭,૦૦૦ માઈલની મુસાફરી કરી ચૂક્યો હતો. અને ઈશ્વરે તેને પાંચ હજાર આત્માઓને ખ્રિસ્તને શરણે લાવવામાં વાપર્યો હતો. તેનું નકલ ન કરી શકાય તેવું તોતડાપણું હવે તો ટેકસાસ અને આસપાસના રાજ્યોમાં જાણીતું બની ગયું હતું. શિક્ષણ પામેલા ધર્મસેવકની ઉપયોગિતા સમજીને રૂબેને સો જેટલા ધર્મસેવાના ગરીબ વિદ્યાર્થીઓને આર્થિક સહાય પૂરી પાડી આપી હતી. એ સિવાય તેઓ પોતાની તાલીમ પૂરી કરી શક્યા ન હોત. ત્રણ મજલાનું તેનું નવું મકાન હંમેશા ''મફત વીશી જમનારાઓ''થી ભરેલું રહેતું.

આ અરસામાં તે દેશભરમાં જાણીતો ઉપદેશક બની ગયો. ખરતો તારો જેમ આકાશપટ પર ઓચિંતો ઝબૂકી ઊઠે તેમ જ તેની ખ્યાતિ દેશભરમાં એકદમ પ્રસરી ઊઠી. પરંતુ પડદા પાછળનો તેનો તૈયારીરૂપી શરૂઆતનો સેવાકાળ લાંબો હતો. વિલ હફ નામના એક સુવાર્તિક સાથે મળીને રૂબેને ઈ. સ. ૧૯૦૨થી ૧૯૦૮ સુધી થાક્યા વગર દેશભરમાં સુવાર્તિક ફેરી કરી.

એક્સઠ વરસો સુધી તેણે દેશભરમાં ધર્મજાગૃતિની સભાઓ ચલાવી. તેની ધર્મસેવા દરમિયાન એક લાખ ઉપરાંત આત્માઓને ખ્રિસ્તને શરણે લાવવામાં તે વપરાયો, અને ૩૩,૦૦૦ વખત તેણે ઉપદેશ આપ્યો.

તેની ધર્મસેવાની એટલી બધી માગ વધી પડી હતી કે, ઈ.સ. ૧૯૧૪ પછી તો ત્રણ-ત્રણ વર્ષ અગાઉથી સભાઓમાં વક્તા માટે

તેનું નામ નોંધાતું. તેનાં લખાણો તથા પુસ્તકો દ્વારા પણ તેની ખ્યાતિ વધવા લાગી હતી, અને તેની જીવનફિલસૂફી જાહેર થતી હતી, ''હેરલ્ડ ઓફ હોલિનેસ'' નામના સામયિકમાં તેના ''ગુડ સમારીટન ચેટ્સ'' (ભલા સમરૂનીની વાતો) નામના વિભાગમાં તેણે લખેલાં લખાણોનાં દશ લાખ જેટલા શબ્દો તો અમર વારસા બરાબર છે. બીજાં ઘણા સામયિકોમાં તેનાં લખાણ નિયમિત આવતાં અને ખૂબ ઊલટથી વંચાતા. તેણે લખેલાં ''એ પીચર ઓફ ક્રીમ'' (મલાઈનું પાત્ર), ''ધી સ્ટોરી ઓફ લાઝરસ'' (લાઝરસની વાર્તા'', ''સનશાઈન એન્ડ સ્માઈલ્સ'' (સૂર્યપ્રકાશ અને સ્મિતડાં), અને બીજાં પુસ્તકોની પાંચ લાખ જેટલી નકલોનો ઉપાડ થયો હતો.

રૂબેન રોબિનસન કાંઈ સત્યનો ઢચુપચુ તરફદાર ન હતો; ઊલટું, જ્યાં કંઈ દોષ અને ભૂંડાઈ નજરે પડે, ત્યાં તેનો તે બળિયો દુશ્મન હતો. ખ્રિસ્તના ઉદ્ધારક સામર્થ્યનો પોતે જાતઅનુભવ પામ્યો હતો, અને પરિણામે રૂબેન વાણી તથા કલમ દ્વારા ખ્રિસ્તનો નીડર તથા ખાતરીદાર સાક્ષી બન્યો.

રૂબેન ઈ. સ. ૧૯૧૨માં ટેક્સાસ રાજ્ય છોડીને કેલિફોર્નિયાના પાસાદીનામાં આવી વસ્યો, અને ત્યાર પછી રોબિનસન કુટુંબનું એ કાયમી વતન બન્યું. પરંતુ રૂબેન તો આખો વખત સુવાર્તિક કાર્ય માટે બહારગામ જ રહેતો. તેનાં પાછલાં વર્ષોમાં વર્ષના તે સરેરાશ ૭,૦૦૦ માઈલની મુસાફરી કરતો.

ઈ. સ. ૧૯૧૯ના મે માસના આખરી દિવસે સાન ફ્રાન્સિસ્કોમાં સભા ચલાવીને પોતાના ઉતારે તે પાછો ફરતો હતો, ત્યારે રસ્તામાં મોટરકાર તેની સાથે ટકરાઈ. આ અકસ્માતે તેને હવામાં અધ્ધર દશ ફૂટ ઉછાળ્યો, અને પછી ૩૦ ફૂટ આઘે ફંગોળી નાખ્યો. તેને ગંભીર ઈજા પહોંચી હતી.


આ ભંયકર અકસ્માતમાંથી તેના ચમત્કારિક સાજાપણા પછી તેણે ''માય હોસ્પિટલ એક્સપીરિયન્સીઝ'' (હોસ્પિટલમાંના મારા અનુભવ) નામનું લખેલું પુસ્તક ઘણાંને માટે બહુ આશીર્વાદરૂપ નીવડયું. આર્થિક ભેટો અને વિશ્વાસ તથા શુભેચ્છાના પત્રો તેની ઉપર પુષ્કળ આવવા લાગ્યા. આ સમયે તેને બીજું દર્શન થયું. દર્શનમાં તેણે પોતાને પવિત્ર નગરમાં ખ્રિસ્તની સાથે વાત કરતો જોયો, અને તારનારે તેને પૃથ્વી પર પાછા જવાનું તથા પ્રભુ તેમને ચાહે છે એવું માર્ગ ભૂલ્યાં પાપીઓને જણાવવાનું તેને ફરમાવ્યું.

રૂબેને તાજા કરાયેલા બળથી પોતાનું સેવાકાર્ય શરૂ કર્યું. પવિત્ર ભૂમિ પાલેસ્તાઈનની મુલાકાત લઈ આવ્યા પછી કેટલાંયે વર્ષો સુધી તેણે પોતાની અજોડ ધર્મસેવા ચાલુ રાખી. ઈ. સ. ૧૯૪૦માં તેની વિશ્વાસુ ધર્મપત્ની સેલી તેની અગાઉ સ્વર્ગે સિધાવી. પછી ઈ. સ. ૧૯૪૨ના સપ્ટેમ્બરની ૮મીએ, ''નર્વસ બ્રેકડાઉન'' (જ્ઞાનતંતુના અતિશય થકાવટની એક બીમારી)ની અસરોથી પીડાતા આજારી રૂબેનને બીમારીનો ઘાતક ફટકો પડયો. જો કે નવેમ્બરની ૨જી સુધી પોતે આ અવસ્થામાં જ રહ્યો. પણ તે જાણતો હતો કે, પૃથ્વી પરની તેની સેવા હવે પૂરી થઈ હતી. તે હવે અનંતકાળિક વિશ્રામના શહેરમાં પ્રવેશવા તલખી રહ્યો હતો. અને આખરે આનંદપૂર્વક પ્રભુના ઘેર તે પહોંચી ગયો.

†

# એન એડમ્સ

## [ લકવાના વ્યાધિથી પીડિત બનેલાં બાનુ ]



દાંત વડે ચિત્ર દોરતાં એન એડમ્સ

**એ**ન એડમ્સ છેલ્લાં ૨૪ વર્ષથી લકવાના વ્યાધિને લીધે પથારીવશ છે. ગળાથી માંડીને તેમનું આખું યે અંગ લકવાથી રહી ગયું છે. રાત્રે તે કોશેટા જેવા આકારની લોખંડની જાળીમાં સૂઈ જાય છે, અને દિવસનો મોટો ભાગ ઝૂલતા ખાટલામાં ઝૂલ્યા કરે છે. માત્ર ચાર કલાક તેમને વ્હીલ-ચેરમાં બેસવાની રજા મળે છે. આ વખતે શ્વસનક્રિયામાં સરળતા થાય માટે તે પેટ પર સખત પટ્ટો બાંધે છે. એ ચાર કલાકનો શ્રેષ્ઠ ઉપયોગ કરીને એન આજીવિકા મેળવે છે, અને ૧૯ વર્ષના તેમના યુવાન પુત્રને માટે તેમનું જીવન

પ્રેરણાત્મક બની રહે છે. અમેરિકાના ફ્લોરિડા રાજ્યના જેક્સનવીલ શહેરમાં તેઓ રહે છે.



એન એડમ્સે દાંત વડે દોરેલી ચિત્રકૃતિ

લકવાના વ્યાધિથી પીડિત બનેલાં એન તેમની ચિત્રકલા દ્વારા અજાયબ પ્રગતિ સાધી શક્યાં છે. દાંત વચ્ચે પેન્સિલ અને પીંછી રાખીને તે અજાયબ જેવાં ચિત્રો દોરે છે. તેમનાં ચિત્રો દાદ માગી લે તેવાં સુંદર અને આકર્ષક છે. તે પોતાની ચિત્રકૃતિઓને 'ચમત્કાર' લેખે છે.

તમે માનશો, એન એટલી કાળજીથી દાંત વડે એક જ વાર રેખાઓ દોરે છે કે ફરી ફરી તેમને સુધારવાની જરૂર પડતી નથી. માતા મરિયમનું રેખાચિત્ર કે કુદરતી સૌંદર્યનું આલેખન કરતી રેખાઓ ખૂબ જ સુરેખ અને સ્પષ્ટ હોય છે. જીવનની ભારે મુશ્કેલીઓ અને ઝંઝાવાતોમાંથી આટલી મહાન સિદ્ધિ પ્રાપ્ત કરવા પાછળ એનનું પ્રાર્થનાપરાયણ જીવન અન દઢ મનોબળ સમાયેલાં છે.

લકવાના વ્યાધિમાં સપડાયાં ત્યારે શરૂઆતે તેમનું જીવન પાંજરામાં પુરાયેલા પ્રાણી જેવું અસહાય હતું. નિરાશાની કલણમાં જાણે તે ખૂપી ગયાં હતાં. તે પોતે લખે છે : ''ઊંડી નિરાશામાં ગરકાવ થઈ જવાથી મને ચીસો પાડવાનું મન થતું, પણ લકવાના વ્યાધિમાં સપડાયેલી મારા જેવી બીજી અઢાર બહેનો પણ ત્યાં હતી તેમને જોઈ મારું દુઃખ વીસરતી.'' કાંઈક કામ કરીને આજીવિકા મેળવવા તે આગ્રહથી પ્રાર્થના કરતાં હતાં.

એવામાં લકવાનો ભોગ થઈ પડેલી એક મહિલા પોતાના દાંત વડે ચિત્રકલામાં પારંગત બનેલી એ વિષેની વાત વાંચતાં તેમના અંધકારભર્યા જીવનમાં આશાનું કિરણ ચમક્યું. કોલેજ-અભ્યાસ દરમિયાન ચિત્રકલા એનનો પ્રિય વિષય હતો.

આ પછી તેમણે પેન્સિલ અને પીંછી પકડી શકાય તેવું ચોકઠું બનાવવા ડેન્ટિસ્ટને સૂચવ્યું. કાગળ, રંગ, વગેરે માટે લાકડાની

અનુકૂળ તાસક બનાવવા સુથારને રોકયો, અને સાધનસામગ્રી તૈયાર થતાં ખૂબ જ પરિશ્રમપૂર્વક ચિત્રકામની શરૂઆત કરી. તેમને આ કાર્ય પાછળ ખૂબ જ શ્રમ ઉઠાવવો પડતો. શરૂઆતે ચિત્ર દોરવા આડી અને ઊભી રેખાઓ ખૂબ જ પ્રયત્નપૂર્વક દોરવી પડતી અને અને ખૂબ જ ધીરજ રાખવી પડતી. દસ અઠવાડિયાંના મહાપ્રયત્ન પછી આડી-ઊભી સારી રેખાઓ દોરાઈ. તે પછી આકૃતિઓ રચવા માંડી. તેમના મિત્રોએ નાતાલનાં કાર્ડ ચીતરવા અને તેનું વેચાણ કરી આપવા ઉત્તેજન આપ્યું. તેમણે દોરેલાં બધાં ચિત્રોની ૫૦૦, ૫૦૦ નકલોના કાર્ડઝ છાપવામાં આવ્યાં અને થોડા જ સમયમાં વેચાઈ ગયાં. તે પછી તો ઘણા ચિત્રો દોર્યાં. લકવામાં સપડાયેલા તેમના શરીર વડે પણ આજીવિકા મેળવી સ્વાવલંબી બની શકે અને ઈશ્વરનો મહિમા પ્રદર્શિત કરે, તેને માટે તેમની આગ્રહી પ્રાર્થનાનું કેવું વિજયવંત પરિણામ આવ્યું !

†

# લુઈસ વૉટ્સ

## [ હાથો વગર જન્મેલો સ્વયંપોષિત યુવાન ]



મિસિસ એલિનોર વૉટ્સે પોતાના નવા જન્મેલા બાળક લુઈસ વૉટ્સને જ્યારે પ્રથમ જ વખત પોતાના હાથમાં લીધો ત્યારે અચાનક જ તેને દુઃખભર્યું ભાન થયું કે, પોતાના આ બાળકને હાથ જ નહોતા ! કુદરતની કોઈ વણઊકલી અને વિચિત્ર લીલાને કારણે માતાના પેટમાં જ આ બાળકનાં બંને ખભાના માંસતંતુઓની વૃદ્ધિ આપોઆપ અટકી પડી હતી.

પોતાનો બાળક જીવનભર હાથ વગરનો અપંગ, અને બીજાંનો ઓશિયાળો-દુઃખિયારો રહેવાનો, એ વિચારે માના હૃદયને કેટલું બધું દુઃખ આપ્યું હશે ! પણ તેત્રીસ વર્ષ અગાઉ આ મા મરી ગઈ તે પહેલાં તેને ખાતરી થઈ ચૂકી હતી કે, જો કે લુઈસનું જીવન બીજાં કરતાં જુદું થશે, પણ તે પોતાનું જીવન સુખથી સ્વયંમહેનતથી ગાળશે.

સત્તર વર્ષની ઉંમરે તો આ લુઈસ તેના વતન લેકિસંગ્ટન શહેર (વર્જિનિયા, અમેરિકા) માં બહુ પ્રખ્યાતિ પામેલો, આકાંક્ષી, અને જનતાને હૈયે અને હોઠે ચઢેલો જુવાન બની ગયો છે. જો કે તેને બંને હાથ નથી, છતાંયે બેઝ બોલ (ક્રિકેટ જેવી અમેરિકામાં રમાતી અતિ પ્રચલિત અને લોકપ્રિય રમત)નો તો તે એક ચુનંદો ખેલાડી છે, અને જ્યારે તે બોલિંગ કરવાનો હોય છે, ત્યારે તો તે રમત જોવા બેઝ બોલના રસિયાં લોકોનાં ટોળેટોળાં કીડિયારા માફક જોવા ઊમટે છે. બીજા બોલિંગ કરનારા ખેલાડીઓ બોલને હાથથી ફેંકતા હોય છે, પણ લુઈસ પોતાના જમણા પગથી અજબ સિફત અને ઝડપથી બોલને ઉછાળીને એવો તો અદલ ફેંકે છે કે ભલભલાના ''દાંડિયા ડૂલ'' થઈ જાય. બેઝ બોલ રમતી વખતે તેના માટે એક છૂટ મૂકવામાં આવે છે. તે હાથથી બેટ પકડી શકે નહિ, માટે પગથી બોલને મારે છે.

લુઈસ ફક્ત બેઝ બોલનો જ ખેલાડી નથી. ઘોડા-નાળ-ફેંકની રમતનો તો એ એક્કો છે. પગના અંગૂઠા તથા પાસેની આંગળીથી ઘોડા-નાળ કુનેહથી પકડી આબાદ ફેંકી શકે છે. તેનું નિશાન અદલ હોય છે. હાથની ખોટ એને જરાયે સાલતી નથી. જે નથી એની વિમાસણ શી ? જે નથી એની નિરાશા પણ શી ? જે છે એનો જ સારામાં સારો ઉપયોગ કરી લેવો એ લુઈસની નીતિ છે.

બહારગામથી આવેલી ટીમની સાથે રમવા તેને ખાસ મૂકવામાં આવે છે. એ તેમને જબરી હાર પમાડે છે.

લુઈસ જો રમતના ક્ષેત્રમાં ઊતર્યો હોત, તોપણ તે પ્રખ્યાતિ પામત જ. તે બહુ વિચક્ષણ વિદ્યાર્થી અને પ્રતિભાશાળી વ્યક્તિ છે. શિક્ષણમાં આગલી હરોળનો વિદ્યાર્થી, લીધેલા કામને સફળ પાર પાડવાની તમન્નાવાળો છે. શાળામાં તે આગેવાન છે.

અચ્છા ગાયક તરીકે પણ તે જાણીતો છે. હાઈસ્કૂલની તેમ જ મંડળીના ક્વાયર (ગાયકગણ)માં તે નિયમિત ગાય છે, અને વર્જિનિયા સ્ટેટનાં ઘણાંયે શહેરો સંગીતના જલસામાં તેણે જઈને ભાગ લીધો છે. સ્થાનિક રેડિયોઘરમાંથી તેણે સાત મહિના સુધી દર અઠવાડિયે પાંચ દિવસ લેખે તેણે એકલાએ કાર્યક્રમ રજૂ કર્યા હતા - કરુણરસ ગીતો, નિગ્રો સ્પિરિચ્યુઅલ્સ (નિગ્રોના પ્રખ્યાત આધ્યાત્મિક ગીતો) અને લોકગીતો ખાસ આપ્યાં હતાં.


ખુશમિજાજી, આશાવાદી, મરદાનગીથી તરવરતા લુઈસે સર્વના માન-પ્રેમ મેળવી લીધાં છે. લેકિસંગ્ટનના શહેરીઓ તેની તરફ દયાની લાગણીથી જોતાં નથી. એની તેને જરૂર પણ નથી. તે કહે છે : ''મારે જે કંઈ કરવું હોય છે, તેમાંનું મોટા ભાગનું હું કરી શકું છું. હાથ હોવા છતાં એટલે શું એ હું જાણતો નથી; એટલે તેની મને ખોટ હોય તેવું મને કદી લાગ્યું જ નથી.''

હાથની ખોટ પૂરી કરવા તેણે પોતાના પગને બરાબર કેળવ્યા છે. પગો વડે તે અનેકવિધ કામો સુંદર રીતે કરી શકે છે. આમાંના મોટા ભાગનાં કામ દૈનિક જીવનચર્યાના હોય છે. સામાન્ય છોકરાઓ કરતાં તેની પ્રવૃત્તિઓ અને શક્તિપુંજ વધુ છે. પોતાની પરિસ્થિતિ વત્તી અને વત્તી સારી કરવા તે સતત પ્રયત્નશીલ રહે

છે. આનંદથી ભર્યું ભર્યું ઉચ્ચ કોટિનું અને ઝળકતું જીવન ગાળવાની તે ઉમેદ રાખે છે.

લુઈસનાં માબાપ મરી ગયાં હોઈ, તે તેનાં મામા-મામીને ત્યાં ઊછર્યો છે. છતાં પોતે પોતાનું પોષણ કરી પોતાના પગ પર ઊભો રહી શકે, માટે થઈ શકે તે બધું જ તે કરે છે. છાપાંઓ ઘેર ઘેર આપીને, તેમાંથી પોષણ મેળવે છે. હાથો વગરના તેના ખભાએ છાપાં ભરેલા કેનવાસની થેલી ભરાવવામાં આવે છે, અને પછી વરસાદ વરસો કે બરફ પડો, એ પોતાની હંમેશની ફેરી ઉપર ઉપડી જાય છે. તેના ગ્રાહકો તેના ગજવામાં પૈસા નાંખે છે, અને ઝોળીમાંથી પોતાનું છાપું લઈ લે છે.

પોસ્ટરો, વાક્યો, જાહેરખબરો, પાટિયાં, વગેરે લખીને પણ તે ઠીક ઠીક કમાણી કરી લે છે. પગનાં અંગૂઠા અને આંગળાં વડે જ આ બધું લખાણ કે ચિત્રકામ તે સફાઈબંધ કરે છે. હાથથી લખનારને પણ ટક્કર મારે એવું લખવા તેણે પોતાના પગને કેળવ્યા છે. ડોઈંગપેન, ફૂટપટ્ટી કોઈ અચ્છા આર્ટિસ્ટની અદાથી પોતાના પગના અંગૂઠા તથા પગનાં આંગળા વડે પકડીને તે કામ કરે છે. જાતે હોશિયાર વિદ્યાર્થી હોઈ, તે પોતાનું બધું જ ઘરકામ નિયમિત કરે છે, ને બધું જ લખાણકામ



પગ વડે સુંદર લખાણ કરતો વૉટ્સ

પેન અથવા પેન્સિલથી સ્વચ્છ અને સુંદર રીતે પગથી જ કરી શાળામાં લઈ જાય છે.

તેના પાટલૂનનો પટો પહેરાવવાનું તથા તેની ટાઈ બાંધવાનું અને એવાં થોડાંક કામ તેના મામા કરી આપે છે. પણ મોજાં પહેરવાં, જોડા પહેરવાં અને તેની રસી બાંધવી, દાંતે બ્રશ કરવું, વગેરે અનેક કામો તે પોતે જ કરી લે છે. તેના ખોરાકમાં માંસના ટુકડા કે એવું કંઈ તેનાં મામી- મિસિસ વર્જીન્યા રીચર્ડસન - કરી આપે છે. ખોરાક તે મોં વડે સીધો પ્લેટમાંથી લે છે. ગ્લાસમાંથી પાણી તે કાચની નળી દ્વારા પીએ છે.


પગ વડે દાંત-સફાઈ કરતો વૉટ્સ

રેવ. જયાનંદ આઈ. ચૌહાન તેને મળ્યા, ત્યારે તે ડાઉનિંગ હાઈસ્કૂલમાં અભ્યાસ કરતો હતો, અને હાઈસ્કૂલ પૂરી કર્યા પછી કોલેજમાં જવાની તેની ઉમેદ હતી. તે પોતે તો ફીસ્ક યુનિવર્સિટીમાં જવા ઇચ્છતો હતો, પણ તેના મામા - મિ. લેરોઈ રીચર્ડસન - તેને ટસ્કીજી ઇન્સ્ટિટ્યૂટમાં મોકલવા ઇચ્છતા હતા.

તે ધાર્મિક યુવાન છે. પ્રભુ પર પ્રેમ રાખે છે. પોતાના વતન લેક્સિંગ્ટનમાં આવેલી રેન્ડોલ્ફ સ્ટ્રીટ

મેથોડિસ્ટ મંડળીનો તે સભાસદ છે. ત્યાંની સન્ડે સ્કૂલમાં તે આસિસ્ટંટ શિક્ષક છે. મંડળીનાં ક્વાયર (ગાયકગણ)માં તે નિયમિત ભાગ લે છે. ઈશ્વરપિતા ઉપર તેને ઊંડી શ્રદ્ધા છે. તે ભક્તિશીલ યુવાન હોઈ, રાતની પ્રાર્થના કર્યા વગર તે કદી સૂતો નથી.

†

Printed by : JENSON COMPUTERS, AHD, ☎ 2162441